વડતાલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું
શ્રી લક્ષ્મીનારાયણદેવની સંસ્થાનું સમસ્ત સત્સંગ સમાજનું માસિક

# શ્રી વડતાલધામ સત્સંગ

વર્ષ : ૮, અંક : ૨, ફેબ્રુઆરી - ૨૦૧૭





વડતાલધામ રંગોત્સવ દ્વિશતાબ્દિ વિશેષાંક





ઈન્દોર (મધ્યપ્રદેશ) મુકામે પ.પૂ.સ.ગુ.શ્રી નીલકંઠચરણદાસજી સ્વામીની પ્રેરણાથી પંચ દિનાત્મક કથા - દિવ્ય શાકોત્સવ સમૂહ મહાપૂજા પ્રસંગે ઉપસ્થિત ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, પૂ.પ્રેમપ્રકાશ સ્વામી, તથા સત્સંગ સમાજ તા.૨૮ ડીસે.થી ૧/૧/૨૦૧૭





સુરત કતારગામ મુકામે પ.પૂ.સ.ગુ.કો.શ્રી નારાયણપ્રસાદદાસજી સ્વામી દ્વારા આયોજીત તૃતીય પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, વક્તાશ્રી પ.પૂ.શા.શ્રી રઘુનંદન સ્વામી, પૂ.નૌતમ સ્વામી, વગેરે સંતો તથા સત્સંગ સમાજ તા.૨ થી ૮/૧/૨૦૧૭





મુંબઈ ઘાટકોપર મુકામે કોઠારીશ્રી અક્ષરપ્રસાદદાસજી સ્વામી દ્વારા આયોજીત સુવર્ણ જયંતિ મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, વક્તાશ્રી પૂ.સત્યપ્રકાશ સ્વામી, પૂ.જગતપ્રકાશ સ્વામી તથા સત્સંગ સમાજ તા.૬ થી ૮/૧/૨૦૧૭





સુરત રૂસ્તમબાગ મુકામે પ.પૂ.શા.શ્રી વિશ્વવલ્લભદાસજી સ્વામી દ્વારા આયોજીત સ્વામિનારાયણ ચરિત્ર કથા પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, તથા સત્સંગ સમાજ તા. ૮ થી ૧૪/૧/૨૦૧૭





વડતાલધામ મુકામે પ.પૂ.શ્રી વિષ્ણુપ્રસાદદાસજી સ્વામી દ્વારા આયોજીત ત્રિદિનાત્મક મહાવિષ્ણુયાગ પૂર્ણાહૂતિ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, મુખ્ય કોઠારીશ્રી, પૂ.નૌતમ સ્વામી, પૂ.બાપુ સ્વામી, પૂ.ઘનશ્યામ સ્વામી-સાળંગપુરવાળા, આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.મુની સ્વામી, પૂ.શ્રીવલ્લભ સ્વામી તા. ૭ થી ૯/૧/૧૨૦૧૭





**રાજકોટ મુકામે એસ.જી.વી.પી. ગુરૂકુલ પરિવાર દ્વારા આયોજીત પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી જન્મશતાબ્દી મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, પૂ.માધવપ્રિય સ્વામી, પૂ.બાલકૃષ્ણ સ્વામી, પૂ.ભક્તિપ્રકાશ સ્વામી, આ.કો.શ્રી સંત સ્વામી, તથા સત્સંગ સમાજ તા.૧૧ થી ૧૫/૧/૨૦૧૭**





**વડતાલધામ મુકામે પ.પૂ.શા.શ્રી ભક્તિપ્રકાશદાસજી દ્વારા આયોજીત સાવદા (મહારાષ્ટ્ર)થી પદયાત્રા કરી પધારેલા ૩૫૦ હરિભક્તોની સ્વાગત સભામાં ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, ચેરમેનશ્રી પૂ.દેવસ્વામી, આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.નૌતમ સ્વામી, પૂ.ધર્મસ્વરૂપ સ્વામી, પૂ.જ્ઞાનપ્રકાશ સ્વામી વગેરે સંતો. તા.૧૨/૧/૨૦૧૭**




**વડતાલ મંદિર દ્વારા પ્રકાશિત ગોલ્ડન વર્કવાળુ કેલેન્ડર ઓલ ઈન્ડિયામાં પ્રથમ સંસ્થાવતી એવોર્ડ સ્વીકારતા પ્રિન્ટર અરવિંદભાઈ ડુંગરાણી.**



**ઉતરસંડા મુકામે શ્રી ભાવેશભાઈ પટેલ યુ.એસ.એ.ના સુપુત્ર જયના શુભલગ્ન પ્રસંગે પધરામણી - સભામાં ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.શ્યામ સ્વામી, તથા સમગ્ર પરિવાર તા.૧૮/૧/૨૦૧૭**



**તલગાજરા(મહુવા) મુકામે પ.પૂ.મોરારીબાપુની મુલાકાતે પધારેલ ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, શા.હરિપ્રકાશ સ્વામી, વગેરે પૂ.સંતો તા.૧૯/૧/૨૦૧૭**









**સીકંદરાબાદ - હૈદ્રાબાદ મુકામે સત્સંગ સભા - પધરામણી પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.નૌતમ સ્વામી, પૂ.જયેન્દ્ર સ્વામી, પૂ.હરિપ્રસાદ સ્વામી - ગઢપુર, હૈદ્રાબાદ ગુરૂકુલનાં સંતો એવં સત્સંગ સમાજ તા.૨૨/૧/૨૦૧૭**



નાર ગુરૂકુલ મુકામે પ.પૂ.શ્રી શુકદેવ સ્વામીની પ્રેરણાથી હોસ્પિટલ વાનનું લોકાર્પણ કરતા પૂ.સંતો તથા મહાનુભાવો તથા ૧૨ મો સમૂહ લગ્નોત્સવ તા.૨૨/૧/૨૦૧૭



રાજકોટ મુકામે પ.પૂ.આચાર્ય મહારાજશ્રી ગાદી પદારૂઢના ૧૫ મા વર્ષનાં પ્રવેશ નિમિત્તે ભાવ વંદના મોહત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, મુખ્ય કોઠારીશ્રી, તથા વડતાલ,જુનાગઢ,ગઢડા,ધોલેરાના પૂ.સંતો એવં દેશ-વિદેશના હજારો ભક્તો તા.૨૬/૧/૨૦૧૭



સીસોદરા (ભરૂચ) મુકામે પ.પૂ.સ.ગુ.શ્રી નીલકંઠચરણદાસજી સ્વામીની પ્રેરણાથી રજત જયંતિ મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી તથા સત્સંગ સમાજ તા. ૨૯/૧ થી ૧/૨/૨૦૧૭



Web Site :
www.vadtalmandir.org

E-mail Addresh :
vadtaldhamvikas@gmail.com

## Subscription

| | |
|---|---|
| (india) | |
| 5 Year | 250/- |
| 20 Year | 500/- |
| For Other Countries | |
| (airmail) | 6750/- |

Year - 8
Volume - 2
February - 2017

# Shree Vadtaldham Satsang

## અનુક્રમણિકા


૦૧. વડતાલધામમાં પુષ્પદોલોત્સવ - રંગોત્સવ ૦૬

૦૨. સત્સંગ સમાચાર ૨૮

૦૩. શ્રી હરિકૃષ્ણ મહારાજ આદિ દેવોને થાળ તથા સંતોને રસોઈની યાદી - જાન્યુઆરી ૨૦૧૬ ૩૩

૦૪. વડતાલ સંસ્થાન દ્વારા ચાલતુ ફરતુ દવાખાનું ૩૪

૦૫. શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ શ્રી ઠાકોરજીને થતાં થાળની યાદી ૩૪

૦૬. સત્સંગ વિચરણ ૩૫

૦૭. વડતાલ પિઠાધીપતિ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ ઉજવાતા સંપ્રદાયના આગામી કાર્યક્રમો ૩૬


## રંગોત્સવ કીર્તન

રંગ કી ધૂમ મચાઈ, રંગભીને સાંવરે.
રંગ કે માટ ભરે રંગભીને, નૌતમ રંગ બનાઈ રે....રંગ૦ ૧
મૃગમદ કુંકુમ કેસર ઘોળી, જાવક રંગ સોહાઈ રે....રંગ૦ ૨
ઉડત હે અબીર ગુલાલ ચહુદિશી, પિચકારી નજર લાઈ રે....રંગ૦ ૩
પ્રેમાનંદ મુદિત છબી નિરખત, સુર-વિમાન નભ છાઈ રે....રંગ૦ ૪


**OWNER :** Vadtal temple Managing Trustee Board, Vadtal, **PUBLISHER / PRINTER & EDITOR :** Chief Executive Kotharishree Shashtri shree Ghanshyamprakashdasji Swami Guru Kothari Shree Nandkishordasji Swami, **PUBLISHED & PRINTING** : Shree Laxminarayandev Offset Press, **AT & POST :** Vadtal, Tal, Nadiad, Dist. Kheda, Gujarat. Pin : 387375, Phone : (0268) 2589728, 776



# વડતાલધામમાં પુષ્પદોલોત્સવ (રંગોત્સવ)

લેખક-સંપાદક : પ્રો. હરેન્દ્ર ભટ્ટ - વિદ્યાનગર, સાધુ શ્યામવલ્લભદાસ-વડતાલ

૧. ધર્મગ્રંથોમાં ઉલ્લેખ

## ૧.૧. સત્સંગિજીવન

'સત્સંગિજીવન' ના પ્ર.૩, અ.૪૭ થી અ. ૬૪ માં વડતાલમાં ઉજવાયેલા પુષ્પદોલોત્સવનું વર્ણન કરવામાં આવેલ છે.

આ પુષ્પદોલોત્સવ કયા વર્ષમાં ઉજવાયો તેનો ઉલ્લેખ અ. ૪૭ ના ૧૨ માં શ્લોકમાં થયો છે: '..... ભગવાન શ્રીહરિ વિકૃત નામના સંવત્સરમાં ફાગણ શુક્લ છઠને દિવસ વડતાલ નગર પ્રત્યે જવા રવાના થયા. '(રાજકોટ ગુરુકુળ પ્રકાશન, ૨૦૧૫)

પ્ર.૩ ના અ.૪૯ માં આ વર્ષે શ્રીહરિનાં પરિવારજનો વડતાલ પધારે છે તે વાત નોંધાઈ છે, આથી આ પુષ્પદોલોત્સવ વિ.સં. ૧૮૭૫ નો ગણી શકાય.

રંગોત્સવ બાદ શ્રીહરિ 'ધના સરોવર' પધાર્યા. (અ.૫૮, શ્લો. ૩૯)

## ૧.૨. 'વડતાલ દર્શન'

શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલ સંસ્થા પ્રકાશિત, શ્રી રમેશચન્દ્ર લા. પંડ્યા લિખિત 'વડતાલ દર્શન' (બીજી આવૃત્તિ ઈ.સ. ૧૯૯૯) ના ૧૯ માં પ્રકરણમાં વડતાલમાં ઉજવાયેલ પુષ્પદોલોત્સવનું વર્ણન કરાયેલ છે.

અહીં બે ઘટનાઓનો ઉલ્લેખ છે: ૧) આ પુષ્પદોલોત્સવ વખતે ધર્મકુળ પરિવારના સભ્યો વડતાલ પધાર્યા. ૨) સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ ૧૨ બારણાંનો હિંડોળો બનાવ્યો ને તેમાં શ્રીહરિએ દિવ્ય દર્શન દીધાં. આ વર્ષ વિ.સં. ૧૮૭૫ નું હતું તેમ શ્રી રમેશચન્દ્ર લા. પંડ્યા નોંધે છે.

શ્રી રમેશચન્દ્ર લા.પંડ્યાએ 'સત્સંગિજીવન' પ્ર-૩ માં વર્ણવાયેલા પુષ્પદોલોત્સવનો આધાર લઈ, વિશ્લેષણ, વિવેચન અને પૂરક સામગ્રી ઉમેરી આ પુષ્પદોલોત્સવનું વર્ણન કર્યું છે.

## ૧.૩. શ્રી હરિચરિત્રામૃત સાગર

સદ્. આધારાનંદ મુનિ રચિત 'શ્રીહરિચરિત્રામૃત સાગર' માં વડતાલમાં ચાર વખત પુષ્પદોલોત્સવ ઉજવાયાના ઉલ્લેખ મળે છે.

ભા-૬ ના પૂર-૧૬, તરંગ ૪૯ થી તરંગ ૬૭ માં વડતાલમાં ઉજવાયેલ પુષ્પદોલોત્સવનું વર્ણન કરાયું છે.

વડતાલના હરિભક્તોએ, શ્રીહરિની આજ્ઞા મેળવી, સદ્. નિષ્કુળાનંદ સ્વામી પાસે ૧૨ બારણાંનો હિંડોળો આ ઉત્સવ માટે બનાવડાવેલ તેની વિગત વર્ણવાઈ છે.

રંગોત્સવ પછી, શ્રીહરિ 'ત્યાં નજીકમાં મૂળજી પટેલનો જે કૂવો હતો ત્યાં' સ્નાન કરવા ગયા. (પૂ.૧૬, ત.૬૬, શ્લો-૩૭)

'શ્રીહરિચરિત્રામૃત સાગર' ના ભા-૭, પૂ-૧૭, ત-૨૭ થી ત-૪૨ માં વડતાલમાં ઉજવાયેલ એક પુષ્પદોલોત્સવનું વર્ણન કરાયું છે. (પૃ. ૪૬૦૩ થી પૃ. ૪૬૫૪)

પૂ.૧૭, ત-૨૨ અને ૨૩ માં લખ્યા મુજબ, શ્રીહરિએ સંતો સાથે ચર્ચા – વિચારણા કરી વડતાલમાં પુષ્પદોલોત્સવ ઉજવવાનું નક્કી કર્યું અને તે સંદર્ભે વડતાલ રહેતા ભાઈ રામદાસજી પર પત્ર લખ્યો. વડતાલના ભક્તો રાજી છે તેવો ભાઈ રામદાસજી સ્વામીનો પત્ર આવતાં શ્રીહરિ ગઢડાથી વડતાલ જવા નીકળ્યા.

આ ઉત્સવમાં સંતોએ શ્રીહરિને ચણોઠીથી

શણગારેલા. (પૂ.૧૭, ત. ૩૧, શ્લો-૩૩ થી ૩૭) તો સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ 'સારો રંગીન હીંડોળો બે આંબાઓની વચ્ચે બાંધ્યો' (ત-૩૬, શ્લો૧-૭) લહેરી ચિદાનંદ સ્વામી દ્વારા વગાડાતી નોબતનો આ ઉત્સવમાં ઉલ્લેખ થયો છે. (તં-૩૮, શ્લો.૨૦-૨૨) 'આ વખતે લગભગ શ્રીહરિની જન્મથી સાડત્રીશ વર્ષની ઉંમર થઈ હતી.' (ત.૪૦, શ્લો.૨૨) પછી શ્રીહરિ 'કુબેરદાસ પટેલ'ના કૂવે સ્નાન કરવા ગયા. (ત. ૪૨, શ્લો-૨)

'શ્રીહરિચરિત્રામૃત સાગર' ભા-૧૧, પૂ-૨૬, ત-૭૦ માં એક પુષ્પદોલોત્સવ વડતાલમાં ઉજવાયાનું વર્ણન છે.

વડતાલ ખાતે 'ભગવાન દ્વારકાધીશ બધા તીર્થોને સાથે લઈને વડતાલ આવ્યા ત્યારે' પણ શ્રીહરિએ પુષ્પદોલોત્સવ ઉજવેલ, જેનું ટૂંક વર્ણન અહીં આપવામાં આવેલ છે.

'શ્રીહરિચરિત્રામૃત સાગર' ભા-૧૨, પૂ.૨૯, ત.૨૨ માં લખાયા મુજબ વધુ એક વખત શ્રીહરિએ વડતાલમાં પુષ્પદોલોત્સવ ઉજવ્યો.

શ્રીહરિ વડતાલ મંદિરનું અધૂરું કામ પૂરું કરાવતા હતા. એ માટે એમણે ૩૨ ઈંટો પણ ઉપાડેલી. એ વર્ષે શ્રીહરિ ચૈત્રી પૂનમ સુધી વડતાલ રહેલા, અને તે દરમ્યાન હુતાશનીનો ઉત્સવ ઉજવેલ.

## ૧.૪. ભક્ત ચિંતામણિ

સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ 'ભક્ત ચિંતામણિ' માં વડતાલમાં પુષ્પદોલોત્સવનું વર્ણન કર્યું છે તેમાં બે વાત ખાસ નોંધવા લાયક છે:

૧) પછી સખે કર્યો'તો હિંડોળો,
સારો શોભિત સુંદર પહોળો ॥
બાર બારણે ઓપે અનૂપ,
જોયા જેવું છે જાણિતું રૂપ ॥ ૧૭॥

સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ બનાવેલ બાર બારણાંવાળો હિંડોળાનો ઉલ્લેખ છે.

૨) એમ ઉત્સવ કર્યો અવિનાશે,
કરાવ્યો બાપુ રણછોડદાસે॥
કરી વરતાલ દેશ વિદિત,
ધન્ય નર એ નારીની પ્રીતિ॥ ૩૯ ॥
કર્યો ઉત્સવ જગજીવને,



ફાગણ સુદી પુન્યમને દને॥
તે દિ સુંદર ઉત્સવ કરી,
પછી પાંચાળે પધાર્યા શ્રીહરિ ॥૪૦॥

વડતાલના બાપુ રણછોડદાસે આ ઉત્સવ કરાવેલો તેવું અહીં નોંધાયું છે.

'ભક્તચિંતામણિ' પ્ર. ૭૪ માં પણ વડતાલમાં પુષ્પદોલોત્સવ ઉજવાયાનું વર્ણન છે.

આમાં વર્ણવાયું છે કે, શ્રીહરિએ હુતાશનીનો ઉત્સવ ઉજવવા શ્રીહરિએ સ્થળ શોધવાનું સંતોને જણાવ્યું અને સૌએ વડતાલ જ સૂચવ્યું. તેમાં ગવાયું છે:

પણ જળ છાયાની જુગતિ,
વરતાલ જેવી બીજે નહીં ॥૧૪।
વાલ્યમ કહે વરતાલ જેવું, નથી બીજું કોઈ ગામ॥
સત્સંગના મધ્યમમાં, સુંદર એહ એક ગામ॥ ૧૫॥

પણ, પુષ્પદોલોત્સવ માટે રંગ ભરવાની મુશ્કેલી પડતી.આથી શ્રીહરિએ વડતાલ ખાતે બે હોજ કરાવવા ખાસ સૂચવ્યું.

વારંવાર વર્ષો વર્ષ, હલવાંમણ છે હોજની॥
કરો ચિરાબંધ ચોકસિ, છાય સુંદર રમત્ય મોજની॥૧૭॥
પછી પાકા હોજ કરાવીને, એક ચોતરો ચણાવીઓ, ॥
અલબેલાને બેલવા, સુંદર સારો બણાવિયો॥ ૧૮॥

જ્ઞાનબાગ ખાતે આવેલ બે હોજ અને એક ચોતરો આ ઉત્સવની પ્રસાદી.

## ૧.૫. શ્રી હરિકૃષ્ણ લીલામૃત સાગર

સદ્. શ્રી માધવદાસજી સ્વામીએ તેમના ગ્રંથ 'શ્રીહરિકૃષ્ણલીલામૃત સાગર'ના તરંગ ૧૪૫ અને ૧૪૬ માં 'શ્રીહરિએ કરેલા સમૈયા-ઉત્સવોની યાદી' આપી છે તે મુજબ, ચાર વખત શ્રીહરિ વડતાલ હોળી રમવા પધારેલા.

આવ્યા વડતાલ હરિ રમવા,

મહામુક્ત તણે મન ગમવા ॥

ખૂબ મેડે વળી રંગરેલ,

થયું ફળિયું રેલમછેલા॥૨૪॥

આ પ્રસંગ વડતાલ ખાતે જોબનપગીના ઘરે ઉજવાયેલ ને તેનું વર્ણન સ્વામીએ તરંગ ૨૮ માં કર્યું છે.

૨. વડતાલે આવ્યા તત્કાળ,

થાળ કર્યો ને જમ્યા દયાળ ॥૩૫॥

વળી હોજ કરાવ્યા છે હરિ,

પિચકારી વાલે હાથ ધરી ॥

રમતાં આકળા થયા ધર્મલાલ,

કરતાં લીધી ધીરજવાન ઢાલ ॥૩૬॥

બહુ રંગે રમ્યા સુખધામ,

ખૂબ રમ્યા છે પૂરણકામ ॥

વડતાલ ખાતે ઉજવાયેલ આ પુષ્પદોલોત્સવનું વર્ણન સ્વામીએ તરંગ ૪૬ માં કર્યું છે.

૩. વડતાલે આવ્યા છે વાલમ,

મુનિ સહુને પડી માલમ॥ ૪૦॥

જમ્યા પ્રીતે કરી હરિ થાળ,

પછી જમાડ્યા મુનિ મરાળ ॥

હેમ વસ્ત્ર ને ઘરેણાં પેરી,

શિર મુકટ કલગી ધરી ॥૪૧॥

પછી રંગે રમ્યા કિરતાલ,

અને ઘોડે થયા અસવાર॥

એ સમૈયો કરી સુખધામ,

આવ્યા ગઢડે પૂરણકામ ॥૪૨॥

૪. હોરી ફાગ તે રમવાને કાજ,

આવ્યા વડતાલે શ્રીમહારાજ ॥૫૧॥

વડતાલ ખાતે, જોબન પગીના ઘરે શ્રીહરિએ રંગોત્સવ ઉજવ્યો તેનું વર્ણન સદ્. શ્રી માધવદાસજી સ્વામીએ તેમના ગ્રંથ 'શ્રીહરિકૃષ્ણલીલામૃત સાગર' ના તરંગ ૨૮ (કડી ૩ થી ૪૧)માં કર્યું છે. સદ્ગુરુ શ્રી માધવદાસજી સ્વામી 'શ્રીહરિકૃષ્ણલીલામૃત સાગર' માં વડતાલમાં ઉજવાયેલ અન્ય એક પુષ્પદોલોત્સવનું વર્ણન તરંગ ૪૬ (કડી ૧ થી ૪૫)માં કરે છે.

મહત્વની લીલા તો એ છે કે, જ્યારે શ્રીહરિએ સૌ સંતોને તેમને હિંડોળાથી નીચે ઉતારવા કહ્યું ત્યારે કોઈ સંત કે સંતો એમ કરી ન શક્યા!

## ૧.૬. વડતાલમાં ચાર વખત પુષ્પદોલોત્સવની ઉજવણી

વડતાલમાં શ્રીહરિએ ચાર વખત પુષ્પદોલોત્સવ ઉજવ્યા તેમ સ્પષ્ટ થાય છે.

૧. શ્રીહરિએ પુષ્પદોલોત્સવ ઉજવવા સંતો સાથે ચર્ચા કરી, વડતાલ પસંદ કર્યું અને ભાઈ રામાનંદ સ્વામીને તે માટે જણાવ્યું, તદ્અનુસાર ઉજવાયેલ પુષ્પદોલોત્સવ. આ પ્રસંગે સંતોએ શ્રીહરિને ચણોઠીથી સજાવેલ, નિષ્કુળાનંદ સ્વામીએ બે આંબા વચ્ચે હિંડોળો બાંધેલ, રંગોત્સવ પછી શ્રીહરિ કુબેરદાસ પટેલના કૂવે સ્નાન કરવા ગયેલા ને તે વર્ષે તેઓ 'સાડત્રીશ' વર્ષના હતા. આ વર્ષ ઈ.સ. ૧૮૧૭ નું હતું. 'ભક્તચિંતામણિ' માં પણ (પ્ર.૭૪) આ ઉલ્લેખ છે.

૨. શ્રીહરિનાં પરિવારજનો પ્રથમ વખત વડતાલ પધાર્યા તે સમય, જે સમયે સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ બાર બારણાંનો હિંડોળો બનાવેલ અને તેમાં શ્રીહરિએ ૧૨ દિવ્ય સ્વરૂપે દર્શન આપેલ- આ બે ઘટનાવાળો પુષ્પદોલોત્સવ. 'સત્સંગિજીવન' (પ્ર-૩), 'વડતાલ દર્શન' (પ્ર-૧૯) અને 'શ્રીહરિચરિત્રામૃતસાગર' (ભા-૬, પૂ-૧૬, ત-૪૯ થી ૬૭) માં આ પુષ્પદોલોત્સવનું વર્ણન, થોડાઘણા ફેરફાર સાથે, આપવામાં આવેલ છે. 'ભક્તચિંતામણિ' (પ્ર.૭૩) માં પણ આ ઉલ્લેખ છે. આ વર્ષ વિ.સં. ૧૮૭૫ (ઈ.સ. ૧૮૧૯) નું હતું.

૩. 'શ્રીહરિચરિત્રામૃત સાગર' માં જણાવ્યા પ્રમાણે, વડતાલ મંદિરનું અધૂરું કામ પૂરું કરાવવા શ્રીહરિ જ્યારે વડતાલ રહેલા અને ૩૨ ઈંટો પોતાના માથે ઉપાડેલી તે વર્ષે પણ શ્રીહરિએ વડતાલ ખાતે પુષ્પદોલોત્સવ ઉજવેલ. આ વર્ષ હતું ઈ.સ. ૧૮૨૪ નું.

૪. વડતાલ ખાતે ભગવાન દ્વારકાધીશ બધાં તીર્થો સહિત પધાર્યા ત્યારે શ્રીહરિ વડતાલ આવેલા અને પુષ્પદોલોત્સવ ઉજવેલ. આ વર્ષ હતું ઈ.સ. ૧૮૨૭ નું.

આમ, સ્વામિનારાયણ સંપ્રદાયનાં પ્રમુખ ધર્મશાસ્ત્રોમાંની વિગતો મુજબ, શ્રીહરિએ ચાર વખત વડતાલ ખાતે પુષ્પદોલોત્સવ ઉજવેલ.

આ પુષ્પદોલોત્સવ દરમિયાન બનેલી ઘટનાઓનાં વર્ષ શોધી અહીં પુષ્પદોલોત્સવનાં ઈ.સ. વર્ષ નોંધ્યાં છે. કોઈપણ ગ્રંથમાં આ ઉત્સવની સાલ નોંધવામાં આવી નથી. વળી, આપણાં ગ્રંથોમાં શ્રીહરિનાં ઐશ્વર્ય અને

લીલાઓ લેખકોએ પોતપોતાની રીતે, પોતાના ધ્યેયને ધ્યાનમાં રાખી, પૂરી અથવા અધૂરી નોંધી છે. આ તમામને ધ્યાનમાં લઈ અહીં વડતાલમાં થયેલ પુષ્પદોલોત્સવ વર્ણવ્યા છે.

વડતાલમાં ઉજવાયેલ ચાર પુષ્પદોલોત્સવનાં વર્ણન પણ સંપ્રદાયના ગ્રંથોમાં આપવામાં આવ્યાં છે. એના આધારે આ ચાર પુષ્પદોલોત્સવની વિગતો અહીં સારાંશ રુપે નોંધી છે. આશય એટલો જ છે કે, શ્રીહરિની લીલાઓનો આપણને શાબ્દિક પરિચય પ્રાપ્ત થાય.

## વડતાલમાં પુષ્પદોલોત્સવ : વિ. સં. ૧૮૭૫ (ઈ.સ ૧૮૧૯)

ધર્મકુળના પરિવારજનોનું વડતાલ ખાતે આગમન તથા બાર બારણાવાળાં હિંડોળામાં શ્રીહરિએ સૌને દિવ્ય સ્વરૂપે દર્શન આપ્યાં હતા તેમાં 'શ્રીહરિચરિત્રામૃત' સાગર તથા 'વડતાલ દર્શન' માંનાં વર્ણન.

ગુજરાત પ્રદેશમાં વડતાલ નામે વિશાળ નગર આવેલું છે. એમાં ચારે વર્ણના મનુષ્યો હરિનું ભજન સ્મરણ કરે છે.

હે રાજન! આ સર્વે હરિભક્તો વડતાલથી પ્રભુ શ્રીહરિને દુર્ગપુર આમંત્રણ આપવા આવ્યા. તેઓ વડતાલમાં પુષ્પદોલોત્સવ કરવાની ઈચ્છા ધરાવતા હતા. કુબેરજી તેમજ જોબનપગી આ બંને ભક્તજનો વડતાલમાં મુખ્ય અધિકારી હતા. તેઓ પુરવાસી અન્ય ભક્તજનોની સાથે મળી ઉત્સવ ઉજવાનો નિર્ણય કરી બહુવિધ સામગ્રી ભેળી કરવા લાગ્યા. પછી જોબનપગીએ પોતાના બંધુ સુંદરજીને શ્રીહરિ સમીપે ગઢપુર મોકલ્યા. સુંદરજી પણ મહાસુદ પૂર્ણિમાને દિવસ દુર્ગપુર આવ્યા.

ભક્તજનોના મંડળમાં બિરાજતા શ્રીહરિની સમીપે આવી સુંદરજી ભક્તે નમસ્કાર કર્યા તેમજ 'અમારા પુરને પાવન કરવા પધારો' આ પ્રકારે બહુ પ્રાર્થના કરવા લાગ્યા. તેમની પ્રાર્થનાથી પ્રસન્ન થયેલા શ્રીહરિએ વૃતપુર નિવાસી ભક્તજનોને પોતાના અનન્ય ભક્તો જાણી તેમને દર્શન આપવાની ઈચ્છા કરી. ઉદાર બુદ્ધિમાન શ્રીહરિએ સુંદરજી નામના સેવક પ્રત્યે કહ્યું કે, હે ભક્તરાજ! તમે અત્યારે વડતાલ જાઓ. ફાગણ માસમાં હું ત્યાં પધારીશ.

હે રાજન! આ પ્રકારે શ્રીહરિએ કહ્યુ તેથી સુંદરજીનું મન અતિશય પ્રસન્ન થયું. ત્યારબાદ તેઓ તત્કાળ વડતાલ આવ્યા ને પુરવાસીજનોને શ્રીહરિના આગમનના સમાચાર આપ્યા. તે સાંભળી ભક્તજનો પણ પ્રસન્ન થયા તેમજ શ્રીહરિના આગમનની પ્રતીક્ષા કરવા લાગ્યા.

## શ્રીહરિ વડતાલ આવવા ગઢડાથી નીકળ્યા.

ભગવાન શ્રીહરિ વિકૃત નામના સંવત્સરમાં ફાગણ શુકલ છઠ્ઠને દિવસ દુર્ગપુરથી વડતાલ નગર પ્રત્યે જવા રવાના થયા. 'વડતાલથી અમે જલ્દી પાછા આવીશું' શ્રીહરિએ આ પ્રમાણે ઉત્તમરાજા પ્રત્યે કહ્યું ને શ્રીહરિ તેમને પાંચાળદેશમાં નિવાસ કરતા ભક્તજનોના ધર્મરક્ષણને અર્થે ત્યાં ને ત્યાં જ રહેવાનો આદેશ આપી દુર્ગપુરથી વડતાલ જવા નીકળ્યા.

જયાદેવી, લલિતાદેવી વગેરે સ્ત્રીઓ પણ વાહનમાં બેસી શ્રીહરિની પાછળ પાછળ ચાલવા લાગ્યા. અન્ય દુર્ગપુર નિવાસી ભક્તજનો પણ શ્રીહરિની પાછળ પાછળ ચાલવા લાગ્યા. હજારો સંત, બ્રહ્મચારી તેમજ ગૃહસ્થ ભક્તજનોના વૃંદની સાથે શ્રીહરિ વડતાલ જવા નીકળ્યા. સૌરાષ્ટ્ર દેશના નિવાસી હજારો ભક્તજનો શ્રીહરિને અનુસરી રહ્યા હતા. હજારો ઘોડેસવારો તેમજ હજારો પદયાત્રીઓથી શ્રીહરિ પણ ઘેરાયા હતા.

એ સમયે પૃથ્વી પર નગર, ગામ, ખેડૂતોનાં ગામ તેમજ પર્વતોના પ્રાંત પ્રદેશના ગામોમાં એક મહાન ઉદ્‌ઘોષ વ્યાપી ગયો કે, 'ભગવાન શ્રીહરિ વડતાલ પધારી રહ્યા છે.' શ્રીહરિના દર્શનની ઉત્કંઠા ધરાવતા વૃદ્ધો બાળકોને આગળ કરી દેશ દેશાંતરથી વડતાલ આવ્યા.

## દેશદેશાંતરથી ભક્તો આવ્યા.

કૌશલદેશ, કાશીદેશ, મિથિલા, ગૌડ, કિલકિલ, પુરુષોત્તમપુરી, પ્રયાગ, શોણભદ્ર, વૃંદાવન, મથુરા, શૂરસેન, અવંતી વગેરે પૂર્વદિશાથી ભક્તજનો વડતાલ પધાર્યા. કાશ્મીર, હરિદ્વાર, કુરુક્ષેત્ર, પુષ્કર, મરૂ, ધન્વ, અર્બુદાચલ, સિદ્ધપદ વગેરે ઉત્તરદિશાના પ્રદેશોથી હજારો મનુષ્યો વડતાલ આવ્યા.

સિંધ, કચ્છ, સૌરાષ્ટ્ર, પાંચાલ, સૌવીર વગેરે પશ્ચિમ દિશાના પ્રદેશોથી અનેક ભક્તો વડતાલ આવ્યા. સેતુબંધ, વેંકટાચલ, શ્રીરંગ, કાંચી, દંડકારણ્ય, મલયાદ્રિ,

વિંધ્યાચળ, તાપી તેમજ નર્મદાતટ વગેરે દક્ષિણદિશાના પ્રદેશોથી અનેકજનો આવ્યા.

ચારે દિશાના મનુષ્યો ભગવાન શ્રીહરિના દર્શન કરવાની ઉત્કંઠાથી સ્ત્રી, વૃદ્ધ તેમજ બાળકોને સાથે લઈ રસ્તામાં ઉપયોગી સામગ્રીઓને ગાડામાં ભરી વડતાલ આવ્યા.

અનેક દેશથી શ્રીહરિના દર્શનાર્થે આવેલા ભક્તજનોથી મહી, સાબરમતી, વાત્રક વગેરે નદીઓ મધ્યવર્તી દેશનો ચરોતર પ્રદેશ પણ અતિશય સાંકડો થયો.

આ પ્રકારે વૃત્તાલયના ચારે તરફના પ્રદેશમાં નિવાસ કરી રહેલા ભક્તજનો ભોજન કરી, જળપાન કરી સુખપૂર્વક દશમીની તિથિએ વૃત્તાલયમાં આવ્યા ને શ્રીહરિના આગમનની પ્રતીક્ષા કરવા લાગ્યા.

આ તરફ ભગવાન શ્રીહરિ પણ પાંચાળદેશને ઓળંગી ભદ્રા નદી ઉતરી ભાલ પ્રદેશ આવ્યા. ત્યાંથી સાબરમતી નદી પધાર્યા ને ત્યાંથી ચોથા દિવસે ચરોતર પ્રદેશ પધાર્યા.

## પુષ્પદોલોત્સવ ઉજવવા વડતાલ પધારેલ શ્રીહરિ

સુવ્રત મુનિ કહે છે, હે રાજન! ચરોતર પ્રદેશની રસાળ ધરા તેમજ ફળદ્રુપ વૃક્ષોની બહુ પ્રકારે પ્રશંસા કરતા શ્રીહરિ પાંચમે દિવસ મધ્યાહ્ન સમયે પીપળાવ ગામ પધાર્યા. હે રાજન! તે ગામવાસીઓએ ફળપુષ્પાદિક બહુ પ્રકારના ઉપહારોથી આદરપૂર્વક શ્રીહરિનું પૂજન કર્યું. મધુર વચનોથી એ મનુષ્યો ઉપર અનુગ્રહ કરતા શ્રીહરિ સર્વને આનંદ ઉપજાવતા દશમી તિથિએ સાંયકાળે વડતાલ પધાર્યા.

વડતાલ નિવાસી કુબેરજીત વગેરે આગેવાન ભક્તજનો તરત શ્રીહરિની સમીપે આવ્યા. શ્રીહરિના દર્શનથી ઉદ્‌ભવેલા આનંદથી તેમનાં નેત્રોમાંથી હર્ષનાં અશ્રુઓ વહેવાં લાગ્યાં ને પ્રેમથી દંડની પેઠે શ્રીહરિને પ્રણામ કરવા લાગ્યા. એ સમયે મનમાં શ્રીહરિનાં દર્શનની ઉત્કંઠા ધરાવતાં હજારો સ્ત્રીઓના સમુદાયો પણ શ્રીહરિનાં દર્શન થતાં હર્ષઘેલા બન્યાં ને તત્કાળ પોતાના મસ્તક ધરતી પર નમાવી પ્રણામ કરવા લાગ્યા.

હે રાજન! પોતાની સન્મુખ આવી પ્રણામ કરતા સમગ્ર ભક્તજનોને સંતોષ ઉપજાવતા ભગવાન શ્રીહરિ પણ તેઓનું યથાયોગ્ય સન્માન કરવા લાગ્યા. કોઈને હાથના સ્પર્શથી, કોઈની સાથે વાર્તાલાપથી, કોઈને અભયદાનથી, કોઈને મંદમંદ હાસ્યયુક્ત દૃષ્ટિથી શ્રીહરિએ નરનારીઓની સંભાવના કરી તેમજ જયઘોષના ધ્વનિથી સ્તુતિ કરતા ભક્તજનોની સાથે શ્રીહરિએ પુરમાં પ્રવેશ કર્યો. એ સમયે રત્ન જડેલ દંડથી શોભતું ચામર હાથમાં ગ્રહણ કરી કુબેરજીત તેમજ જોબન પગી શ્રીહરિ પાસે ઊભા રહ્યા ને ચામર ઢોળવા લાગ્યા.

## શ્રીહરિનો આંબાના વનમાં નિવાસ

ભગવાન શ્રીહરિએ સ્થાવર જીવોનો પણ ઉદ્ધાર કરવા વડતાલથી બહારના ભાગમાં આંબાના વનમાં પોતાનો નિવાસ કર્યો.

ભગવાન શ્રીહરિ મનુષ્યોને પોતાનું દર્શન થાય એથી ચાર પાયાથી શોભાયમાન ઊંચા સિંહાસન પર બિરાજમાન થયા. ત્યારબાદ શ્રીહરિએ પોતાની સાથે આવેલા ભક્તજનોને યથાયોગ્ય નિવાસસ્થાન અપાવ્યા ને સ્વંય આસન પર બિરાજમાન થયા.

સિંહાસન પર થોડી વિશ્રાંતિ સ્વીકારી શ્રીહરિએ જળપાન કર્યું અને દેશ દેશાંતરના સર્વ ભક્તજનોને ચારે બાજુ નિહાળવા લાગ્યા. એ જનોના મધ્યે બહુધા પોતાના ભક્તજનો હતા. કેટલાક કૌતુક જોનારા હતા. કેટલાક જનો શ્રીહરિની સમીપમાં પોતાના સંબંધીજનો કાયમને માટે રહી ન જાય તેને અર્થે ભય પામતા ત્યાં આવ્યા હતા. કેટલાક પોતાના બંધુવર્ગને ત્યાંથી લઈ જવા આવ્યા હતા.

## અપાર ભક્તસમૂહ

ભગવાન શ્રીહરિ જે જે દિશા કે વિદિશા તરફ નજર કરતા ત્યાં સર્વત્ર પોતાની મૂર્તિમાં નેત્રવૃત્તિને સ્થિર કરી ઉપસ્થિત થયેલા ભક્તજનોને જ નિહાળવા લાગ્યા. જેટલા મનુષ્યો શ્રીહરિની આગળના ભાગમાં હતા તેટલા જ પાછળના ભાગમાં હતા તેમજ તેટલા જ બંન્ને બાજુએ હતા. શ્રીહરિ એ સર્વજનોને નિહાળવા લાગ્યા. કિલ્લામાં,ક્ષેત્રમાં, સરોવરને કિનારે, કૂવા કાંઠે, ગાડાઓ પર, દરેક વૃક્ષની ડાળો પર તેમજ નગરમાં છજા ઉપર બેઠેલા મનુષ્યોને શ્રીહરિ નિહાળવા લાગ્યા. આ પ્રકારે સર્વત્ર નજર કરતાં શ્રીહરિ પોતાના આસન પરથી ઊભા થયા ને દિશા વિદિશાઓમાં મનુષ્યોને નિહાળતા અતિશય

હાસ્ય કરવા લાગ્યા.

હે રાજન! હજારો મનુષ્યોને નિહાળી આશ્ચર્યમાં ગરકાવ થયેલા શ્રીહરિ અહો! અહો! આ પ્રમાણે બોલતા મંદમંદ હાસ્યથી પોતાનું મસ્તક હલાવવા લાગ્યા. ત્યારબાદ શ્રીહરિએ પોતાની બન્ને ભુજાઓ ઊંચી કરી બેસાડવાની હસ્તમુદ્રાથી પોતાની ચારે બાજુએ ઊભા રહેલા મનુષ્યોને નીચે બેસાડ્યા. શ્રીહરિના આદેશનું તત્કાળ પાલન કરતા તેમજ શ્રીહરિમાં મનની વૃત્તિ સ્થિર કરતા લાખો મનુષ્યો તેમના હાથની સંજ્ઞાથી બોધ પામી તત્કાળ નીચે બેસી ગયા.

## શ્રીહરિએ સૌના ખબર-અંતર પૂછ્યા.

નીચે બેઠેલા સર્વજનોને ભગવાન શ્રીહરિએ ફરી તાલી બજાવી મૌન, મુદ્રાના સૂચનથી મૌન ધારણ કરવાનો આદેશ કર્યો. શ્રીહરિના આદેશથી સર્વજનોએ મૌન ધારણ કર્યું એટલે ભગવાન શ્રીહરિએ સર્વેને કુશળ સમાચાર પૂછ્યાં.

પ્રત્યેક દેશના અગ્રેસર બે કે ત્રણ ભક્તોને પોતાની સમીપ બોલાવ્યા ને સમાચાર પૂછવા લાગ્યા.

ત્યારબાદ 'ચોર ચકાર પ્રવેશ કરી ન જાય એથી પોતપોતાના નિવાસ સ્થાનમાં અજાણી વ્યક્તિને બહાર કાઢવી.' આ પ્રકારે શ્રીહરિએ તેઓને શિક્ષા આપી. શ્રીહરિના આદેશને મસ્તકને ધારણ કરી સર્વે ભક્તો પોતપોતાના જીવનને મહા ભાગ્યવાન સમજવા લાગ્યા ને શ્રીહરિને પ્રણામ કરી પોતપોતાના નિવાસસ્થાને ગયા.

## ધર્મકુળના પરિવારજનો વડતાલ પધાર્યા.

ભગવાન શ્રીહરિના દર્શન કરવામાં ઉત્કંઠા ધરાવતી તેમજ પતિવ્રતાના ધર્મનું પાલન કરતી સુવાસિની દેવી, રામપ્રતાપના નંદરામ ઠાકોર તેમજ અયોધ્યાપ્રસાદના ત્રણે સદ્‌બુદ્ધિમાન પુત્રો, સિદ્ધિદેવી નામની પુત્રી, નંદરામના દીનમાના નામના પતિવ્રતા પત્ની, રામશરણ તથા નારાયણ નામે પુત્રો, મેઘા નામની શુભલક્ષણ સંપન્ન પુત્રી, ઈચ્છારામના વરિયાળી નામનાં પત્ની, ધર્મનિષ્ઠ અને ગુણોથી શ્રેષ્ઠ ગોપાલ, રઘુવીર, વૃંદાવન, સીતારામ અને બદરીનાથ આ પાંચ પુત્રો, ફુલ્લસરી ને ફુલ્લજરી આ બે પુત્રીઓ, ગોપાલના પત્ની મંડા, રઘુવીરનાં પત્ની વિરજા, ઈચ્છારામનો સાળો સુફલા



તેમજ તેના મામાનો બુદ્ધિમાન પુત્ર મંછારામ વગેરે બંધુજનો તેમજ અન્ય બીજા બંધુઓની સાથે રામપ્રતાપ અને ઈચ્છારામ શ્રીહરિનાં દર્શન કરવા સંત હરિભક્તો સાથે વડતાલ આવ્યા.

માર્ગમાં પ્રત્યેક ગામના ભક્તજનો વિનય ને આદરપૂર્વક તેઓનું પૂજન કરતા હતા. બંન્ને બંધુઓ પણ તે તે ગામોમાં શ્રીહરિના અસાધારણ ઐશ્વર્યની વાતો સાંભળતા હતા. તે સાંભળી મનમાં વિસ્મય પામતા એવા આ બંન્ને બંધુઓ વડતાલ સમીપમાં બિરાજતા શ્રીહરિનાં દૂરથી દર્શન કરવા લાગ્યા. (૧૮-૧૯) બંન્ને બંધુઓ પોતે અનુભવેલા અસાધારણ ચિહ્નોથી શ્રીહરિને આળખી લીધા. હર્ષપૂર્વક પ્રેમથી તેમને ભેટવા દૂરથી જ ઉતાવળા થવા લાગ્યા.

દૂર દૂર પ્રદેશથી ઘરનો ત્યાગ કરી શ્રીહરિનાં દર્શન કરવા આવેલા બંન્ને ભાઈઓનાં નેત્રોમાં પ્રેમનાં અશ્રુઓ વહી રહ્યા હતાં ને તેઓ પરમ આનંદ પામતા હતા. ભગવાન શ્રીહરિને બંધુવર્ગમાં લેશ માત્ર સ્નેહ નહીં હોવા છતાં પોતાના દર્શન કરવા પધારેલા તેમના અતંરના ભાવને જાણી મંદમંદ હાસ્યથી વિકસિત મુખ કમળથી શોભતા ભક્તવત્સલ ભગવાન શ્રીહરિ એ જ સમયે તત્કાળ સિંહાસન પરથી નીચે ઉતર્યા.

તેવામાં બંધુઓ પણ તત્કાળ શ્રીહરિની સમીપે પધાર્યા ને અનુક્રમે પ્રાણપ્રિય શ્રીહરિને આદરપૂર્વક બહુકાળ પર્યંત ભુજાધારીને ભેટી પડ્યા. પ્રેમથી પરવશ થયા. ભગવાન શ્રીહરિએ પણ બંન્ને બંધુઓ તેમજ તેમની સાથે આવેલાં સંબંધીજનોની યથાયોગ્ય સંભાવના કરી. પોતાના મિત્રજનોને ભેટી પડ્યા હતા આંખમાં પ્રેમનાં અશ્રુઓ રેલાવતાં તેઓને બહુ ખુશી કર્યા.

એ અવસરે ભગવાન શ્રીહરિએ પોતાના

વડીલબંધુ શ્રીરામપ્રતાપને નમસ્કાર કર્યા. નાના બંધુ ઈચ્છારામે શ્રીહરિને વંદન કર્યા. એજ પ્રકારે ભગવાન શ્રીહરિએ પોતાના અન્ય બંધુ જનોને યથાયોગ્ય વંદન કર્યા. કોઈ કોઈ બંધુજનોએ ઉત્સુક બની શ્રીહરિને પ્રણામ કર્યા.

સર્વે બંધુજનો પોતાના પ્રાણપ્રિય શ્રીહરિના બહુકાળ પર્યંત દર્શન કરી વિરહજન્ય તાપને શમાવી પરમ સુખ પામ્યા. સિંહાસન પર બિરાજમાન શ્રીહરિએ પોતાના બંધુજનોને આસન પર બેસાડી સ્વાગત કરી કુશળ સમાચાર પૂછ્યા. પછી મુક્તાનંદ સ્વામી આદિ સર્વે સંતો, પાર્ષદો, દેશાંતર નિવાસીજનો, તેમજ સ્ત્રીઓએ રામપ્રતાપજીને શ્રીહરિના બંધુ જાણી તેમને શ્રીહરિની માફક જ આદરપૂર્વક પ્રણામ કર્યા.

ત્યારબાદ ભગવાન શ્રીહરિએ તેઓના નિવાસને અર્થે એક ભવન અપાવ્યું. જોબનપગી તેમજ મુકુંદાનંદ બ્રહ્મચારીને તેમની સેવામાં રાખ્યા. સર્વ બંધુજનો શ્રીહરિનાં ઐશ્વર્યને પ્રત્યક્ષ અનુભવી ને સાંભળી અતિશય વિસ્મય પામ્યા તેમજ આત્મબંધુ શ્રીહરિને મનુષ્યાકૃત્તિ ધારણ કરતા વાસુદેવ પરમાત્મા માનવા લાગ્યા.

## સૌને જમાડ્યા

વડતાલ નગરમાં દયાળજી વગેરે બ્રાહ્મણો, શ્રીહરિ તેમજ તેમના પાર્ષદો તથા મુનિજનોની સેવામાં તત્પર થયા. જોબનપગી, સુંદરપગી, જુસાપગી, તથોપગી, બાદર, ખોડો વગેરે ભક્તજનો પણ શ્રીહરિની સેવા કરવા લાગ્યા. કુબેરજી, રણછોડ, મૂળજી, ભાયજી વગેરે વૈષ્ણવભક્તો તેમજ ગોસ્વામી નારાયણગિરી શ્રીહરિની સેવા કરવા લાગ્યા. રળિયાત, જીવી,માની, રમા વગેરે સ્ત્રીભક્તો પણ શ્રીહરિની સેવામાં તત્પર થયા. ત્યારબાદ પ્રસન્ન થયેલા ભગવાન શ્રીહરિએ બીજે દિવસ એકાદશીનો ઉપવાસ હોવાને કારણે અનુચરોને ભોજન કરાવવાની ઈચ્છાથી તેઓ પ્રત્યે કહેવા લાગ્યા, હે સોમવર્મા! હે સૂરા ખાચર ! હે ખટ્વાંગ મહર્ષિ ! હે માંત્રિક ! હે અલૈયા ! હે મૂળજી! તમારે જો સાંજનું ભોજન સ્વીકારવાની ઈચ્છા હોય તો સત્વરે જણાવો. કારણ આવતી કાલે ધાત્રિકા નામે મોટી એકાદશી છે. તેથી એ દિવસે વૈષ્ણવોએ અનાજનું ભક્ષણ કરવું નહીં. આ પ્રકારે શ્રીહરિનું વચન સાંભળી એકબીજા સામે જોઈ રહેલા પાર્ષદો ઉપવાસની આવશ્યકતાને જાણતા હોવાથી આ પ્રમાણે કહેવા લાગ્યા.

પાર્ષદો કહે છે, 'હે સ્વામિન! માર્ગમાં પીપળાવ ગામે અમે સર્વેએ લાડુ વગેરેનું ભોજન ગ્રહણ કર્યું છે, તેથી અત્યારે પેટમાં બરાબર ભૂખ જણાતી નથી. છતાં અમે તમારા સેવકો છીએ તેથી અમારે તમારા વચનનું પાલન કરવું જોઈએ. માટે હે ભગવન્ ! અત્યારે પણ થોડું ભોજન ગ્રહણ કરીશું. તમારા હાથની પ્રસાદીનું માહાત્મ્ય અમે એકાદશી કરતાં પણ અધિક જાણીએ છીએ છતાં પણ તમારી પ્રસન્નતા માટે આવતીકાલે એકાદશીએ અમે ભોજન કરીશું નહીં.' તેઓનું વચન સાંભળી તેમના અંતરના અભિપ્રાયને જાણતા ભગવાન શ્રીહરિ મંદમંદ હાસ્ય કરી સિંહાસન પરથી ઊભા થયા ને કહેવા લાગ્યા કે, અહીં કોઈ પુરવાસી મનુષ્ય છે?

તે સમયે કુબેરજી બે હાથ જોડી શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા કે હે ભગવન્! આપનો દાસ અહીં જ હાજર છે. તેથી આપની ઈચ્છાનુસાર જે કાંઈ આજ્ઞા હોય તે અવશ્ય જણાવો. આ પ્રમાણે કુબેરજીએ કહ્યું તેથી શ્રીહરિ તેમના પ્રત્યે કહેવા લાગ્યા કે તમે અહીં રસોઈ તૈયાર કરી છે કે નહીં? ત્યારે કુબેરજી કહેવા લાગ્યા કે હે ભગવાન! અહીં રાયણના વૃક્ષ તળે રસોઈ તૈયાર કરીને જ રાખી છે.

હે રાજન! આવું વચન સાંભળી શ્રીહરિ તત્કાળ પાઠશાળામાં પધાર્યા. પાક સામે દૃષ્ટિ કરી વિચારવા લાગ્યા કે મારા પ્રસાદનું માહાત્મ્ય જાણતા પાર્ષદો તેમજ આ સંતોને આટલી રસોઈ પર્યાપ્ત થાય તેમ મને લાગતું નથી! તેથી ભગવાન શ્રીહરિ જોબનપગીના કાનમાં કહેવા લાગ્યા કે આ સિવાય અન્ય પેંડા વગેરે ભક્ષ્ય પદાર્થો તેમજ ઘી વગેરે પુરમાંથી તત્કાળ મંગાવી લાવો. ત્યારબાદ જોબનપગીએ પ્રેરણા કરેલા પરિચારકો તત્કાળ પુરમાં જઈને પેંડા વગેરે ભક્ષ્ય, ભોજ્ય વગેરે પદાર્થોને પાત્રોમાં ભરીને એ બધાં પાત્રો શ્રીહરિ સમીપે લાવ્યા.

તે સમયે સુરત નગરથી આવેલા ભાલચન્દ્ર વગેરે ભક્તજનો શ્રીહરિની પ્રસન્નતાને અર્થે બરફી, પેંડા વગેરે ભક્ષ્ય પદાર્થોના પાત્રો ખભા પર મૂકી શ્રીહરિ સમીપે આવ્યા. એ ભક્તજનોની સમયને ઉચિત સેવા જોઈ મંદમંદ હાસ્ય કરતા શ્રીહરિ પ્રસન્ન થયા તેમજ ભાલચન્દ્ર વગેરે ભકતજનોની પ્રશંસા કરવા લાગ્યા. તે સમયે મથુરા નગરથી આવેલા હરિભક્તો તત્કાળ ત્યાં આવ્યા ને શ્રીહરિની સાથે બહુ પરિચય નહીં હોવાને કારણે સંકોચ

પામતા હોય તેમ શ્રીહરિના ચરણમાં પેંડાનો પર્વત રચ્યો.

સર્વે પાર્ષદો પવિત્ર થઈ શ્રીહરિની આજ્ઞાથી પંક્તિબદ્ધ ગોઠવાયા. તેવામાં ભગવાન શ્રીહરિએ વિચાર કરી પોતાની સાથે તેમજ દેશાંતરથી પધારેલા મુનિઓને ભોજન ગ્રહણ કરવા બોલાવ્યા.

સર્વ મુનિજનો જ્યારે પોતપોતાની મર્યાદા પ્રમાણે પંક્તિમાં બેસી ગયા ત્યારે વિભુ પરમાત્મા શ્રીહરિએ બ્રાહ્મણોને પીરસવાની આજ્ઞા આપી. સેંકડો ચતુર વિપ્રો કછોટવાળી પરમેશ્વર શ્રીહરિની પ્રસન્નતાને અર્થે ક્ષણવારમાં જ પીરસવા લાગ્યા.

## ગુજરાતની આગવી પીરસણ કલા

ગુજરાત દેશની પીરસવાની ચાતુરીનાં દર્શન કરી પાશ્ચાત્ય પ્રદેશના મનુષ્યો હસવા લાગ્યા. દક્ષિણ દેશના કેટલાક મનુષ્યો પ્રશંસા કરવા લાગ્યા. અનેક પ્રકારનાં શાક, પેંડા, લાડુ વગેરે પદાર્થો એવી ચતુરાઈથી પીરસ્યા કે પાત્રમાં એકબીજા પદાર્થનો સ્પર્શ પણ થયો નહીં.

જ્યારે સમગ્ર પાત્રોમાં પીરસાયું ત્યારે ભગવાન શ્રીહરિએ પોતાના આશ્રિત મુનિઓને ભોજન ગ્રહણ કરવાની આજ્ઞા કરી. પ્રીતિપૂર્વક સ્વાદિષ્ટ ભોજન જમતા મુનિઓને ભગવાન શ્રીહરિએ વારંવાર લાડુ, પેંડા વગેરે પદાર્થો પીરસાવ્યા. સ્વાદિષ્ટ વાનગીઓથી તૃપ્ત થયેલા મુનિઓ હજુય પોતાના હાથની પ્રસાદી ઈચ્છે છે. એમ જાણી સ્વંય શ્રીહરિ હાથપગની શુદ્ધિ કરી પીરસવા લાગ્યા.

ભગવાન શ્રીહરિના હાથમાં રહેલા લાડુનો પ્રસાદ વારંવાર પ્રાપ્ત થવા છતાં તૃપ્ત થયેલા એ મુનિઓને કોઈ પણ વસ્તુ અરુચિકર બની નહીં.

ત્યારબાદ રાંધેલ ભાત જમવા લાગ્યા ત્યારે શ્રીહરિએ ઘીની ધાર કરી અને મુનિઓની ભોજનની રુચિ પૂર્ણ કરી. ત્યારબાદ ભોજનને અંતે છાસ જોઈએ. આ પ્રકારે પાર્ષદો કહેવા લાગ્યા ત્યારે તેમના અંતરના અભિપ્રાયને જાણી શ્રીહરિએ સર્કરા મિશ્રિત દૂધપાન કરાવ્યું. ભગવાન શ્રીહરિએ પાર્ષદોનાં પાત્રમાં દૂધની ધારા કરી એથી પાત્રો છલકાવાં લાગ્યાં તેમજ પૃથ્વી પર ચારે તરફ દૂધની રેલમછેલ થવા લાગી. ત્યારબાદ પોતાનાં ચરણકમળનો સ્પર્શ કરવાની ઈચ્છા ધરાવતા મનુષ્યો ભીડને કારણે એકબીજાની માથે પડશે એમ જાણી શ્રીહરિએ ત્યાંથી જવાની ઈચ્છા કરી. ત્યારબાદ શ્રીહરિ મનુષ્યોને ઉચ્ચ સ્વરે કહેવા લાગ્યા કે, 'હે પ્રેક્ષકો! હે ભોજન કરતા મુનિજનો! આજના દિવસે તમે પોતપોતાના નિવાસસ્થાને સિધાવો. આવતીકાલ તત્કાળ આવજો. હે રસોઈ તૈયાર કરનારા તેમજ પીરસનારા ભક્તો! તમે સર્વે સારી રીતે ભોજન ગ્રહણ કરો. આ પ્રકારે શ્રીહરિએ રસોયા ભક્તજનોને પણ આજ્ઞા કરી.

ભક્તજનોના કલ્પવૃક્ષ ભગવાન શ્રીહરિ તેઓને આજ્ઞા આપી જય સચ્ચિદાનંદ કહી પોતાના સિંહાસન પર પધાર્યા.

પાર્ષદો તેમજ મુનિજનો ભોજન કરી ચળું કરી હર્ષપૂર્વક વારંવાર દૂરથી શ્રીહરિનાં દર્શન કરતા કરતા ત્યાંથી પોતપોતાના સ્થાન પ્રત્યે ગયા.

હે રાજન! યોગીઓના ઈશ્વર ભગવાન શ્રીહરિ સિંહાસન પર વિરાજમાન થયા તે સમયે ભરૂચપુરનો સંઘ તત્કાળ ત્યાં આવ્યો. ભરૂચપુરના ભક્તજનોએ પ્રીતિથી પ્રભુને પ્રણામ કર્યા. શ્રીહરિએ પણ તેઓનું સ્વાગત કર્યું. ત્યારબાદ એ ભક્તજનોએ કેળાં, શેરડી વગેરે જે કાંઈ ઉપહારો લાવેલા તે સર્વે તે જ ક્ષણે શ્રીહરિની આગળ ધર્યા.

## ત્રણ વિપ્રોને ખાસ જમાડ્યા

એ ભક્તજનોએ અર્પણ કરેલી શેરડી, સોનેરી કેળાં તેમજ જામફળ વગેરે નિહાળી શ્રીહરિએ પોતાની આગળ સભામાં બિરાજતા ભક્તો પર નજર કરી. સભાના આગળના ભાગમાં બિરાજતા ભક્તો પર નજર કરી. સભાના આગળના ભાગમાં મજબૂત કછોટો બાંધીને બેઠેલા પ્રાગજી પુરાણી, વૃદ્ધાવસ્થાને કારણે ખભાના ભાગથી નમેલા મયારામ વિપ્ર તેમજ નચિકેતા વિપ્રને શ્રીહરિએ નિહાળ્યા. ત્યારબાદ શ્રીહરિ હસતા હસતા પ્રાગજી પુરાણી પ્રત્યે કહેવા લાગ્યા કે હે વિપ્રો! આજે તમને ત્રણેને ભોજન કરવાની ઈચ્છા વર્તે છે કે નહીં?

શ્રીહરિએ આ પ્રકારે કહ્યું તેથી પ્રાગજી પુરાણી શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા કે,'હે સ્વામિન્ ! ઉદરમાં ભૂખ તો રહેલી છે છતાં માર્ગના પરિશ્રમની પીડાથી આજ રસોઈ બનાવવી નથી. કેવળ જળપાન કરીને શયન કરીશું.' આ પ્રકારે પ્રાગજીએ કહ્યું તેથી હસતા હસતા શ્રીહરિ કહેવા લાગ્યા કે, 'હે વિપ્ર! કાલ એકાદશીનું વ્રત અવશ્ય કરવાનું હોવાથી તમે ત્રણેય આ કેળાં, ઘી ને સાકર સારી રીતે જમો. આ પ્રકારે શ્રીહરિએ કહ્યું તેથી અલ્પ હાસ્ય કરી પ્રાગજી કહેવા લાગ્યા કે,'હે કૃપાનાથ! તમારી

ઈચ્છા અત્યારે જ પૂર્ણ થાઓ.' તેનાં વચન સાંભળી શ્રીહરિએ બહુ પાકેલાં કળાં તેમજ શુદ્ધ સાકર ત્રણે વિપ્રને અર્પણ કર્યા. આટલું પર્યાપ્ત છે. આ પ્રમાણે વચનથી તેમજ હાથથી નિષેધ કરતા વિપ્રોને શ્રીહરિએ કળાં તેમજ બરફી વારંવાર અર્પણ કરી.

ત્યારબાદ બ્રાહ્મણપ્રિય શ્રીહરિએ શેર ઘી તેમજ દૂધથી ભરેલો ઘડો અર્પણ કર્યો. ત્રણે વિપ્રોએ શ્રીહરિએ અર્પણ કરેલો સર્વ પ્રસાદ ટોપલામાં ગ્રહણ કર્યો. તેના ભારથી તેઓના ખભાઓ પણ નમી ગયા ને પોતાના ઉતારા પ્રત્યે પ્રયાણ કરવા લાગ્યા.

## પોતાના નિવાસ સ્થાને સાયંકાલ પ્રાર્થના વિધિ

શ્રીહરિએ આ પ્રકારે વડતાલ પુરમાં આવેલા સર્વ ભક્તજનોને સંતોષ પમાડી પોતાની સાંયકાળ ઉચિત સંધ્યાવંદનાદિ કર્મ કરવાની ઈચ્છા કરી. એ સમયે સકળ લોકના સ્વામી શ્રીહરિ સિંહાસન પરથી ઊભા થયા તેમજ પોતાના હાથની સંજ્ઞાથી જન સમુદાયને દૂર કરતા કરતા પોતાના પાંચ કે છ પાર્ષદોની સાથે પોતાના નિવાસસ્થાને પધાર્યા.

પ્રવાસ યાત્રાના ધર્મને અનુસરતા શ્રીહરિએ સ્નાન કરી વિશુદ્ધ વસ્ત્રો પરિધાન કર્યા. સ્વંય ઈશ્વર હોવા છતાં બ્રાહ્મણોની શિક્ષાને અર્થે વિધિ અનુસાર વેદોક્ત સંધ્યાવંદન કર્મ અનુષ્ઠાન કર્યું.

વડતાલનગરમાં શ્રીહરિનાં ભકતજન નરનારીઓએ શ્રીહરિને અર્થે ફલાહારની સામગ્રી તૈયાર કરાવી. સ્વધર્મનિષ્ઠ ભક્તરાજ વિપ્ર ગંગાબાએ શુદ્ધ કરેલું સુરણ ઘીમાં તળ્યું. ખારેકની ખીર, શીંગોડાની પૂરી, સફેદ પેંડા, સુંદર બરફી વગેરે ભક્ષ્ય વાનગીઓ તૈયાર કરાવી ઉજ્જવળ પાત્રમાં ભરી તેમજ જોબનપગી વગેરે વ્રતપુર નિવાસી મુખ્ય ભક્તજનો પ્રત્યે કહેવા લાગ્યા કે શ્રીહરિને અહીં તેડી લાવો. ભોજન સમગ્રી તૈયાર થઈ ગઈ છે. સ્ત્રીભક્તોના આમંત્રણથી જોબનપગી શ્રીહરિ પાસે આવ્યા તેમજ ભોજનને અર્થે પુરમાં પધારવા પ્રાર્થના કરી.

ભગવાન શ્રીહરિ કહેવા લાગ્યા, 'હે ભક્તો! નગરમાં મનુષ્યોની અતિશય ભીડ છે, તેથી હું ત્યાં કેમ આવી શકું ? તેથી જે કંઈ ફલાહાર અથવા દૂધ તૈયાર હોય તે અહીં જ લાવો.'

ત્યારબાદ ગંગાદેવીએ શ્રીહરિની આગળ પૃથ્વી પર ભોજન થાળ અર્પણ કરી નમસ્કાર કર્યા. શ્રીહરિએ પણ સાંયકાળનો વિધિ સમાપ્ત કરી સુરણના શાકમાં મીઠું નાખી શ્રીકૃષ્ણ પરમાત્માને નિવેદન કર્યું તેમજ ભક્તજનોની પ્રસન્નતાને અર્થે સ્વંય પૂર્વમુખે ભોજન સ્વીકારવા વિરાજમાન થયા.

સંતોના પતિ ભગવાન શ્રીહરિએ મધુર પદાર્થોને પોતાની આંગળીથી માત્ર સ્પર્શ કરી સર્વ ભક્તજનોની પ્રસન્નતાને અર્થે સુરણ વગેરે ફલાહાર અલ્પ પ્રમાણમાં આરોગ્યો.

હું તૃપ્ત થયો છું આ પ્રમાણે કહી પછી બાકી રહેલ ભોજનયુક્ત પાત્ર પાર્ષદોને અર્પણ કરીને શ્રીહરિએ ચળું કરવા માટે જળગ્રહણ કર્યું. જળથી મુખ તેમજ હસ્તપ્રક્ષાલન કરી શ્રીહરિ પોતાના શયનખંડમાં પધાર્યા તે સમયે શ્રીહરિના દર્શન કરવા પધારેલા ભક્તજનો પોતપોતાના સ્થાને ગયા.

## હરિભક્તોની તેમના ઉતારે ખબર પૂછી

શ્રીહરિ એક મુહૂર્ત પર્યંત શયન કરી જાગ્રત થયા ને તત્કાળ નાનભક્તને કહેવા લાગ્યા કે અશ્વ તૈયાર કરીને અહીં લાવો. નાનભક્ત પણ તત્કાળ અશ્વ લાવ્યા. સમગ્ર ભક્તજનોના ઈચ્છિત મનોરથ પૂર્ણ કરતા ભગવાન શ્રીહરિ જે જે સ્થળે ભક્તજનોનાં નિવાસસ્થાન હતાં તે તે સ્થળને જોવાની ઈચ્છાથી કેટલાક પાર્ષદોની સાથે અશ્વ પર આરૂઢ થયા.

આ ભક્તજનો મારા દર્શન માટે દૂર દૂર દેશથી આવ્યા છે. તેથી કોઈ સ્થળે તેઓને કષ્ટ પ્રાપ્ત ન થાય તે માટે શ્રીહરિ તેમના સ્થાન પ્રત્યે પધાર્યા. ત્યારબાદ સર્વજનોનાં જુદાંજુદાં નિવાસસ્થાનોમાં પધારી શ્રીહરિ તેમના કુશળ સમાચાર પૂછવા લાગ્યા. તેમને જે કાંઈ વસ્તુ જોઈતી હતી તે અપાવી.

## પ્રાતઃકાલ વિધિ કરી

રાત્રિનો અંતિમપ્રહર થતાં બંદીજનો મધુર સ્વરે મંગળ સંકીર્તન કરવા લાગ્યા. એ ગીતોનું શ્રવણ કરી શ્રીહરિ તત્કાળ જાગ્રત થયા. ભગવાન શ્રીહરિ પર્યંક પર પદ્માસનવાળી બિરાજમાન થયા ને પોતાના અચળ, અક્ષરથી પર, અદ્વિતીય તેમજ એક પુરુષોત્તમ સ્વરૂપનું

એકાગ્ર મનથી અંતરમાં ધ્યાન કરવા લાગ્યા. પછી શૌચવિધિ કરી શ્રીહરિએ તત્કાળ ભક્તજનોએ લાવેલ પવિત્ર જળથી સ્નાન કરીને પવિત્ર વસ્ત્રો પરિધાન કર્યા.

અખિલ જગદ્‌ગુરુ ભગવાન શ્રીહરિ ઉત્તમ દર્ભાસન પર બિરાજમાન થયા ને ઊર્ધ્વપુંડ્ર તિલક કર્યું તેમજ નિત્યવિધિ સમાપ્ત કરી. એ દિવસે સર્વ એકાદશીમાં શ્રીકૃષ્ણ પરમાત્માની નિરંતર કરવામાં આવતી મહાપૂજાથી તેમનું મહાપૂજન કર્યું.

## શ્રીહરિએ પરમાત્માની પૂજા

શ્રીહરિના આમંત્રણથી વેદને જાણતા, શાસ્ત્ર લક્ષણ સંપન્ન તેમજ પૂજાવિધિમાં વિશારદ બ્રાહ્મણો ત્યાં આવ્યા.

ધર્મ સ્થાપનને અર્થે શ્રીહરિ શ્રીકૃષ્ણ પરમાત્માનું પૂજન કરે છે. આ પ્રકારે જાણતા વિપ્રોએ શ્રીહરિ પાસે સમગ્ર પૂજાવિધિ કરાવી. વિપ્રોએ અનેકવિધ રંગોથી સુશોભિત કરેલા સર્વકોભદ્ર મંડળની રચના કરાવી. તેના મધ્ય ભાગમાં સુવર્ણ નિર્મિત કળશની સ્થાપના કરી. પાંચ પત્રોથી યુક્ત તેમજ સૂક્ષ્મ વસ્ત્રથી વીંટેલા એ કળશના ઉપરના ભાગમાં રમણીય આચ્છાદન વસ્ત્રથી શોભતાં શુભ પાત્રમાં શ્રીકૃષ્ણ પરમાત્માની સુંદર સુવર્ણમય મનોહર પ્રતિમાની પ્રાણ પ્રર્તિષ્ઠા વિધિ કરી આદરપૂર્વક સ્થાપના કરી.

એકાગ્ર વૃત્તિ ધરાવતા બ્રાહ્મણોએ બીજા અંગદેવતાઓ તેમજ પાર્ષદોની પણ તંત્ર શાસ્ત્રવિધિ અનુસાર તે તે દિશાઓમાં સ્થાપના કરી. એ વિપ્રોએ સમગ્ર ચંદનાદિ પૂજા સામગ્રીને પોતાની સમીપ લઈ વૈદિક તેમજ તંત્રશાસ્ત્રમાં પ્રતિપાદિત કરેલા મંત્રથી પૂજા કરાવી. સદ્ધર્મનું પોષણ કરતા શ્રીહરિ જ્યારે પૂજા કરી રહ્યા હતા ત્યારે ધરતી પર ચારે બાજુ આનંદ છવાયો.

એ સમયે વીણા, વેણુ, શંખ, દુદુંભી વગેરે અનેક પ્રકારના વાજિત્રોં વારંવાર વાગવા લાગ્યાં. એ સમયે શ્રીહરિના આશ્રિત હજારો નરનારી ચારે તરફથી ત્યાં આવવાં લાગ્યા. ત્યાં પધારેલા ભક્તજનો અતિશય હર્ષપૂર્વક મંગળગીતો ગાવા લાગ્યા. બ્રાહ્મણો ઉત્સાહથી વેદમંત્રોનો ઉચ્ચ સ્વરે ઘોષ કરવા લાગ્યા.

શ્રીહરિએ બ્રાહ્મણોએ કરેલા આહ્વાહન આદિ ષોડશોપચાર વિધિથી શ્રીકૃષ્ણ પરમાત્માની પૂજા કરી. દૂધ



વગેરે પંચામૃત દ્રવ્યથી શ્રીકૃષ્ણ પરમાત્માને સ્નાન કરાવી એ મંત્રથી શુદ્ધોદક જળ વડે અભિષેક કર્યો. શ્રીહરિએ અમૂલ્ય વસ્ત્રો, આભરણ, સુગંધીમાન ચંદન તેમજ મનોહર પુષ્પોના હારથી શ્રીકૃષ્ણ ભગવાનનું પૂજન કર્યું.

શ્રીહરિએ દશાંગ ધૂપ અર્પણ કરી સેંકડો દીપ અર્પણ કર્યા. બહુ પ્રકારના મનોહર નેવૈધ અર્પણ કર્યા. મધ્યે જળપાન અર્પણ કરી ઉત્તરાપોશન અર્પણ કર્યું. પાન સોપારીનો મુખવાસ અર્પણ કરી આરતી ઉતારી.

ત્યારબાદ શ્રીહરિએ મંત્રપુષ્પાજંલિ અર્પણ કરી ભક્તિભાવ અને આદરપૂર્વક સાષ્ટાંગ પ્રણામ કરી પૂજાની સમાપ્તિ કરી. શ્રીહરિએ પૂજાની સમાપ્તિ કરી વિધિ અનુસાર નિત્ય દાન કર્યું અને ત્યાં આવેલા બ્રાહ્મણોની પૂજા કરી. શ્રીહરિએ સો ગાય, સુવર્ણ તિલ વગેરે પદાર્થોનું બ્રાહ્મણોને દાન કર્યું તેમજ રૂપાની સો મુદ્રાઓ દાનમાં અર્પણ કરી.

## શ્રીહરિએ ભક્તજનોને દર્શન આપ્યાં.

શ્રીહરિ જ્યારે સિંહાસન પર બિરાજમાન થયા ત્યારે સર્વ દિશાઓમાં શ્રીહરિનાં નામનો જ મંગળ જયઘોષ થવા લાગ્યો

તેમજ સર્વ ભક્તો સાષ્ટાંગ પ્રણામ કરી દર્શન કરવા લાગ્યા. શ્રીહરિએ સર્વને હાથની સંજ્ઞાથી નીચે બેસાડ્યા તેમજ એક મુહૂર્ત(૪૮ મિનિટ) પર્યંત સર્વ ભક્તજનોને પોતાનું દર્શન આપ્યું.

સર્વ ભક્તજનો હર્ષપૂર્વક સભામાં બિરાજમાન થયા ત્યારે મુનિજનોએ પોતપોતાનાં વાજિંત્રો તૈયાર કર્યા. વિપંચિકા, મૃદંગ, ઝાંઝ, કાંસા, તાલ વગેરે વાંજિત્રો સજજ કરી સ્વરના આલાપ સાથે મુનિઓ ગાન કરવા લાગ્યા. મુનિજનોએ એક મુહૂર્ત પર્યંત ગાન કર્યું. એ સમયે સર્વના

અભિપ્રાયને જાણતા શ્રીહરિએ પોતપોતાના વાજિંત્રોને સુસજ્જ કરી ગાન કરવાની પ્રતીક્ષા કરી રહેલા દેશાંતર નિવાસી ભક્તજનોને નિહાળ્યા.

ત્યારબાદ શ્રીહરિએ મુનિજનોને વિશ્રાંતિ સ્વીકારવાનો તેમજ દેશાંતર નિવાસી ભક્તજનોને ગાન કરવાનો આદેશ કર્યો. એ ભક્તવૃંદની ગાયન ચાતુરીને જાણી શ્રીહરિએ તેઓનો અતિશય સત્કાર કર્યો. એ સમયે ત્રાંસાં આદિ વાજિંત્રોને સજ્જ કરી પ્રતીક્ષા કરી રહેલ વાદકજનોની મંડળીને નિહાળી શ્રીહરિએ ગાયકવૃંદને વિશ્રાંતિ સ્વીકારવાનો તેમજ બીજા વાદકજનોને વાજિંત્ર વગાડવાનો પોતાના હાથની સંજ્ઞાથી આદેશ કર્યો.

તે સર્વ વાદકજનો અતિશય ઉત્સાહપૂર્વક પોતપોતાનાં વાજિંત્રો વગાડવા લાગ્યા. તેઓની વાજિંત્ર વગાડવાની હસ્તકળા ને ચતુરાઈ નિહાળી શ્રીહરિ પ્રશંસા કરવા લાગ્યા. એ સમયે અતિશય પ્રસન્ન થયેલા શ્રીહરિએ વાજિંત્ર વગાડતાં મનુષ્યોને વસ્ત્રો અર્પણ કર્યા. પછી શ્રીહરિ સિંહાસન પર ઊભા રહીને સમગ્ર મનુષ્યમય ભૂમિને નિહાળવા લાગ્યા.

## ભક્તોએ પૂજનવિધિ કરી

એ અવસરે પોતાનું પૂજન કરવા પૂજાનાં પાત્રોને હાથમાં ધારણ કરી ભક્તજનો ઊભા હતા. તેઓના અંતરમાં શ્રીહરિનું પૂજન કરવાની અતિશય ઉત્કંઠા વર્તતી હતી. તેઓની ઉત્કંઠાને જાણતા દયાનિધિ તેમજ ભક્તપ્રિય ભગવાન શ્રીહરિ

તેઓનો મનોરથ પૂર્ણ કરવા મેઘગંભીર વાણીથી તેમના પ્રત્યે કહેવા લાગ્યા કે, 'હે ભક્તજનો! પ્રત્યેક ગામના મનુષ્યો પરસ્પર ભેળા મળી અલગ અલગ સમૂહમાં તત્કાળ મારી સમીપે આવો. કોઈએ પણ પૂજનમાં વિલંબ ન કરવો એક સમુદાય પૂજા કરી પ્રયાણ કરે ત્યારે બીજા ભક્તજનોએ પૂજન કરવા આવવું.'

હે રાજન! શ્રીહરિના કહેવાથી એ ભક્તજનો કહેવા લાગ્યા કે, 'હે પ્રભુ! તમે જે પ્રકારે કહ્યું તેમ અમે કરીશું'. આ પ્રકારે શ્રીહરિની આજ્ઞા મસ્તક પર ધારણ કરી ભગવતપૂજન કરવા લાગ્યા.'

સુવ્રત મુનિ કહે છે, 'હે રાજન! શ્રીહરિની સેવામાં પ્રીતિમાન નિહારચંદ નામના દરજીએ ભક્તજનોએ પોતાની રીતે સીવેલા વિશાળ અંગરખાને એ જ સમયે ધારણ કરવા યોગ્ય બનાવી શ્રીહરિને ધારણ કરાવ્યું.'

એકાદશીના દિવસે સર્વ ભક્તજનોએ ઉપવાસ કર્યો. ભગવાન શ્રીહરિએ પણ ધર્મમર્યાદાનું સ્થાપન કરવા ઉપવાસ કર્યો. 'હે રાજન! નાગદેવતા નામના મુહૂર્તથી આરંભી દિવસના અર્યમા મુહૂર્ત પર્યંત વડતાલમાં એ દિવસે શ્રીહરિના પૂજનનો મહોત્સવ ઊજવાયો.' ત્યારબાદ શ્રીહરિએ ભાગ્ય નામના મુહૂર્તમાં સભામાં બિરાજતા બ્રાહ્મણોને સાંય સંધ્યાવંદન કરવાનો આદેશ કર્યો.

ભગવાન શ્રીહરિને સ્વધર્મનું પાલન અતિશય પ્રિય છે. એમ જાણી સર્વે બ્રાહ્મણો શ્રીહરિનો આદેશ થતાં તળાવનાં કિનારે ગયા. મનુષ્યોને એક ઘડી વિશ્રામ પ્રાપ્ત થાય એથી સ્વંય શ્રીહરિ પણ ઊંચા સિંહાસન પરથી નીચે ઉતર્યા ને પોતાના નિવાસ સ્થાને પધાર્યા. ત્યારબાદ સભામાં બિરાજતા મનુષ્યો તેમજ મુનિઓ પણ પોતપોતાના નિવાસસ્થાને પધારીને કિંચિત વિશ્રાંતિ સ્વીકારી જળપાન કરી ફરી સભામાં પધાર્યા. વિપ્રો પણ સંધ્યાવિધિ કરી તત્કાળ ત્યાં આવ્યા ને ફરી સભામાં પોતપોતાના સ્થાને યથાયોગ્ય બિરાજ્યા.

## સાયંકાલ વંદના અને સત્સંગ

એ અવસરે શરણાગતોના દુઃખને નિવારતા ભગવાન શ્રીહરિએ પણ કિંચિત વિશ્રાંતિ સ્વીકારી સંધ્યાવંદન કર્માનુષ્ઠાન કર્યું. ત્યારબાદ સિંહાસન પર બિરાજમાન થયા.

એ અવસરે વિઠ્ઠલદાસ ને કૃષ્ણદાસ નામના ભક્તજનો ઊંચા રાખેલ હાથે મશાલો ધારણ કરી શ્રીહરિની બન્ને બાજુએ ઊભા રહ્યા. શ્રીનારાયણ નામના સંકીર્તનના અંતે મુનિજનો તેમજ મનુષ્યો જ્યાં પોતાને નમસ્કાર કરે તેવામાં તો શ્રીહરિ પોતાના આસન પર બિરાજમાન થયા અને સમગ્ર ભક્તજનોના અંતરમાં બિરાજતા સ્વસ્વરૂપને નમસ્કાર કરવા લાગ્યા. શ્રીહરિની બેસવાની ચતુરાઈ નિહાળી વિસ્મય પામેલા મુનિજનો પોતાના પ્રિયતમ પ્રભુને નમસ્કાર કરી સ્તુતિ કરવા લાગ્યા.

હે ગોવિંદ! હે નારાયણ! હે વાસુદેવ! હે શ્રીકૃષ્ણ ! હે સંકર્ષણ! હે પદ્મનાથ! હે નર! હે ઈશ્વર! હે લોકનાથ! હે હરિ! હે મુકુંદ! હે આદ્ય! તમને વારંવાર નમસ્કાર.

હે રાજન! આ પ્રકારે સર્વ ભક્તજનોએ પ્રાર્થના કરી શ્રીહરિના સ્વરૂપમાં મન સ્થિર કર્યું તેમજ પરમેશ્વર શ્રીહરિને પ્રણામ કરી પોતપોતાના સ્થાને બિરાજમાન થયા. સર્વ ભક્તજનો જ્યારે સભામાં બેસી ગયા ત્યારે કંઈક કહેવાની અંતરમાં ઈચ્છા ધરાવતા અને સર્વનું હિત કરતા શ્રીહરિએ સમગ્ર ભક્તજનોને હાથની સંજ્ઞાથી મૌન કર્યા.

## પ્રાતઃકાલ સુધી સંકીર્તન

શ્રીહરિની પ્રેરણાથી તેમના મુખકમળ સામે દૃષ્ટિ સ્થિર કરી ભક્તજનો જ્યારે મૌન થયા ત્યારે ભગવાન શ્રીહરિ મેઘગંભીર વાણીથી આ પ્રમાણે કહેવા લાગ્યા, 'હે ભક્તો! મારા આશ્રિત મુનિજનો તેમજ સર્વેજનો હું જે વચન કહું તે એકાગ્ર મનથી સાંભળો. જાગરણ કરવાથી જ વ્રત સંપૂર્ણ ફળ આપનારું થાય છે તેથી આજે શ્રીકૃષ્ણ પરમાત્માનાં ગુણોનું સંકીર્તન કરી જાગરણ કરીએ.'

આ પ્રકારે કહી શ્રીહરિએ સંસ્કૃત તેમજ પ્રાકૃત ભાષામાં રચેલા શ્રીકૃષ્ણ પરમાત્માના પદોનું મુક્તાનંદસ્વામી વગેરે સંતવૃંદ પાસે ગાન કરાવ્યું. ભક્ત સમુદાયને મનોહર ભગવાન શ્રીહરિ ઉચ્ચ સ્તરે તાલી બજાવી સાધુઓને પણ તાલી બજાવવાની પ્રેરણા કરી તેમની સાથે ગાન કરવા લાગ્યા.

'હે રાજન! આ પ્રકારે અનાદિ ઋષિ શ્રીહરિએ ભક્તજનોને આનંદ ઉપજાવી તેઓની સાથે જાગરણ કર્યું. તેવામાં રાત્રિનો અંતિમ પ્રહર થયો. એ સમયે ઉચ્ચ સ્વરે કૂકડાના બોલાવાનો અવાજ સંભળાયો.'

ત્યારબાદ શ્રીહરિએ મુનિ તેમજ સર્વજનોને નિત્ય કર્મ કરવાની આજ્ઞા આપી. સર્વ ભક્તજનોએ શ્રીહરિને નમસ્કાર કર્યા તેમજ શ્રીહરિ પણ પોતાના પટ મંડપમાં પધાર્યા ને સ્નાનાદિ ષટ્કર્મ કર્યું.

## ધર્મકુળની શ્રીહરિને વિનંતી

ભગવાન શ્રીહરિએ શ્રીકૃષ્ણ ભગવાનનું વિધિ પ્રમાણે ઉત્તર પૂજન કર્યું તેમજ સુવર્ણની મૂર્તિનું બ્રાહ્મણોને દાન કર્યું. સેંકડોને હજારો બ્રાહ્મણોને ઘી સાકરના ઈચ્છિત ભક્ષ્ય, ભોજ્ય વગેરે ભોજન કરાવ્યાં તેમજ મુનિજનો તથા પાર્ષદોને પૂર્વની માફક સારી રીતે ભોજન કરાવ્યાં. પછી શ્રીહરિએ સ્વંય રસોઈ તૈયાર કરવાનો પ્રારંભ કર્યો. એ સમયે રામપ્રતાપજી અને ઈચ્છારામજી પોતાની પત્નીઓ સહિત શ્રીહરિ સમીપે આવ્યા અને વિનયપૂર્વક બહુ પ્રકારે પ્રાર્થના કરવા લાગ્યા.

રામપ્રતાપભાઈ તેમજ ઈચ્છારામભાઈએ વિનંતી કરી કે, 'હે શ્રીહરિ! અત્યાર સુધી આપણી જ્ઞાતિના વિપ્રનો અભાવ હોવાને કારણે તમે સ્વંય જાતે રસોઈ તૈયાર કરતા. હે ધર્મનિષ્ઠ! તમારા માટે યોગ્ય જ હતું પરંતુ અત્યારે તો પરિવારે સહિત અમે સર્વે તમારે જ શરણે આવ્યા છીએ. જીવન પર્યંત તમારી સમીપે જ અમે રહીશું. તેથી અમે રસોઈ તૈયાર કરીએ તેનો તમે સ્વીકાર કરો. તમારી સેવાથી અમે કૃતાર્થ બનીશું.'

વિનંતીનો સ્વીકાર કરતાં શ્રીહરિએ કહ્યું, 'હે બંધુઓ! તમે સન્માન કરવા યોગ્ય છો. તમે જે કહ્યું તે પ્રમાણે હું કરીશ. પરિવાર સહિત તમને સ્વરૂપમાં નિષ્કપટ ભાવ પ્રવર્તે છે, તે હું જાણું છું. તમારા બંન્નેના મધ્યે એકના ઘરે એક દિવસ ભોજન સ્વીકારીશ, તેથી પ્રતિદિન શ્રીકૃષ્ણ પરમાત્માને નૈવેદ્ય ધરાવી મને ભોજન માટે આમંત્રણ આપવું. ભક્તજનો મારે માટે જે કાંઈ કાચું સીધું અર્પણ કરે તેનો તમારે સ્વીકાર કરવો અને તેને શુદ્ધ કરી રસોઈ તૈયાર કરવી.'

હે રાજન! આ પ્રકારે શ્રીહરિએ કહ્યું તેથી બંન્ને બંધુઓ તેમજ તેમની પત્નીઓનાં મન પ્રસન્ન થયાં અને સર્વ ભક્તજનો પણ પ્રસન્ન થયા. ત્યારબાદ તે દિવસે રામપ્રતાપના નિવાસસ્થાને સુવાસિની દેવીએ રસોઈ તૈયાર કરી. શ્રીહરિએ ત્યાં પારણાં કર્યાં.

ત્યારબાદ શ્રીહરિ સર્વ ભક્તજનોને પોતાનું દર્શન આપવા ઉચ્ચ સિંહાસન સમીપે પધાર્યા તેમજ પીઠિકાપર બે ઘડી પર્યંત વિરાજમાન થયા.

## પુષ્પદોલોત્સવ ઉજવવા પ્રાર્થના

સભાની ચારે તરફ બેઠેલા ભક્તજનોને પોતાની કૃપાદૃષ્ટિથી આનંદ ઉપજાવી સભામાં વિરાજમાન થયેલા શ્રીહરિને પ્રણામ કરી પુરવાસી કુબેરજી વગેરે ભક્તજનો પૂછવા લાગ્યા,'હે શ્રીહરિ ! નરનારાયણ ભગવાનનો પુષ્પદોલોત્સવ ક્યારે ઉજવવો? એ અમને જણાવો, જેથી અમે એ ઉત્સવને ઉચિત સામગ્રી સંપાદન કરીએ.

શ્રીનારાયણમુનિ કહે છે, 'હે ભક્તો! સ્વંયભૂ

મન્વન્તરમાં ફાગણ સુદી પૂર્ણિમાની તિથિએ અર્યમા દેવતા તેમજ ઉત્તરા ફાલ્ગુન નક્ષત્રમાં શ્રીનરનારાયણ ભગવાનનું પ્રાગટ્ય થયું છે.

એ સમયે બ્રહ્માદિ દેવતાઓ ભગવાન શ્રીનરનારાયણને દિવ્ય હિંડોળામાં પધરાવી ઝુલાવે છે. એ દિવસથી આરંભી આ ઉત્સવ લોકમાં વિખ્યાત થયો છે.

જે દિવસે ભગવાન બાળક સ્વરૂપે પ્રગટ થયા હોય ત્યારે તે દિવસે તિથિનું પ્રાધાન્યપણું ગ્રહણ કરવું. એ પ્રામણે ન હોય અને સાક્ષાત કિશોર અવસ્થા સ્વરૂપે પ્રગટ્યા હોય ત્યારે નક્ષત્રનું પ્રાધાન્યપણું ગ્રહણ કરવું.

શ્રીનરનારાયણ ભગવાન આપણા પૂજ્ય દેવ છે. વર્ણિરાજ શ્રી ભગવાન સાક્ષાત સોળ વર્ષના બની ધર્મદેવ તેમજ ભક્તિદેવી થકી પ્રગટ થયા છે. એ વાત પ્રસિદ્ધ છે. એ કારણે આ નક્ષત્રવ્રત સૂર્યોદય સમયે અર્યમા નક્ષત્રમાં જ મારા સર્વ આશ્રિત વર્ગે ગ્રહણ કરવું અને ઉત્સવ ઊજવવો.'

## વડતાલના ભક્તજનોની તૈયારીઓ

સુવ્રત મુનિ કહે છે, 'હે રાજન! આ પ્રમાણે ભક્તજનો પ્રત્યે કહી ભગવાન શ્રીહરિએ પુરમાં બિરાજતા તેમજ જ્યોતિષ શાસ્ત્રને જાણતા મયારામ વિપ્રને એ નક્ષત્ર વિષે પૂછ્યું. મયારામ વિપ્ર તે જ ક્ષણે પોતાની પાઘમાંથી પંચાંગ પત્ર કાઢી જોવા લાગ્યા ને આ નક્ષત્ર ફાગણ વદ પ્રતિપદાના દિવસે છે. એ પ્રમાણે શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા કે શ્રીનરનારાયણ ભગવાનના પ્રાગટ્યનો ઉત્સવ ફાગણ વદ પડવાને દિવસ ઉજવવો. શ્રીહરિની વાત સાંભળી એ ભક્તજનો પણ ઉત્સવને ઉચિત સામગ્રી ભેળી કરવા તત્પર બન્યા ને પુરમાં પધાર્યા.

ત્યારબાદ ભગવાન શ્રીહરિએ સાયંકાળે શ્રીકૃષ્ણનું નામ સંકીર્તન કર્યું તેમજ મુનિઓ પાસે તેમના ગુણાનુવાદોનું ગાન કરાવ્યું. ત્યારબાદ શ્રીહરિએ એકાદશીના દિવસે જાગરણ કરતા ભક્તજનોને પોતપોતાના નિવાસસ્થાન પ્રત્યે જવાનો આદેશ કર્યો અને સ્વંય પોતાના નિવાસસ્થાન પ્રત્યે પધાર્યા. પોતાના નિવાસસ્થાને હસ્ત તેમજ ચરણને પ્રક્ષાલન કરી શ્રીહરિએ નિત્યવિધિ કરી. સત્પુરુષોનું હિત ચિંતવન કરતા કરતા યોગનિદ્રાના સ્વામી શ્રીહરિએ સુખપૂર્વક યોગનિદ્રાનો સ્વીકાર કર્યો.

પ્રાતઃકાળના સમયે જાગ્રત થઈ શ્રીહરિએ નિત્યકર્મનું અનુષ્ઠાન કર્યું. તેવામાં પુરવાસી ભક્તજનોએ ઉત્સવને ઉચિત સામગ્રી તૈયાર કરી.

ચૌદશને પ્રાતઃકાળે પોતાની નિત્યવિધિ પૂર્ણ કરી શ્રીહરિએ કુબેરજી વગેરે ભક્તજનોની પ્રાર્થનાથી તેમણે ભેળી કરેલી ઉત્સવ ઉપયોગી સામગ્રી નિહાળી.

## શ્રીહરિની આજ્ઞાઓ

એ અવસરે શ્રીહરિ આશ્રિત વર્ગને ઉપદેશ કરવા લાગ્યા કે, 'હે ભક્તો! મારા આશ્રિત પુરુષોએ લોકમાં કુસંગીજનોની પેઠે હાળીના દિવસે અપશબ્દોનું ઉચ્ચારણ ક્યારેય ન કરવું તેમજ ગધેડા પર ક્યારેય ન બેસવું.'

પૂર્ણિમાના દિવસે નિત્યકર્મ સમાપ્ત કરી શ્રીહરિ સ્વંય ઉચ્ચ સિંહાસન પર વિરાજમાન થયા તેમજ વિનય યુક્ત ભક્તજનો શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા.

પૂર્ણિમાની તિથિ સ્ત્રીઓના પૂજનનો સત્કાર કરવામાં જ સંપૂર્ણ રીતે પસાર થઈ તેથી રાત્રે અલ્પ નિદ્રાનો શ્રીહરિએ સ્વીકાર કર્યો. દોઢ પ્રહર બાકી રહેતા સદૈવ જાગ્રત શ્રીહરિએ યોગ નિદ્રાનો ત્યાગ કર્યો. જાગ્રત થઈ શ્રીહરિએ એ જ સમયે મુકુંદ બ્રહ્મચારી આદિ સેવકોને જગાડ્યા અને શ્રીબદરીપતિ ભગવાનની મહાપૂજા કરવા માટે બધી સામગ્રી ભેળી કરાવી.

## શ્રીનરનારાયણનું પૂજન

શ્રીહરિએ સ્નાન કરી તત્કાળ નિત્યવિધિ સમાપ્ત કરી. વિધિમાં નિપુણ બ્રાહ્મણોને આમંત્રણ આપ્યું. શ્રીનરનારાયણ દેવની સુવર્ણ પ્રતિમાનું પૂર્વની માફક પૂજન કર્યું. આહ્વાહન આદિક ષોડશોપચાર દ્રવ્યથી ભક્તિભાવપૂર્વક શ્રીનરનારાયણ ભગવાનની પૂજા કરી શ્રીહરિએ તેમને વંદન કર્યા. ત્યારબાદ તત્કાળ નિર્માણ કરાવેલા તેમજ અનેક સ્તંભોથી શોભતા દિવ્ય સુમનોહર મંડપમાં સુવર્ણનો હિંડોળો બાંધ્યો.

મણિઓની પંક્તિથી શોભતા એ સુવર્ણના હિડોળામાં બદરીપતિ શ્રીનરનારાયણ ભગવાનને પધરાવી શ્રીહરિએ પ્રણામ કરી પૂજન કર્યું. કસ્તુરી

કેસરયુક્ત કર્પૂરમિશ્રિત ચંદનથી શ્રીનારાયણ ભગાવનનું પ્રીતિપૂર્વક પૂજન કર્યું. અનેકવિધ પુષ્પના હાર અર્પણ કર્યા. મહાનૈવેદ્ય અર્પણ કર્યું તેમજ એક ઘડી પર્યંત ઝુલાવી મહાઆરતી ઉતારી. પ્રકાશમાન મોતીઓથી રચેલા કળશના મધ્યે કર્પૂરના દીપને સુવર્ણના પાત્રમાં શ્રીહરિએ સ્થાપન કર્યો. એ દીપપાત્રને હાથમાં ધારણ કરી શ્રીનારાયણ ભગવાનની સન્મુખ ઊભા રહ્યા. જાણે તેમનું ધ્યાન ધરી રહ્યા હોય તેમ મનુષ્યભાવનું અનુકરણ કરતા શ્રીહરિએ દીપપાત્રને ધીરે ધીરે ઊંચે ગોળાકાર ફેરવવા લાગ્યા ને પોતાના હસ્તકમળના વિલાસથી ભક્તજનોના હૃદયને આકર્ષણ ઉપજાવવા લાગ્યા. ભગવાન શ્રીહરિ જ્યારે આરતી ઉતારી રહ્યા હતા ત્યારે પૃથ્વી પર તેમજ સ્વર્ગમાં સર્વત્ર દુદુંભિ વગેરે અનેક પ્રકારનાં વાજિંત્રો અતિશય વાગવા લાગ્યાં.

એ સમયે હિંડોળાની સમીપમાં રહેલા પાર્ષદો રૂપાના પાત્રમાંથી મુઠ્ઠી ભરી ભરી ગુલાલ ફેંકવા લાગ્યા. એનાં દર્શન કરી આકાશમાં રહેલા બ્રહ્માદિ દેવતાઓ વિસ્મય પામ્યા ને પુષ્પવૃષ્ટિ કરી દુદુંભિઓ વગાડવા લાગ્યા. સર્વ મુનિઓ શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. ગંધર્વો ગાન કરવા લાગ્યા. આ પ્રકારે અખિલ બ્રહ્માંડમાં મહોત્સવ થવા લાગ્યો. એ જ સમયે ઈષ્ટ દેવ શ્રીહરિએ પદગાન સાથે શ્રીનરનારાયણ દેવની આરતી ઉતારી.

ત્યારબાદ ભક્તિભાવથી ભરપૂર શ્રીહરિએ ફરી દંડની પેઠે પ્રણામ કર્યા ને બે હાથ જોડી શ્રીનરનારાયણ ભગવાનની સ્તુતિ કરી, 'હે રાજન! ભગવાન શ્રીહરિએ અતિશય ઉત્સાહપૂર્વક શ્રીનરનારાયણ ભગવાનની પ્રાર્થના કરી સર્વ વિપ્રોનું પ્રીતીપૂર્વક પૂજન કર્યું. વસ્ત્ર, આભરણ, રત્ન, ગાય, ભૂમિ, સુવર્ણ, હાથી વગેરે પદાર્થોનું બ્રાહ્મણોને દાન આપી પ્રસન્ન કર્યા તેમજ પૂજાની સમાપ્તિ કરી.'

ત્યારબાદ શ્વેતધારી ભક્તજનોની નેત્રવૃત્તિને હરતા તેમજ તત્કાળ સત્કાર્યનું અનુષ્ઠાન કરતા શ્રીહરિ સોમવર્મા તેમજ મુકુંદ બ્રહ્મચારી વગેરે પોતાના પાર્ષદવૃંદની સાથે સિંહાસન પર બિરાજમાન થયા. એ સમયે જયઘોષનો મહાધ્વનિ થયો. વાજિંત્રોનાં મહાન્ ઘોષ થયા. શ્રીહરિએ પ્રેમગર્ભિત દૃષ્ટિથી સમગ્ર ભક્તજનોને પ્રસન્ન કર્યા.



## પુષ્પદોલોત્સવનો પ્રારંભ

એ સમયે જોબનપગીની સાથે કુબેરજી તેમજ મૂળજી સુથાર વગેરે ભક્તો શ્રીહરિ પાસે આવ્યા. તેઓએ મહામૂલ્ય વસ્ત્રો, આભૂષણો, સુગંધી પદાર્થો ચંદન તેમજ અનેક પ્રકારના પુષ્પના હારથી ભક્તિભાવપૂર્વક શ્રીહરિની પૂજા કરી. બીજાં દેશાંતરવાસી ભક્તજનોએ પણ વસ્ત્ર, અનેકવિધ આભૂષણ, રાજોપચાર, સ્તુતિ, નમસ્કાર વગેરેથી શ્રીહરિનું પૂર્વની માફક પૂજન કર્યું. એ સમયે જોબનપગી વગેરે પુરનિવાસી ભક્તજનો કેસરી રંગથી ભરેલા મોટા મોટા કઢાયા લાવ્યા. લાલ રંગથી ભરેલી સેંકડો ગાગર્યો તત્કાળ ત્યાં લાવ્યા.

એ ભક્તજનો ઘડા ભરી ભરી રંગ લાવવા લાગ્યા ને ત્યાં નિર્માણ કરેલા હોજ રંગથી ભરી દીધા. સર્વે દેશાંતર નિવાસી ભક્તો પણ ગુલાલથી ભરેલા મોટા કોથળાઓ ભરી શ્રીહરિ સમીપે લાવ્યા. પોતાના સ્વામી શ્રીહરિની સાથે રમવાની ઈચ્છાથી ભળા મળેલા પુરવાસીઓ રંગની પિચકારીઓ તેમજ અન્ય રંગ છંટકાવ કરવાના યંત્ર વિશેષો હર્ષપૂર્વક શ્રીહરિ સમીપે લાવ્યા.

હે રાજન! રંગે રમવાની ઈચ્છાથી પોતાના કટિ પ્રદેશને મજબૂત રીતે બાંધી ત્યાં આવેલા ભક્તજનોને નિહાળી શ્રીહરિ તેમનો મનોરથ પૂર્ણ કરવા તત્કાળ સંકલ્પ કરવા લાગ્યા. શ્રીહરિએ સ્વંય ધારણ કરેલાં આભૂષણો બ્રાહ્મણોને દાનમાં અર્પણ કર્યા ને તત્કાળ પીળા વસ્ત્રથી કટિપ્રદેશને દૃઢ બાંધી હાસ્ય કરવા લાગ્યા ને ભક્તજનોને હસાવવા લાગ્યા અને સુવર્ણની પિચકારી પોતાના હાથમાં ગ્રહણ કરી. શ્રીહરિએ હાથની સંજ્ઞાથી સ્ત્રીઓનાં સમૂહને તત્કાળ દૂર મોકલી હાથમાં રંગ ગ્રહણ કર્યો અને ભક્તજનોને તેમની ઈચ્છા અનુસાર રમવાની આજ્ઞા કરી.'

## રસિયો ભરી ભરી રંગ ઉડાવે પિચકારી

ભગવાન શ્રીહરિ પોતાની સમીપમાં તેમજ દૂરમાં ઊભા રહેલા ભક્તજનો પર મોટા ખોબામાં ભરેલા ગુલાલની સાથે રંગની ધારા સમાનપણે વરસાવવા લાગ્યા. સમીપના પ્રદેશમાં પિચકારીથી રંગજળની વૃષ્ટિ કરતા શ્રીહરિના ગુણાનુવાદોનું ગાન કરી મંદ મંદ હાસ્ય કરતા મુનિઓના સમૂહો ઉપર શ્રીહરિ ચારે તરફથી રંગ વરસાવી અભિષેક કરવા લાગ્યા.

વૃદ્ધો, યુવાનો, બાળકો, મુનિજનો તેમજ મનુષ્યો પરસ્પર એક બીજા પર રંગ, ગુલાલને અતિશય ઉડાવવા લાગ્યા ને શ્રીહરિની સમીપમાં જૂથ બનાવી બહુકાળ સુધી ક્રીડા કરવા લાગ્યા. ત્યારબાદ મુનિજનો અને પાર્ષદો સમૂહમાં રંગક્રીડાનો ત્યાગ કરી ભગવાન શ્રીહરિની પ્રસન્નતાને અર્થ બે બે વ્યક્તિના જોડલામાં ક્રીડા કરવા લાગ્યા. રામપ્રતાપજી ને ઈચ્છારામજી પોતાના દેશાચાર પ્રમાણે રંગક્રીડા કરી શ્રીહરિને હસાવવા લાગ્યા.

## સંતવૃંદમાં પરસ્પર રંગની રેલી

હે રાજન! એ સમયે મુક્તાનંદ સ્વામીની સાથે સમાન ગુણ ધરાવતા ગોપાળાનંદ સ્વામી રમવા લાગ્યા. બ્રહ્માનંદ સ્વામી નિત્યાનંદ સ્વામીની સાથે રમવા લાગ્યા. મારા ગુરુ શતાનંદ સ્વામી સચ્ચિદાનંદ સ્વામીની સાથે રમવા લાગ્યા. ભૂધરાનંદ સ્વામી શુકાનંદ સ્વામીની સાથે રમવા લાગ્યા. ગુણાતીતાનંદ સ્વામી તેમજ આનંદાનંદ સ્વામી, દયાનંદ સ્વામી તેમજ નિષ્કુળાનંદ સ્વામી આ બે બે મુનિઓ પરસ્પર રમવા લાગ્યા. પ્રેમાનંદ સ્વામી મહાનુભાવાનંદ સ્વામીની સાથે રમવા લાગ્યા. ચૈતન્યાનંદ સ્વામીની સાથે પૂર્ણાનંદ સ્વામી રમવા લાગ્યા.

ભજનાનંદ સ્વામી તેમજ પરમાનંદ સ્વામી, સ્વંયપ્રકાશાનંદ સ્વામી તેમજ વૃદ્ધ આત્માનંદ સ્વામી સાથે મળી રમવા લાગ્યા. રાઘવાનંદ સ્વામી તેમજ જ્ઞાનાનંદ સ્વામી, અદભૂતાનંદ સ્વામી તેમજ સર્વજ્ઞાનાનંદ સ્વામી સાથે મળી રમવા લાગ્યા. આત્માનંદ સ્વામી તેમજ ભગવદાનંદ સ્વામી, યોગાનંદ સ્વામી તેમજ શિવાનંદ સ્વામી સાથે મળી રમવા લાગ્યા. બીજા મુનિઓ પણ રમવા લાગ્યા. મુકુંદાનંદ, જયાનંદ વર્ણીની સાથે, સોમ વર્મા, સૂરા ખાચરની સાથે તેમજ ભગુજી, અલૈયા ખાચરની સાથે રમવા લાગ્યા. વસ્તા ખાચર હેમંતસિંહની સાથે, પ્રાગજી પુરાણી મયારામ વિપ્રની સાથે રમવા લાગ્યા.

જોબનપગી કુબેરજીત સાથે રમવા લાગ્યા. એ જ પ્રમાણે બીજા મનુષ્યો પણ જોડમાં સાથે મળી આનંદપૂર્વક રમવા લાગ્યા. સોમ વર્મા કોઈ ન જાણી શકે એ રીતે અત્યંત હસતા હસતા રંગથી ભરેલો ઘડો તત્કાળ ત્યાં લાવ્યા ને તેમણે સૂરા ખાચરના મસ્તક પર રંગનો અભિષેક કરી દીધો. એ સમયે બલવાન હોવાને કારણે સૂરાખચર હસવા લાગ્યા ને તેમને પૃથ્વી પર નીચે પછાડી તેનાં મુખમાં ને નેત્રમાં ગુલાલ ભરી દીધો.

સૂરા ખાચરે, સોમ વર્માને નીચે પછાડી દીધા છે એમ જાણી બ્રહ્માનંદ સ્વામીએ નિત્યાનંદ સ્વામીને છોડી સૂરા ખાચરને તે જ ક્ષણે પકડ્યા. રંગથી ભરાયેલા સૂરાના મુખને ગુલાલથી ભરી દીધું. તેવામાં સૂરા ખાચરે પણ બ્રહ્માનંદ સ્વામીની ચોટલી પકડી. હે રાજન! સૂરાખાચરે મુઠ્ઠી ભરીને બ્રહ્માનંદ સ્વામીના નેત્રમાં ગુલાલ ફેંક્યે તેનાથી તેઓ અતિશય વ્યાકુળ થયા.

નેત્રમાં ગુલાલ ભરવાથી વ્યાકુળ બનેલા બ્રહ્માનંદ સ્વામી સુરા ખાચરને ટાલ પડી ગયેલી છે એ ભૂલી ગયા ને તેથી તો એમની ચોટલી પકડવા તેમના મસ્તક પર વારંવાર હાથ ફેરવવા લાગ્યા. એ સમયે શ્રીહરિ તત્કાળ પોતાના સિંહાસન પરથી નીચે ઉતર્યા અને સૂરા ખાચરને પકડી તેના મસ્તક પર રંગની ગાગર્યો ઢોળી દીધી. સૂરા ખાચરના માથે શ્રીહરિએ વારંવાર ગુલાલની અંજલિ ફેંકી તેનાથી મુનિઓના મનમાં પદ્મરાગ પર્વતનો ભ્રમ ઉપજ્યો.

મયારામ ભટ્ટે એકાએક ગુલાલ ઉડાડ્યો તેનાથી પ્રાગજી પુરાણીના નેત્રો રુંધાયા તેમજ તત્કાળ રંગ ભરેલા ઘડાને ગ્રહણ કર્યો છે એ જોઈ પોતાના મુખ પર રંગના બિંદુઓ ઉડવાના ભયથી નીચા નમી શ્રીહરિને હસાવતા હસાવતા ત્યાંથી તેઓ પલાયન થયા. આ પ્રકારે જોડમાં સાથે મળી રંગ ક્રીડા ખેલી રહ્યા હતા તેવામાં ભગવાન શ્રીહરિએ રંગથી ભીંજાયેલી પોતાની મૂર્તિનાં સમગ્ર ભક્તજનોને દર્શન કરાવવાની ઈચ્છા કરી. શ્રીહરિ વેગવંતા અશ્વ પર આરૂઢ થયા. મનુષ્યો શ્રીહરિની કીર્તિનું ગાન કરવા લાગ્યા. ભગવાન શ્રીહરિ સૌ ભક્ત સમુદાયને તત્કાળ પ્રદક્ષિણા કરવા લાગ્યા.

ડગલે ને પગલે મુનિજનો રંગ તેમજ ગુલાલને અત્યંત ઉડાવવા લાગ્યા. ભક્તજનોનો સમુદાય શ્રીહરિની

પાછળ પાછળ દોડવા લાગ્યો. આ પ્રકારે પરિભ્રમણ કરતા શ્રીહરિ સમગ્ર ભક્તજનોને દર્શન આપી મહાનૈવેદ્યનો સમય થયો છે એમ જાણી ધના સરોવર પધાર્યા. ધના સરોવરમાં ભક્તજનોની સાથે સ્નાન કરી શ્રીહરિ મનુષ્યોને પોતપોતાના નિવાસસ્થાન જવા આદેશ કરી સ્વંય પોતાના નિવાસસ્થાને પધાર્યા.

## શ્રીનરનારાયણ દેવને અન્નકૂટ

'હે રાજન! શ્રીહરિએ પોતાના ભવનમાં ફરી સ્નાન કર્યું તેમજ ભગવાન શ્રીનરનારાયણને છપ્પન પ્રકારના નૈવેદ્ય અર્પણ કર્યા. ત્યારબાદ શ્રીહરિએ આરતી ઉતારી શ્રીનરનારાયણ દેવને દોલામાંથી નીચે પધરાવ્યા. ફરી પૂજા કરી એ પ્રતિમાનું વિપ્રોને દાન કર્યું ને મુનિજનોને ભોજન કરાવ્યા.

શ્રીહરિએ લાલ વસ્ત્રથી દઢ રીતે કટિપ્રદેશ પર ધારણ કરેલાં પીતાંબરને બાંધી ઉતાવળી ગતિએ પાદ વિન્યાસ કરતા કરતા મુનિજનોની પંક્તિમાં વારંવાર ફરી પીરસવા લાગ્યા ને તેઓને આનંદ ઉપજાવવા લાગ્યા. ભગવાન શ્રીહરિ ખૂબ ઘી સાકરયુક્ત ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય તેમજ વિવિધ પ્રકારના પકવાનોથી મુનિઓને પ્રસન્ન કરવા લાગ્યા.

## ઈચ્છારામજીને ત્યાં ભોજન

'હે રાજન! ત્યારબાદ શ્રીહરિએ પોતાના નાના બંધુ ઈચ્છારામના ભવનમાં ભોજન કર્યું તેમજ પોતાના નિવાસસ્થાન પ્રત્યે પધાર્યા ને બે ઘડી પર્યંત વિશ્રાંતિ સ્વીકારી. સંતોના શ્યામ શ્રીહરિ પોતાના ઉચ્ચ સિંહાસન પર ફરી વિરાજમાન થયા તેવામાં સૂર્ય અસ્તાચળ પામ્યો. તે સમયે મશાલો ઝળહળવા લાગી. શ્રીહરિએ એ સમયે સભામાં બિરાજતા ભક્ત સમુદાયની સાથે નામ સંકીર્તન કર્યું. તેઓને પોતાના હાથની સંજ્ઞાથી નીચે બેસાડ્યા.

## વડતાલમાં શ્રીહરિનો દરરોજ સત્સંગ

સમગ્ર જીવોને સુખ આપતા ભગવાન શ્રીહરિએ આ પ્રકારે પ્રતિદિન પોતાના સાંનિધ્યમાં ભેળા મળેલા ભક્તોને આનંદ ઉપજાવી પૃથ્વી પર પોતાનો યશ વિસ્તાર્યો ને વડતાલધામમાં જેટલા દિવસ રહ્યા તેટલા દિવસોમાં તો તેમને વિષે મનુષ્યોનો સ્નેહ પ્રતિદિન અધિક ને અધિક વધવા લાગ્યો. એ પુરમાં જે તે દેશના નિવાસી ભક્તોની રસોઈ ક્રિયા પણ પ્રતિદિન નવીન ને નવીન ઉત્તરોત્તર અતિશય સ્વાદિષ્ટ બનતી હતી. શ્રીહરિ ક્યારેક સભામાં વર્ણાશ્રમ ધર્મને ઉચિત વેદે પ્રતિપાદન કરેલા ધર્મોનું શ્રીકૃષ્ણ પરમાત્માની ભક્તિએ સહિત પ્રતિપાદન કરતા હતા. કોઈ દિવસ શ્રીહરિ સભામાં જ્ઞાન, વૈરાગ્ય તેમજ ભક્તિનું તેનાં લક્ષણે સહિત નિરૂપણ કરતા હતા. કોઈ દિવસ શ્રીહરિ રાજનીતિનો ઉપદેશ કરતા. કોઈ દિવસ દાન ધર્મોની વાત કરતા. કોઈ દિવસ મોક્ષધર્મની વાત કરતા કોઈ દિવસ સ્ત્રીઓના ધર્મોની વાત કરતા હતા.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન! પરમેશ્વર શ્રીહરિએ તૃતીયા તિથિએ શાસ્ત્રવિધિ અનુસાર મત્સ્યરૂપી ભગવાનનો પૂજા મહોત્સવ સારી રીતે ઉજવ્યો ને ભોજન કરી દુર્ગપુર પ્રયાણ કરવા તત્પર થયા.

## નારાયણગિરિની પ્રાર્થના

એ અવસરે નારાયણગિરિ નામે ભક્તિભાવથી ભરપૂર ગૌસ્વામી વડતાલથી તત્કાળ શ્રીહરિ સમીપે આવ્યા તેમજ શ્રીહરિને પ્રાર્થના કરવા લાગ્યા, 'હે સ્વામિન! હે પ્રભુ! આવતીકાલના દિવસે તમારો તેમજ મુનિમંડળનો આતિથ્ય સત્કાર કરવાની મારા અંતરમાં ઈચ્છા વર્તે છે. આ મારો મનોરથ પૂર્ણ કરો.'

'હે રાજન! આ પ્રકારે નારાયણગિરિએ પ્રાર્થના કરી ત્યારે ભક્તવત્સલ શ્રીહરિએ તથાસ્તુ કહ્યું, તેવામાં બીજા પણ નગરવાસીઓ શ્રીહરિ સમીપે આવ્યા. કુબેરજી, જોબનપગી, જુસાજી, મૂળજી વગેરે ભક્તોએ શ્રીહરિને ભક્તિભાવપૂર્વક નમસ્કાર કર્યા ને કુબેરજી શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા,

## વડતાલના ભક્તજનોની પ્રાગટ્ય તિથિ ઉજવવા દેવા પ્રાર્થના

'હે સ્વામિન! વડતાલ નગરમાં તમે પધાર્યા એને ત્રેવીશ દિવસ પસાર થયા છે. એ દિવસોમાં પ્રથમ જોબનપગીની રસોઈ સ્વીકારી તેનો મનોરથ પૂર્ણ કર્યો છે તેમજ તમે અન્ય દેશાંતરવાસી ભક્તોને પણ સંતુષ્ટ કર્યા છે.

' હે સ્વામિન! અમે પણ તમારા ભક્તસેવકો છીએ. અમારા પર અનુગ્રહ કરી તમે દુર્ગપુર પ્રયાણ ન

કરો. હે સ્વામિન! તમારા પ્રાગટ્ય ઉત્સવની તિથિ પણ સમીપમાં જ આવે છે. એ દિવસે તમારું પૂજન કરવાની અમારા અંતરમાં ઈચ્છા વર્તે છે.

એથી ચૈત્ર સુદ વિમલા એકાદશીના ઉત્સવ સુધી અહીંયા જ નિવાસ કરીને રહો. હે રાજન! આ પ્રકારે કુબેરજી વગેરે ભક્તોએ પ્રાર્થના કરી ત્યારે ભગવાન શ્રીહરિએ હસતાં હસતાં 'તથાસ્તુ' કહ્યું.

## ચૈત્ર સુદી નોમની ઉજવણી

ત્યારબાદ શ્રીહરિ પોતાના ભક્તજનોને સંતોષ પમાડી વડતાલનગરમાં નિવાસ કરીને રહ્યા. ચૈત્ર સુદ નવમી તિથિએ ઉત્સવ ઉજવી શ્રીહરિએ મધ્યાહન સમયે શ્રીરામચંદ્ર ભગવાનનું પૂજન કર્યું. રામનવમીના દિવસને શ્રીહરિના પ્રાગટ્યનો દિવસ જાણી ઉત્સુક બનેલા ભક્તજનોએ વિધિપૂર્વક શ્રીહરિનું પૂજન કર્યું. નવીન કિંમતી વસ્ત્ર, સુગંધીમાન ચંદન, મનોહર પુષ્પના હાર, સુવર્ણ તેમજ રત્નના આભૂષણ, મહાઆરતી, સ્તુતિ તેમજ નમસ્કારથી શ્રીહરિનું આદરપૂર્વક પૂજન કરી જાગરણ કર્યું ને નિરાહાર ઉપવાસ કર્યો.

હે રાજન! ભક્તજનોએ દશમીના દિવસે શ્રીહરિની પ્રસન્નતાર્થે પોતાની ધનસંપતિ અનુસાર સુંદર ભોજનથી સાધુ તેમજ બ્રાહ્મણોને જમાડી દાન આપ્યાં. ભગવાન શ્રીહરિએ પણ સહુ વિપ્રોને પારણાં કરાવ્યાં. તેમજ એકાદશીના દિવસે મહાન ઉત્સવ ઉજવ્યો.

શ્રીહરિ સેવકોને પોતાની સાથે આવવા આદેશ આપી સુવર્ણના ઊંચા સિંહાસન પર બિરાજમાન થયા. જોબનપગીએ શ્રીહરિનું પૂજન કર્યું. ત્યારબાદ ભક્તવત્સલ શ્રીહરિએ સમગ્ર ભક્તજનોને આદેશ આપ્યો કે, 'હે ભક્તો! સર્વ પુરુષ તેમજ સ્ત્રીઓ તમે મારું વચન સાંભળો. હવે તમે સર્વે વડતાલ નગરથી પોતપોતાના દેશ પ્રત્યે પ્રયાણ કરો. હૃદયમાં ભગવાન શ્રીકૃષ્ણનું ધ્યાન કરતાં માર્ગમાં અતિશય સાવધાન વર્તજો.'

'હે રાજન! આ પ્રકારે કરુણાનિધિ ભગવાન શ્રીહરિએ સર્વ ભક્તોને આદેશ આપ્યો ને સ્વંય જય સચ્ચિદાનંદ કહી પોતાના અશ્વ પર આરૂઢ થયા.'

(આધારઃ શ્રીહરિચરિત્રામૃતસાગર, સદ્.આધારાનંદ સ્વામી, ગુજ. અનુવાદ, શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસજી, ગાંધીનગર, પ્રકાશકઃ કુંડળધામ)

**આ જ પુષ્પદોલોત્સવનું વર્ણન રમેશચન્દ્ર લા. પંડ્યા લિખિત 'વડતાલ દર્શન' માં પણ આપવામાં આવ્યું છે. જેમાંના મહત્વના મુદ્દા આ પ્રમાણે છે.**

વિ.સં. ૧૮૭૫ ના મહા માસની શરૂઆતના દિવસો હતા (ઈ.સ.૧૮૧૯). વડતાલમાં બાપુભાઈ, જોબનપગી, વાસણ સુથાર, નારાયણગિરિ વગેરે હરિભક્તોએ ભેગા મળીને પુષ્પદોલોત્સવ ઉજવવા માટે શ્રીજી મહારાજને આગ્રહ કરીને બોલાવવાનો નિર્ણય કર્યો. એ પ્રસંગે ભારતના દેશદેશમાં વસતા હરિભક્તોને તથા ધર્મપ્રચારાર્થે વિચરતા સંતોને પણ બોલાવવાનો તેમણે નિર્ણય કર્યો. એ માટે પ્રાર્થના-પત્ર લઈને જોબનપગીના ભાઈ સુંદરપગી ગઢડા ગયા. હરિભક્તોનો પ્રેમાગ્રહભર્યો આમંત્રણ પત્ર વાંચીને શ્રીજીમહારાજ અતિ પ્રસન્ન થયા. એમણે ફૂલદોલના ઉત્સવ વખતે વડતાલ આવવા માટે સંમતિ દાખવી એટલું જ નહિ પણ દેશદેશમાં રહેલા સર્વ આશ્રિતોને તથા સંતોને ખાસ પત્રો અને સંદેશાઓ પાઠવીને ઉત્સવ પ્રસંગે આવવાની આજ્ઞા કરી અને પછી પોતે ફાગણ સુદ ૬ ને વડતાલ જવા નીકળ્યા.

## ૧૭ વર્ષમાં સમગ્ર દેશમાં સંપ્રદાય વિસ્તર્યો

વડતાલમાં ઉજવાયેલા આ પુષ્પદોલોત્સવની વિશિષ્ટતાઓ ખાસ ધ્યાન ખેંચે એવી છે. બીજા બધા ફૂલદોલોત્સવો કરાતાં આ ઉત્સવ ઘણા મોટા પાયા ઉપર અને મોટા પ્રમાણમાં ઉજવાયો હતો.એ માટે લગભગ એક માસ અગાઉથી કંકોત્રીઓ લખવામાં આવી હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણે ધર્મધુરા સંભાળ્યા પછી સત્તરમે વર્ષે, આ ઉત્સવ ઉજવાયો હતો પણ એટલા ટૂંકા ગાળામાં સત્સંગનો સંદેશ ભારતના લગભગ બધાજ વિસ્તારમાં પહોંચી ગયો હતો. આ ઉત્સવ પ્રસંગે જે આશ્રિત સત્સંગીઓ આવ્યા હતા તે ઉપરથી આ હકીકત નિષ્પન્ન થાય છે.

ઉત્સવ પ્રસંગે ભારતમાંથી ક્યાં ક્યાં સ્થળોએથી આશ્રિતો અને મુમુક્ષુઓ વડતાલ આવ્યા હતા તે દેશોના નામો શતાનંદમુનિએ સ.જી.૩, ૭૭ ના ૩૨ થી ૪૧ સુધીના દશ શ્લોકમાં ગણાવેલાં છે. ભારતની પ્રાચીન ભૂગોળના દેશોનાં એ નામો જાણવા જેવાં છે. કાશ્મીર, હરિદ્વાર, કુરુક્ષેત્ર, કોશળ, કાશી, મૈથિલ, ગૌડબંગ, પુરુષોત્તમપુર, પ્રયાગ,શોણીભદ્ર, વૃંદાવન, મથુરા,

શૂરશેન, અવંતી, પુષ્કર, મરુ, અર્બુદાચળ વગેરે એટલે વર્તમાન ભૂગોળ પ્રમાણે કાશ્મીર, પંજાબ, ઉત્તરપ્રદેશ, નેપાળ, આસામ, બંગાળ, બિહાર અને મધ્યપ્રદેશ (મધ્યભાગ સુધી) એ વિસ્તાર તથા સિદ્ધપદ (સિદ્ધપુર), સિંધુ, કચ્છ, સુરાષ્ટ્ર, પંચાલ, સૌવીર પ્રદેશમાંથી એટલે વર્તમાન ભૂગોળ પ્રમાણે ગુજરાત(ઉત્તરભાગ) કચ્છ, સૌરાષ્ટ્ર, પાકિસ્તાનનો સિંધ દેશ એ વિસ્તાર તથા સેતુ બંધ રામેશ્વર, વેંકટાચળ, શ્રીરંગ, કાંચી, દંડકારણ્ય, મલયાચળ, વિંધ્યાચળ તથા તાપીતટ, નર્મદાતટ અને ગુર્જરદેશ એટલે વર્તમાન ભૂગાળ પ્રમાણે તામિલનાડુ, કર્ણાટક, કેરાલા, આંધ્ર, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ગુજરાત (બંને દક્ષિણભાગ) એ વિસ્તારના નિવાસી આશ્રિત અને મુમુક્ષુઓ આ ઉત્સવ પ્રસંગે ખાસ વડતાલ આવ્યા હતા. આ દેશનાં નામો ઉપરથી સંપ્રદાયનો વિસ્તાર કેટલી ઝડપથી ક્યાં સુધી વિસ્તરેલો હતો એનો આછો ખ્યાલ આવે તેમ છે.

'હરિલીલામૃત' ગાય છે કે-

રુડી રાવટી તંબુ ને ડેરા,
ગામ ફરતા વસાયા ઘણેરા.
'ભારે રસ્તા વિષે ભીડ થાય,
સીમમાં ન મનુષ્ય સમાય.
'હરિજનના જુદા જુદા વેશ,
જુદી ભાષા અને જુદા દેશ.
' કોઈ શિર સુરતી પાઘ ભાળી,
કોઈને તો કચ્છી ચાંચવાળી.
'રુડી કોઈ શિરે ગુજરાતી,
કોઈ ગોહિલવાડી ગણાતી.
'કોઈને શિર મોળિયા મોયા,
છોગાં કોઈ ને મોટાં ને છોયાં.
'દક્ષિણી પાઘ કોઈની દીસે,
પારસી પાઘ કોઈ ને શિશે.
'પુરવી મારવાડી મેવાડી,
કોઈ ઝીણી અને કોઈ જાડી.
'કોઈ તો મોટા ચોરણાવાળા,
કોઈ ધોતિયાવાળા નિહાળ્યા.
'એક એકનો વેશ વિરુદ્ધ,
પોતપોતા તણો ગણે શુદ્ધ.
'એમ જુદા જણાય અનેક,
ઈષ્ટ સર્વ તણા શ્રીજી એક.

જેમ ચમકપાણ તરફ લોહ આપોઆપ જ આકર્ષાઈ જાય છે તેમ દૂર દૂર દેશના આશ્રિતો, સર્વોપરિ ઈષ્ટ આરાધ્ય પરમેશ્વર ભગવાન શ્રી સ્વામિનારાયણના એકમેવાદ્વિતીય પ્રેમસ્વરૂપ વ્યક્તિત્વથી આકર્ષાઈને વડતાલ આવ્યા. જેમ ચાતક આકાશ સામું તાકીને વરસાદની રાહ જોઈ રહે છે તેમ સૌ કોઈ ભગવાન શ્રી સ્વામિનારાયણના આગમનની ગઢડાની દિશા તરફ અનિમેષ નયને રાહ જોઈ રહ્યાં હતા. દશમને દિવસે સવારે ભગવાન શ્રી સ્વામિનારાયણ પીપળાવ(આ ગામ વડતાલથી થોડું દૂર છે) પધાર્યા. શ્રીજી મહારાજની સાથે દાદાખાચરના દરબારનો આબાલવૃદ્ધ સર્વ પરિવાર ગઢડાના સમસ્ત આશ્રિતો, આજુબાજુના ઘણાં ગામોના હરિભક્તો, સંતો, હજુરી પાર્ષદો પણ પીપળાવ આવ્યા હતા. માર્ગમાં આવતા દરેક ગામેથી આશ્રિતો આ મહાસંઘમાં જોડાતા હતા. શ્રીજી મહારાજ પીપળાવ આવ્યાની જાહેરાત થતાં જ બધા આશ્રિતો અને વડતાલવાસી આશ્રિતો બધા જ ભગવાનનું વાજતેગાજતે સ્વાગત કરવા માટે પીપળાવ પહોંચી ગયા. વડતાલની ભાગાળને બદલે આટલે દૂર પોતાનું સ્વાગત કરવા માટે આવેલા ભક્તજનોને જોઈને શ્રીજી મહારાજ અતિ પ્રસન્ન થયા.

આ ઉત્સવ પ્રસંગે બાપુભાઈની ઈચ્છા ભગવાનને પોતાને ત્યાં ઉતારવાની હતી; વાસણ સુથાર જોબનપગી અને નારાયણગિરિ એ ત્રણની ઈચ્છા પોતાને ત્યાં ઉતારવાની હતી. પણ આશ્રિતોનો માનવમહેરામણ ઉમટેલો જોઈને ભગવાન શ્રીસ્વામિનારાયણે પોતાનો મુકામ ગામ બહાર ઉગમણા ઓટા નજીક ખુલ્લા ખેતરમાં કરાવ્યો. સંધ્યાકાળે શ્રીજી મહારાજ વડતાલ પહોંચ્યા. એક ઊંચા મંચ ઉપર બિરાજીને, સંઘ સમસ્તને દર્શન દીધાં. ભગવાને આ રીતે દર્શન દીધાં તેથી સંઘ સમસ્તને ખૂબ આનંદ થયો. એ આનંદમાં જુદા જુદા દેશના હરિભક્તોને મળવાથી ઓર અનેક ઘણો વધારો થયો. ભગવાને બધાની કુશળ ખબર પૂછી પછી દરેકને પોતપોતાના ઉતારે જઈને થોડીવાર વિશ્રાંતિ લેવાની આજ્ઞા કરી. દરેક આશ્રિતં માટે રહેવા અને જમવાની કેવી સગવડ કરવામાં આવી છે તેની શ્રીજી મહારાજે, જાતે ખાતરી કરી અને રાતે સર્વને જમાડ્યાં.

ધાત્રી એકાદશીને મંગળ પ્રભાતે, શ્રીજી મહારાજ, ઉગમણા ઓટાવાળા આંબલાના ઝાડ નીચે

સભા ભરીને બિરાજેલા હતા તે વખતે ધર્મદેવના પરિવારના સભ્યો વડતાલ આવી રહ્યા છે એવી ખબર આવી. શ્રીજી મહારાજ તરત જ ઉભા થયા અને એમને સત્કારવા માટે સામા ચાલ્યા. મુકુંદાનંદાદિ સાધુઓ, સુરાખાચર સોમલાખાચરાદિ હજૂરી પાર્ષદો, દાદાખાચર, મયારામ ભટ્ટ વગેરે ગૃહસ્થ હરિભક્તો જીવુબા, લાડુબા વગેરે સ્ત્રીભક્તો પણ શ્રીહરિના ભાઈઓને સત્કારવા સાથે ચાલ્યાં. ટાડણ તળાવને કાંઠે, લાંબા વખતથી વિયોગે ઝૂરતા રામપ્રતાપભાઈ અને ઈચ્છારામભાઈ સાથે શ્રીહરિનું મિલન થયું ત્યારે જે દૃશ્ય સર્જાયું તે કદી ન વિસરાય એવું અલૌકિક હતું. શતાનંદ મુનિએ સ.જી. ના ત્રીજી પ્રકરણના ઓગણપચાસમાં અધ્યાયમાં એ પ્રસંગનું હૃદયંગમ વર્ણન કરેલું છે. પરાત્પર પુરુષોત્તમ નારાયણે જ્યારે પોતાના મોટાભાઈ રામપ્રતાપભાઈને સવિનય પ્રણામ કર્યા અને પછી ભેટ્યા અને પોતાના નાનાભાઈ ઈચ્છારામને બાથમાં લઈને અતિ પ્રેમથી ભેટ્યા એ દૃશ્ય સદા સ્મરણ કરવા જેવું છે.

ઉત્સવ પ્રસંગે, દેશદેશથી આવેલા હરિભક્તોએ પોતાને ઉતારે, સંતો અને બ્રાહ્મણો સાથે આવીને ભોજન લેવાની શ્રીહરિને પ્રાર્થના કરી. શ્રીજી મહારાજ એમની વિનંતી સાંભળીને અતિ પ્રસન્ન થયા. પણ એમણે કહ્યું, 'માણસોની ભીડ ઘણી ભારે છે. એટલે દરેકના ઉતારે જમવા આવવાનું અનુકૂળ બને તેમ નથી પણ સંતોને બ્રાહ્મણોને જમાડવાની જેની ઈચ્છા હોય તે જો, એ દરેકને રસોડે, પોતાની શક્તિ પ્રમાણે સીધું મોકલી આપશે તો ત્યાં એની રસોઈ બનાવવામાં આવશે અને સંતો તથા બ્રાહ્મણો જમશે. એ જ પ્રમાણે જેની ઈચ્છા અમને જમાડવાની હોય તે જો, અમારા ભાઈઓને રસોડે સીધુ મોકલી આપશે તો ત્યાં પણ એની રસોઈ બનાવવામાં આવશે અને અમે તે જમીશું.' શ્રીહરિએ આ રીતે સર્વ હરિભક્તોની ઈચ્છા સંતોષતાં, બધા રાજી થયા.

પૂર્ણિમાને દિવસે, ઉત્સવ પ્રસંગે આવેલી સ્ત્રી આશ્રિતોને, સ્વધર્મની મર્યાદામાં રહીને, શ્રીહરિની પૂજા કરવાની છૂટ આપવામાં આવી ત્યારે સર્વત્ર આનંદ વ્યાપી ગયો. નારીવૃંદે, ભગવાન શ્રીસ્વામિનારાયણના ચરણકમળનો સ્પર્શ કર્યા સિવાય યોગ્ય અંતર રાખીને ચરણ પાસે પુષ્પહારો, વસ્ત્રાલંકારો તથા ફળફળાદી અને મિષ્ટ ખાદ્ય વાનગીઓ વિનમ્રભાવે પ્રેમાદરથી અર્પણ કરીને પૂજા કરી. પૂજા કરનાર નારીવૃંદ એટલું મોટું હતું કે પૂર્ણિમાનો આખો દિવસ, પૂજનકાર્યમાં જ વીતી ગયો.

પડવાને દિવસે સવારે, મનુષ્યલીલા કરી રહેલા શ્રીજીમહારાજે પોતે, શ્રીનરનારાયણદેવની ષોડશોપચારે પૂજા કરી અને પછી ખાસ તૈયાર કરાવેલા હીંડોળામાં મૂર્તિને પધરાવીને ફરીથી પૂજા કરી અને પછી પોતે આરતી ઉતારી.

## બાર બારણાંનો હીંડોળો

ભગવાન શ્રીસ્વામિનારાયણે, વડતાલ સિવાય અન્યત્ર, કારિયાણી, સાળંગપુર, ગઢડા, મછીયાવ, અમદાવાદ વગેરે સ્થળોએ પણ હુતાશની અને ફૂલદોલના ઉત્સવો ઉજવેલા છે, સાળંગપુરમાં ઉજવેલા હુતાશની ઉત્સવ પ્રસંગે, શ્રીજીમહારાજ અતિ પ્રસન્ન થયા હતા અને ભક્તોને ફગવા માગવાનું કહ્યું ત્યારે રંગક્રીડા રમીને ખૂબ આનંદમાં આવેલા હરિભક્તોએ, ભગવાન પાસે ન માગી સંપત્તિ, ન માગી સત્તા કે ન માગી જગતની મોટાઈ કે ન માગ્યું દીર્ઘ આયુષ્ય પણ જગતના સુજ્ઞ જનોને, ઉત્તમ આદર્શનું સદા અનુકરણીય દૃષ્ટાંત દાખવે એવી માંગણી કરી. એ માંગણીના શબ્દો આજે મુમુક્ષુમાત્રે પોતાના હૃદયપટ ઉપર અમૃતાક્ષરે અંકિત કરી રાખવા જેવા છે. એમની માગણીના શબ્દો આ રહ્યાં:

મહા બળવંત માયા તમારી,
જેણે આવરીયાં નરનારી;
એવું વરદાન દીજીએ આપે,
એહ માયા અમને ન વ્યાપે.
વળી તમારે વિષે જીવન,
ના'વે મનુષ્ય-બુદ્ધિ કોઈ દન;
જે જે લીલા કરો તમે લાલ,
તેને સમજુ અલૌકિક ખ્યાલ.
સત્સંગી જે તમારા કહાવે,
તેનો કેદી અભાવ ન આવે,
દેશ, કાળ ને ક્રિયાએ કરી,
કેદી તમને ન ભૂલીએ હરિ.
કામ ક્રોધ ને લોભ કુમતિ,
મોહ વ્યાપીને ન ફરે મતિ.
તમને ભજતાં આડું જે પડે,
માગીએ તે અમને ન નડે.
કેદી દેશો મા દેહાભિમાન,

જેણે કરી વિસરો ભગવાન.
કેદી કુસંગનો સંગ મ દેજો,
અધર્મથકી ઉગારી લેજો.
કેદી દેશો મા સંસારી સુખ,
દેશો મા, પ્રભુ વાસ વિમુખ.
દેશો મા પ્રભુ જક્તમોટાઈ,
મદ મત્સર ઈર્ષા કાંઈ.
દેશો મા દેહસુખ સંયોગ,
દેશો મા હરિજનનો વિયોગ.
દેશો મા હરિજનનો અભાવ,
દેશો મા અહંકારી સ્વભાવ.
દેશો મા સંગ નાસ્તિકનો રાય,
મેલી તમને જે કર્મને ગાય.

ભક્તવત્સલ શ્રીજી મહારાજે, પ્રસન્ન થઈને એ ફગવા ભક્તોને આપ્યા હતા. મછીયાવ, અમદાવાદ બન્ને સ્થળે એકીસાથે દિવ્ય દેહે હાજર રહીને શ્રીજી મહારાજે, એકી સાથે ફૂલદોલનો ઉત્સવ ઉજવ્યો હતો. એ બધા ઉત્સવો અદ્ભૂત હતા પણ વડતાલમાં ઉજવેલો ઉપર વર્ણવેલો પુષ્પદોલોત્સવ તો ન ભૂતો ન ભવિષ્યતિ એવો અપૂર્વ હતો. એ દોલોત્સવ પ્રસંગે, આગલે દિવસે એટલે હુતાશનીને દિવસે જે લીલાપ્રસંગે પહેલાં કદી ઉજવાયો ન હતો એ લીલાપ્રસંગ, આજે પણ આશ્રિતોએ અને મુમુક્ષુઓએ નિત્યગાન કરવા જેવો સર્વમંગળકારી છે.

વડતાલમાં પુષ્પદોલનો ઉત્સવ ઉજવવાનું નક્કી થયું અને એ માટે સંપ્રદાયમાં દેશોદેશ કંકોતરીઓ લખવામાં આવી ત્યારથી નિષ્કુળાનંદ સ્વામીના મનમાં એ ઉત્સવ સદાકાળ સ્મરણીય બની રહે અને નિત્યગાન કરવા જેવો અદ્ભૂત થાય એવી, હીંડોળાની યોજના આકાર લઈ રહી હતી. એમણે લાકડાનો એક અદ્ભુત હીંડોળો બનાવ્યો. એને, સુંદર કમાનોવાળાં બાર બારણાં કર્યાં; પાંચ શિખરો બનાવ્યાં. દરેક શિખર ઉપર કળશ ગોઠવ્યા, ચારે બાજુ ચિત્તાકર્ષક ફૂદડીઓ લટકતી મૂકી. અને નયનમનોહર નકશીદાર જાળીની ગૂંથણી કરી. ઉગમણા ઓટાવાળા ખેતરમાં જોડાજોડ આવેલા બે આંબાના બે થડ ઉપર એક મોભ આડો મૂકીને તે ઉપર એમણે હીંડોળો બાંધ્યો અને સુગંધી પુષ્પો અને પુષ્પહારોથી એને મઢી લીધો.



## વડતાલનાં અઘહારી વૃક્ષો

આંબાના જે બે વૃક્ષોના થડ ઉપર હીંડોળો બાંધ્યો હતો તે વૃક્ષો મહાભાગ્યશાળી કહેવાય. વૃંદાવનમાં વૃક્ષવેલી અને લતાઓને, મહર્ષિ વ્યાસજીએ અતિભાગ્યશાળી ગણાવેલાં છે એટલું જ નહિ પણ નિર્ગુણ પણ કહેલાં છે. ઉદ્ધવજી જેવા મહાજ્ઞાની પુરુષે પણ ભગવાન શ્રીકૃષ્ણના પાદસ્પર્શથી નિર્ગુણ બનેલાં એ વૃક્ષવેલી લતામાં જન્મ પામવાની ઈચ્છા વ્યક્ત કરેલી હતી. પ્રેમાનંદ સ્વામીએ 'માણકીએ ચઢ્યા રે મોહન વનમાળી' એ સુંદર પ્રાસાદિક કીર્તનમાં આંબાના એ બે વૃક્ષોને સહસ્ર ધન્યવાદ આપેલા છે અને 'અઘહારી' (પાપનાશક)કહેલાં છે. વૃક્ષ એ ઉદ્ભિજ જાતિનો દેહ કહેવાય છે એટલે એને સ્થાવર અને નિર્જીવ જેવો ગણવામાં આવે છે છતાં પરમાત્માના પ્રત્યક્ષ સ્પર્શયોગને કારણે, પ્રેમાનંદ સ્વામીએ એમને ચેતનશ્રેષ્ઠ અને 'અઘહારી એટલે પાપનો નાશ કરનાર' કહેલાં છે. ધ.ધુ.પૂ. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે પણ એ, આંબાઓના મહદ્ભાગ્યને વખાણ્યું છે અને ગાયું છે કે-

રે આમ્ર! તારી તરુતા નિહાળી,
તારી પ્રભા ભૂતળ ભાગ્યશાળી.
ભાસે મને તે તુજને કહું છું,
નેહી સદા, કૃષ્ણપદાબ્જ તું છું.
રે આમ્ર! કેવું તપ? કેવી ભક્તિ?
કે તેં કરી કંઈ પૂરી પ્રયુક્તિ?
રીઝ્યા હરિ, કેમ કરી તને તે રીતિ,
કહે એહ, અહો! મને તે.

હુતાશનીને દિવસે નિષ્કુળાનંદ સ્વામી, બીજા સંતો તથા બાપુભાઈ, જોબનપગી વગેરે સ્થાનિક હરિભક્તો, શ્રીજી મહારાજ પાસે આવ્યા અને ઉગમણે

ઓટે પધારીને હીંડોળામાં બિરાજમાન થવાની વિનંતિ કરી. શ્રીજીમહારાજ, ઉગમણે ઓટે પધાર્યા. ઓટાવાળા ખેતરમાં, એની જોડના રસ્તામાં તથા તેની જોડના ખેતરોમાં ચારે બાજુ ભક્તજનો હકડેઠઠ ઉભા હતા. શ્રીજી મહારાજ હીંડોળા પાસે આવ્યા એટલે સુરત, વડોદરા અને અમદાવાદના હરિભક્તોએ હાથ જોડીને એક નમ્ર વિનંતી કરી. સુરતના હરિભક્તો જરીકસબનો જામો, સુરવાળ, શેલું અને રેંટો લાવ્યા હતા. સુંદર મોતીનો હાર પણ લાવ્યા હતા. વડોદરા અને અમદાવાદના હરિભક્તો દશે આંગળીઓ માટે વેઢ, હીરામાણેકથી જડિત વીંટીઓ, કડાં, બાજુબંધ અને સોનાના હાર લાવ્યા હતા. સોનેરી તારે ગૂંથેલી રેશમી ફૂમતાવાળી છડી (લાકડી) પણ લાવ્યા હતા. તેમણે આ બધું ધારણ કરવાની શ્રીજીમહારાજને વિનંતી કરી. ધરમપુરનાં રાજરાણી કુશળકુંવરબાઈએ અતિપ્રેમ, આદર અને આગ્રહથી, શ્રીજી મહારાજને રત્નજડિત સુંદર મુગટ પહેરાવ્યો હતો, બ્રહ્માનંદ સ્વામી એ મુગટ લઈ આવ્યા હતા. ભક્તોની ઈચ્છા અને આગ્રહને વશ થઈને ભક્તવત્સલ ભગવાને એ બધું ધારણ કર્યું અને મખમલનો સુંદર ગાલીચો જેના ઉપર પાથરેલો હતો એવા હીંડોળા ઉપર મંદમંદ હાસ્ય કરતા કરતા બિરાજમાન થયા. હીંડોળાને બાંધેલી રેશમી દોરી, મુક્તાનંદ સ્વામીએ પગે લાગીને હાથમાંથી લીધી અને પછી ઝૂલણાનું અતિ સુંદર પદ બોલતા બોલતા શ્રીહરિને ઝૂલાવવા લાગ્યા. મુક્તાનંદ સ્વામીના મુખમાંથી કીર્તનના શબ્દો જેવા શરૂ થયા કે તરત જ, પ્રેમાનંદ સ્વામીએ સરોદ, બ્રહ્માનંદ સ્વામીએ મૃદંગ, દેવાનંદ સ્વામીએ ખંજરી અને મંજુકેશાનંદ સ્વામીએ મંજીરા, વગેરે વાજિંત્રો વગાડી એ કીર્તનગાનમાં સાથ આપવા લાગ્યા. હીંડાળાની આગળ, પાછળ, ચારે બાજુ ભક્તજનોનો માનવમહેરામણ ઊછળી રહ્યો હતો. તે બધાએ કીર્તનના શબ્દો ઝીલી લીધા અને લાખો મુખમાંથી ઝીલાઈને ગવાતું હોવા છતાં જાણે એક જ પુરુષ કીર્તન-ગાન કરી રહ્યો છે એવી સુંદર સુરાવલીના તરંગો ઊંચે-નીચે સર્વત્ર ફેલાઈ રહ્યા. હીંડોળાની બે બાજુએ ઊભા રહીને ચામર ઢાળી રહેલા મુકુંદાનંદવર્ણી તથા અખંડાનંદવર્ણી અને આગળપાછળ ઉભા રહીને છડી પોકારતા ભગુજી અને કુબેરજી બધા એકચિત્ત થઈને કીર્તન-ગાન કરવા લાગ્યા.

ઉગમણા ઓટાવાળુંખેતર, રસ્તો અને આજુબાજુનાં ખેતરોમાં સર્વત્ર હરિભક્તો હકડેઠઠ એકત્ર થયા હતા. કોઈ એક દોરાવા પણ આગળ કે પાછળ ખસી શકે એવી સ્થિતિ ન હતી. દૂર અને હિંડોળાની પાછળ તથા બાજુએ ઊભેલાઓને દર્શનનું સુખ મળતું ન હતું એટલે એ અકળાતા હતા અને મૂંઝાતા હતા. શ્રીહરિએ આ જોયું, અને પોતાના લાડીલા ભક્તોને દર્શનનું સુખ મળે એવા મંગળકારી હેતુથી, ભગવાન શ્રીસ્વામિનારાયણ દ્વાદશ રૂપે થયા અને હિંડોળાનાં બાર બારણાં દ્વારા સર્વને દર્શન દેવા લાગ્યા. હિંડાળાની આગળ-પાછળ અને ચારે બાજુ અને દૂર ઊભેલા હરિભક્તોને લાગ્યું કે શ્રીહરિ પોતાની સન્મુખ જ હિંડોળામાં ઝૂલી રહ્યા છે. સૌના અંતરમાં આનંદના ઓઘ ઊછળવા લાગ્યા. 'ભગવાન શ્રી સ્વામિનારાયણની જય' એવા જયનાદોથી ચારે દિશાઓ અને આકાશ ગાજી ઊઠ્યું.

હિંડોળાની પાસે, દૂર અને બાજુએ ઊભેલા સંતો તથા હરિભક્તો, દરેક પોતાના હાથમાં પુષ્પના હાર અથવા ગુચ્છ લઈને શ્રીહરિનું પૂજન કરવાની તક મળે એની રાહ જોઈ રહ્યા હતા. પણ ભીડ એવી ભારે અને સખત હતી કે પોતાની જગ્યાએથી તસુ જેટલું ય કોઈથી જરાય આઘુપાછું થઈ શકાય તેમ ન હતું. ભક્તવત્સલ ભગવાને જેમ દ્વાદશ રૂપ ધારણ કરીને સર્વને દર્શનનું સુખ આપ્યું તેમ સર્વને પૂજન કરવાનો પણ લાભ મળે એવા હેતુથી દ્વાદશ રૂપના દ્વાદશ જમણા હાથમાં પકડેલી સોનેરી તારથી ગૂંથેલી સોટી લાંબી કરીને એ વડે એમણે પાસે ઊભેલાઓ અને દૂર ઊભેલાઓ-સર્વના હાથમાંથી પુષ્પહાર ગ્રહણ કર્યા. ભક્તો તો એ જોઈને, હર્ષથી ઘેલા થઈ ગયા. ફરીથી ભગવાન શ્રીસ્વામિનારાયણના જયનાદથી સર્વત્ર સૌ ગાજી ઊઠ્યા.

બાર બારણાંની અદ્‌ભુત કળાકારીગીરીવાળા આ હિંડોળામાં શ્રીહરિને ઝૂલતા જોવામાં કોઈને સમયનો ખ્યાલ ન રહ્યો. ખાવાપીવાની વાત સૌ વીસરી ગયા. એક બીજા સાથે હૈયેહૈયું ભીડાય એવી ભીડની મૂંઝવણ પણ સૌ ભૂલી ગયા. ચાતક જેમ ચંદ્રને એકીનજરે જોઈ રહે તેમ ત્યાગી, ગૃહસ્થ સર્વ હરિભક્તો, ઝૂલામાં ઝૂલી રહેલા શ્રીહરિને, જાણે એ ભુવનમનોહર સ્વરૂપનું નેત્રથી પાન ન કરતા હોય તેમ અનિમેષ નયને જોઈ રહ્યા હતા.

શ્રીહરિ, લગભગ આખો દિવસ, એ અદ્‌ભુત ઝૂલામાં ઝૂલ્યા. સંધ્યાકાળ નજીક આવ્યો ત્યારે શ્રીહરિએ તાળી પાડી. તાલીને નાદે ત્યાગી, ગૃહસ્થ સર્વ હરિભક્તો પ્રેમ સમાધિમાંથી જાગ્યા. બધાએ ચારે તરફ જોયું તો

જણાયું કે સૂર્યનારાયણ અસ્તાચળ તરફ ધીમે ધીમે જઈ રહ્યા હતા. એક મોટી થાળીમાં ચોસઠ દીવેટો પ્રગટાવવામાં આવી. નિત્યાનંદસ્વામીએ શ્રીહરિની આરતી ઉતારી અને પછી શ્રીહરિની આજ્ઞાથી સૌ પોતપોતાને ઉતારે જમવા ગયા.

ભગવાન શ્રીસ્વામિનારાયણ, ભક્તજનોના લાલનપાલન માટે અનેક સ્થળે અનેક વખત હિંડોળામાં ઝૂલ્યા છે પણ વડતાલમાં બાર બારણાંના હિંડાળાના દ્વાદશ સ્વરૂપે ઝૂલીને જે લીલા કરેલી છે તેવી અન્યત્ર કોઈ જગ્યાએ કરેલી નથી.

(વડતાલ દર્શન ઈ.સ.૧૯૯૯, બીજી આવૃત્તિ, પ્ર.૧૯)

ભગવાન શ્રી દ્વારકાધીશને વડતાલમાં પ્રતિષ્ઠિત કરવા શ્રીહરિ વડતાલ પધાર્યા ત્યારે પણ શ્રીહરિએ પુષ્પદોલોત્સવ વડતાલ ખાતે ઉજવેલ, જેનું વર્ણન આધારાનંદ સ્વામીએ 'શ્રીહરિચરિત્રામૃત સાગર' (ભા-૧૧, પૂ.૨૬, ત-૭૦) માં કર્યું છે. તે વર્ણનનો સારાંશ આ મુજબ છે.

## વડતાલમા ભવ્ય રંગોત્સવ (ઈ.સ.૧૮૨૪)

પછી લક્ષ્મીનારાયણ દેવના મંદિરની પાછળના ભાગમાં એક બેઠક કરી. ત્યાં આવીને શ્રીહરિ વિરાજમાન થયા. પછી સંતો, વર્ણી અને હરિભક્તોની સભા ભરાઈને ત્યાં બેઠી. શ્રીહરિએ ધૂળેટીને દિવસ રંગ ઉડાડ્યો. તે રંગ કેસર, કેસૂડા અને પતંગનો બનાવ્યો હતો. તે રંગથી શ્રીહરિએ સંતો અને હરિભક્તોને ભરી દીધા. જ્યારે શ્રીહરિ રંગ ઉડાડી રહ્યા ત્યારે ગુલાલ ઉડાવવા લાગ્યા. મંદિરની ફરતો જેટલો ચોક છે તે બધાને રંગ રંગ અને ગુલાલમય કરી દીધો. ત્યાં રંગનો કીચડ કરી દીધો. તેની એવી શોભા બની કે જે કહી શકાતી નથી. નંદરામજી, ગોપાલજી અને સીતારામજીએ કેસરનો રંગ લઈને શ્રીહરિના ઉપર નાંખ્યો. કારણ કે, તેમને બહુ હેત હતું. જેટલા અયોધ્યાવાસીઓ હતા તે બધાએ કેસરનો રંગ બનાવીને શ્રીહરિના ઉપર નાંખ્યો હતો. જ્યાં સુધી રંગ ઉડાડતા રહ્યા ત્યાં સુધી વિવિધ પ્રકારનાં વાજિંત્ર ઉત્સાહભેર વાગી રહ્યા હતા. જ્યારે શ્રીહરિ ગુલાલ ઉડાડવા લાગ્યા ત્યારે તેની ડમરી ચૌદ લોક સુધી પહોંચી ગઈ.

તે ગુલાલની ડમરીને જોઈને દેવતાઓ પણ પોતાને કૃતાર્થ માનવા લાગ્યા અને બોલતા કે, ' જ્યાં શ્રીહરિ વિચરે છે તે ભૂમિને ધન્ય છે. જ્યાં શ્રીહરિ વિચર્યા છે તે ભૂમિમાં રહેનારા મનુષ્ય, પશુ,વૃક્ષ, વેલી, સરોવર અને નદી, આ બધાને ધન્ય છે. બીજી બધી વાતો તો મળી શકે છે, તે કાંઈ દુર્લભ કહેવાતુ નથી. પણ સત્સંગ અને પ્રગટ શ્રીહરિનો યોગ મળવો તે અતિશય દુર્લભ છે. બધા દેવતાઓ વારંવાર સહુની અપાર પ્રશંસા કરતા હતા. જ્યારે શ્રીહરિ રંગે રમી રહ્યા ત્યારે પ્રેમાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, દેવાનંદ સ્વામી અને જ્ઞાનાનંદ સ્વામી ઈત્યાદિક દસ બાર સંતો દોકડ તથા સરોદ આદિક વાજિંત્રોને લઈને વસંત, હોરી તથા ધુમારના પદોને પ્રેમ મગ્ન ભાવથી બોલવા લાગ્યા.

જ્યારે સંતો ઉપર કહેલા પદો બોલી રહ્યા ત્યારે શ્રીહરિએ સહુને કહ્યું, ''પહેલા જેટલા સંતો અને વર્ણીઓ છો તે બધા છાપ લઈ લો. અને પછી જે હરિભક્તો છે તે બધાએ છાપ લેવી.''



## પુષ્પદોલત્સવ (ઈ.સ.૧૮૨૭)

આવી જ રીતે, શ્રીહરિએ વધુ એક વખત વડતાલમાં પુષ્પદોલોત્સવ વડતાલમાં ઉજવેલ તેનું વર્ણન 'શ્રીહરિચરિત્રામૃત સાગર (ભા- ૧૨,પૂ. ૧૯, ત- ૨૩) માં ખૂબ જ સંક્ષિપ્તમાં આપેલ છે.તે આ પ્રમાણે છે.

પછી હુતાશની આવી તેનો શ્રીહરિએ વડતાલમાં મોટો ઉત્સવ કર્યો. પોતે નારાયણ મહોલમાં ઊભા રહી ખૂબ રંગ ઉડાડ્યો. શ્રીહરિ વડતાલમાં જ્યારે આવે ત્યારે ગોમતી ગળાવતા અને પોતે પણ ગાળની ટોપલીઓ ઉપાડતા. એમ કરતા રામનવમી આવી. તે સમૈયો શ્રીહરિએ સારી રીતે કર્યો. શ્રીહરિ ચૈત્રી પૂનમ લગી વડતાલમાં રહ્યા. સર્વ ભક્તજનોને અતિ આનંદ પમાડ્યા. શ્રીહરિએ સર્વ ભક્તજનોને પોતપોતાને ગામ જવાની આજ્ઞા આપી, પણ શ્રીહરિનાં દર્શન મૂકી કોઈને ઘેર જવું ગમતું ન હતું. જેમ ચંદ્ર વિના ચકોર અને જળ વિના માછલું દુઃખ પામે તેમ શ્રીહરિના વિયોગથી ભક્તો દુઃખ પામતા. છતાં સર્વ ભક્તજનો શ્રીહરિની આજ્ઞા મસ્તકે ચઢાવી મૂર્તિ હૃદયમાં સંભારતા પોતપોતાને ઘેર ગયા. પછી શ્રીહરિ પણ વડતાલથી પાછા ગઢપુર આવીને રહ્યા.

# સત્સંગ સમાચાર



**લતીપુરા (પાદરા)** મુકામે **દિવ્ય શાકોત્સવ** પ્રસંગે કથામૃતનું રસપાન કરાવતાં વડતાલ મંદિરના મુખ્ય કોઠારીશ્રી તથા યજમાન પરિવાર એવં સત્સંગ સમાજ **તા.૮/૧/૨૦૧૭**





**પીપળી (પાદરા)** મુકામે સત્સંગ સભા એવં પધરામણી પ્રસંગે ઉપસ્થિત વડતાલ મંદિરના મુખ્ય કોઠારીશ્રી **તા.૮/૧/૨૦૧૭**



**વડતાલ** મુકામે શ્રી પ્રદીપભાઈ બારોટ-મુંબઈનાં નવા નિવાસના ઉદ્ઘાટન નિમિતે મહાપૂજા-પધરામણી પ્રસંગે ઉપસ્થિત આ.કો. શ્રી સંત સ્વામી, પૂ.મુની સ્વામી, પૂ.પૂર્ણ સ્વામી, પૂ.શ્યામ સ્વામી




**કરજણ** મુકામે **ચતુર્થ પાટોત્સવ** પ્રસંગે ઉપસ્થિત વક્તાશ્રી પૂ.સરજુ સ્વામી, પૂ.નૌતમ સ્વામી, પૂ.ઘનશ્યામ સ્વામી - સાળંગપુરવાળા તથા સત્સંગ સમાજ **તા.૨૪/૧/૨૦૧૭**






**ભુસાવળ (મહારાષ્ટ્ર)** મુકામે પ.પૂ.કો.શ્રી ધર્મસ્વરૂપદાસજી સ્વામી દ્વારા આયોજીત **દિવ્ય શાકોત્સવ** પ્રસંગે ઉપસ્થિત પૂ.મોહન સ્વામી, તથા સત્સંગ સમાજ **તા.૧૨/૧/૨૦૧૭**





**મુંબઈ (ઘાટકોપર)** મુકામે પારેખ પરિવાર દ્વારા આયોજીત કથાપારાયણમાં ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, વક્તાશ્રી ભૂપેન્દ્રભાઈ પંડયા, ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, પૂ.નૌતમ સ્વામી, પૂ.જગતપ્રકાશ સ્વામી, **તા.૧૭/૧/૨૦૧૭**






**ડાકોર** મુકામે કો.શ્રી વિજયપ્રકાશદાસજી સ્વામી દ્વારા આયોજીત **ચતુર્થ પાટોત્સવ** પ્રસંગે ઉપસ્થિત વક્તાશ્રી
પૂ.શુકદેવ સ્વામી-નાર, આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.હરિપ્રકાશ સ્વામી- અથાણાવાળા, તથા સત્સંગ સમાજ **તા.૧૭/૧/૨૦૧૭**








**ધ્રાગંધ્રા ગુરૂકુલ** મુકામે પ.પૂ.સ.ગુ.શ્રી રામકૃષ્ણદાસજી સ્વામી દ્વારા આયોજીત **પ્રથમ પાટોત્સવ** પ્રસંગે
ઉપસ્થિત બંને વક્તાશ્રી, પૂ.સંતો તથા સત્સંગ સમાજ **તા.૧૨ થી ૧૮/૧/૨૦૧૭**









**પાડળસા (મહારાષ્ટ્ર)** મુકામે પ.પૂ.કે.કે.શાસ્ત્રી સ્વામી દ્વારા **પ્રથમ પાટોત્સવ** પ્રસંગે ઉપસ્થિત પૂ.રાજેન્દ્રપ્રસાદ સ્વામી
તથા ઉપસ્થિત પૂ.બાલકૃષ્ણ સ્વામી - મેતપુર તથા સત્સંગ સમાજ **તા.૧૮ થી ૨૪/૧/૨૦૧૭**


**મોહરાળા (મહારાષ્ટ્ર)** મુકામે પ.પૂ.કો.શ્રી ભગવતસ્વરૂપદાસજી સ્વામી દ્વારા આયોજીત **પ્રથમ પાટોત્સવ**
કથા પારાયણ પ્રસંગે ઉપસ્થિત વક્તાશ્રી હરિપ્રકાશ સ્વામી, પૂ.કે.કે.શાસ્ત્રી સ્વામી, **તા.૨૨ થી ૨૮ /૧/૨૦૧૭**

**વડતાલધામ** મુકામે દર્શનાર્થે તથા ગૌશાળાની મુલાકાતે પધારેલા માન.શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા (મહેસુલ-શિક્ષણમંત્રીશ્રી) સાથે ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.નૌતમ સ્વામી, પૂ.શ્યામ સ્વામી, શ્રી મહેશભાઈ-આણંદ **તા.૨૪/૧/૨૦૧૭**


**વડતાલ હાઈસ્કૂલ** મુકામે ૨૬ મી જાન્યુઆરી પ્રજાસત્તાકદિન પ્રસંગે ધ્વજવંદન કરતા આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.શ્યામ સ્વામી,શ્રી મહેન્દ્રભાઈ, ટ્રસ્ટી મંડળ, શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓ **તા.૨૬/૧/૨૦૧૭**

**વડતાલ રેલ્વે સ્ટેશન** પર ધ્વજ વંદન કરી રહેલા આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.શ્યામ સ્વામી, કે.સી.મેકવાન સાહેબ,તથા બાળકો **તા.૨૬/૧/૨૦૧૭**






**ચોરવાડી (જેતપુર)** મુકામે **દિવ્ય ભવ્ય શાકોત્સવ** પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, વક્તાશ્રી, પૂ.નારાયણચરણ સ્વામી - વ્રજભૂમિ, પૂ.નીલકંઠચરણ સ્વામી- જેતપુર, પૂ.દેવનંદન સ્વામી - જૂનાગઢ, તથા ઉપસ્થિત સંતો - ભક્તો **તા.૨૬/૧/૨૦૧૭**





**વાસણા (મહુધા)** મુકામે **દિવ્ય શાકોત્સવ છઠ્ઠો પાટોત્સવ** પ્રસંગે ઉપસ્થિત આ.કો.શ્રી સંત સ્વામી, વક્તાશ્રી, પૂ.માધવ સ્વામી, પૂ.ધર્મસ્વરૂપ સ્વામી - નાથદ્વારા, પૂ.પૂર્ણ સ્વામી, પૂ.શ્યામ સ્વામી તથા સત્સંગ સમાજ **તા.૨૭/૧/૨૦૧૭**






**ઉજ્જૈન (મધ્યપ્રદેશ)** મુકામે કો.શ્રી આનંદ સ્વામી દ્વારા આયોજીત **દિવ્ય શાકોત્સવ** દર્શન **તા.૨૭/૧/૨૦૧૭**




**વડતાલ મુકામે** શ્રી રાજુભાઈનાં **નવા પાર્ટી પ્લોટનાં ઉદ્‌ઘાટન** પ્રસંગે યજ્ઞ પૂર્ણાહુતિ - પધરામણીમાં ઉપસ્થિત ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.શ્યામ સ્વામી **તા.૨૮/૧/૨૦૧૭**






**સાંકળી (જેતપુર)** મુકામે પ.પૂ.કો.શ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા આયોજીત **દિવ્ય શાકોત્સવ** - મહાપૂજા પ્રસંગે ઉપસ્થિત પૂ.બાલકૃષ્ણ સ્વામી - ફરેળી, પૂ.ભગવતચરણ સ્વામી - જામજોધપુર, પૂ.ભક્તિજીવન સ્વામી-હરિયાળા, પૂ.નારાયણચરણ સ્વામી - વ્રજભૂમિ, વગેરે સંતો તથા સત્સંગ સમાજ **તા.૨૮/૧/૨૦૧૭**






**વડતાલ** મંદિરે દર્શનાર્થે પધારેલા વિકલાંગ બાળકોને કથામૃત-આશીર્વાદ-પ્રસાદ આપતા ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.શ્યામ સ્વામી **તા.૨૮/૧/૨૦૧૭**


**વડતાલ** મુકામે રેલ્વે સ્ટેશન અધિક્ષકશ્રી કે.સી.મેકવાન સાહેબના વિદાય સમારંભમાં ઉપસ્થિત ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, પૂ.નૌતમ સ્વામી, આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.ધર્મજીવન સ્વામી, પૂ.મુની સ્વામી, પૂ.પૂર્ણ સ્વામી, પૂ.શ્યામ સ્વામી, પૂ.દેવસ્વરૂપ સ્વામી, પૂ.બળદેવ સ્વામી વગેરે સંતો **તા.૨૯/૧/૨૦૧૭**







**મહુડીયાપુરા (વડતાલ)** મુકામે **૧૯ મા પાટોત્સવ** - શ્રીહરિયાગ પ્રસંગે ઉપસ્થિત આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.મુની સ્વામી, પૂ.શ્યામ સ્વામી તથા સત્સંગ સમાજ **તા. ૩૦/૧/૨૦૧૭**







**વડજ (ડભોઈ)** મુકામે પ.પૂ.કો.શ્રી સંત સ્વામી દ્વારા આયોજીત **૨૦ મો પાટોત્સવ** કથા-મારૂતિયાગ પ્રસંગે ઉપસ્થિત આ.કો.શ્રી સંત સ્વામી, વક્તાશ્રી પૂ.સત્યપ્રકાશ સ્વામી, પૂ.બાલકૃષ્ણ સ્વામી - મેતપુર, પૂ.નારાયણપ્રસાદ સ્વામી - ઉધના, પૂ.કે.કે.શાસ્ત્રી સ્વામી - વાસદ તથા સત્સંગ સમાજ **તા.૨ થી ૪/૨/૨૦૧૭**





**કોલ્હાપુર (મહારાષ્ટ્ર)** મુકામે **૧૧ મા પાટોત્સવ** પ્રસંગે કથામૃતનું રસપાન કરાવતા પ.પૂ.નારાયણસ્વરૂપ સ્વામી-ખીરસરા તથા ઉપસ્થિત પૂ.મોહનપ્રસાદ સ્વામી - પીપલાણા તથા ઉપસ્થિત સત્સંગ સમાજ **તા.૨ થી ૬/૨/૨૦૧૭**


**નાહિયેર ગુરૂકુલ** મુકામે પ.પૂ.સ.ગુ.શ્રી ભક્તિસ્વરૂપ સ્વામી દ્વારા આયોજીત પ્રથમ પાટોત્સવ પ્રસંગે કથામૃતનો લાભ આપતા પૂ.કેશવસ્વામી, પૂ.વાસુદેવસ્વમી તથા સત્સંગ સમાજ **તા.૩/૨/૨૦૧૭**




**વડતાલધામ દર મહિનાના પહેલા રવિવારે**

# રવિ સભા

**સમય : સાંજે ૪:૦૦ થી ૬:૦૦**



**નોંધ :- વડતાલધામ રવિસભામાં દરેક સત્સંગી ભાઈઓ-બહેનોએ સત્સંગ, કથાવાર્તા, દર્શનનો લાભ લેવા સહપરિવાર અવશ્ય પધારવું.**

**સંપર્ક : ૦૨૬૮ - ૨૫૮૯૭૨૮ - ૭૭૬ કોઠારીશ્રી ઓફીસ**

# શ્રી હરિકૃષ્ણ મહારાજ આદિ દેવોને થાળ તથા સંતોને રસોઈની યાદી - જાન્યુઆરી ૨૦૧૭



| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૧-૧-૨૦૧૭ | વડતાલ | કો.સ્વા.શ્રી વલ્લભદાસજી ગુ.કુંજવિહારીદાસજી | અડદિયાપાક |
| ૨ | ૨-૧-૨૦૧૭ | અમદાવાદ | શૈલેષભાઈ શાંતિલાલ સાવલીયા | ગોળના ચુરમાના લાડુ |
| ૩ | ૨-૧-૨૦૧૭ | લંડન | કલ્પેશભાઈ જગદિશભાઈ પટેલ હ.દેવસ્વરૂપદાસજી | અડદિયાપાક |
| ૪ | ૩-૧-૨૦૧૭ | વડતાલ/લંડન | મગનભાઈ છોટાભાઈ પટેલ, મનોજભાઈ મગનભાઈ પટેલ, હ.ગોવિંદસ્વામી - મેતપુરવાળા | અડદિયા લાડુ |
| ૫ | ૪-૧-૨૦૧૭ | મુંબઈ | ઉમંગ નરેશભાઈ પારેખ | અડદિયાપાક |
| ૬ | ૫-૧-૨૦૧૭ | સંજાયા | મનુભાઈ શંકરભાઈ સુથાર, જયકિશન મનુભાઈ, હ.ગોવિંદસ્વામી - મેતપુરવાળા | મોહનથાળ |
| ૭ | ૬-૧-૨૦૧૭ | નડીયાદ/યુ.એસ.એ. | અ.નિ.નટુભાઈ પુનમભાઈ પટેલ | મોહનથાળ |
| ૮ | ૭-૧-૨૦૧૭ | વડતાલ | શ્રી વિષ્ણુસ્વામી - ડભાણવાળા | અમરતપાક |
| ૯ | ૮-૧-૨૦૧૭ | સામરખા | પ્રકાશભાઈ મોહનભાઈ પટેલ | ચુરમાલાડુ |
| ૧૦ | ૯-૧-૨૦૧૭ | વડતાલ | શ્રી વિષ્ણુસ્વામી - ડભાણવાળા | પનીર જલેબી/ ખજુરપાક |
| ૧૧ | ૧૦-૧-૨૦૧૭ | મંડાળા | નિરંજનભાઈ ત્રિકમભાઈ પટેલ | મોહનથાળ |
| ૧૨ | ૧૧-૧-૨૦૧૭ | વડતાલ | સ્વા.શાંતિપ્રકાશદાસજી તથા જયસુખભગત, અ.નિ.સ.ગુ.કો.સ્વા.હરિબળદાસજી ગુ.પુ.ધર્મસ્વરૂપદાસજી | મોહનથાળ |
| ૧૩ | ૧૨-૧-૨૦૧૭ | રાજકોટ | ઈન્દુલાલ હરજીવનભાઈ દવે | દુધપાક માલપુડા |
| ૧૪ | ૧૩-૧-૨૦૧૭ | વડતાલ | શા.સ્વા.ધર્મપ્રસાદદાસજી ગુ.શા.નિલકંઠદાસજી | જલેબી/મોહનથાળ |
| ૧૫ | ૧૪-૧-૨૦૧૭ | વડતાલ/ખાંધલી | ધનજીભાઈ કિશાભાઈ પરમાર તથા ઘનશ્યામભાઈ અંબાલાલ પટેલ હ.પા.પરેશભગત | અડદિયાપાક/જલેબી |
| ૧૬ | ૧૫-૧-૨૦૧૭ | કરમસદ | પીયુષભાઈ નરસિંહભાઈ પરમાર | વેઢમી |
| ૧૭ | ૧૬-૧-૨૦૧૭ | વિદ્યાનગર | મહેન્દ્રભાઈ જીવાભાઈ પટેલ | મોહનથાળ |
| ૧૮ | ૧૭-૧-૨૦૧૭ | મહેસાણા | ઘનશ્યામભાઈ શનાભાઈ પટેલ | માલપુડા દુધપાક |
| ૧૯ | ૧૮-૧-૨૦૧૭ | કાંસોર (પીપળાવ) | અ.નિ.મંજુલાબેન વિઠ્ઠલભાઈ પટેલ | અડદિયાપાક |
| ૨૦ | ૧૯-૧-૨૦૧૭ | સોખડા | ભુપેન્દ્રભાઈ જગદિશભાઈ પટેલ હ.મુખ્ય કોઠારીશ્રી | મોહનથાળ |
| ૨૧ | ૨૦-૧-૨૦૧૭ | ખાંધલી | ઘનશ્યામભાઈ શીવાભાઈ પટેલ | ધારી/અડદિયાપાક |
| ૨૨ | ૨૧-૧-૨૦૧૭ | જયદેવપુરા | શ્રી સ્વા.ના.ગુરુકુળ, અ.નિ.ધર્મકિશોરદાસની શ્રયોદશા નીમીતે, હ.આનંદસ્વામી | મગસચકતા |
| ૨૩ | ૨૨-૧-૨૦૧૭ | સુરત | અ.નિ.હરિકેશવદાસજી હ.પા.વિલાશભગત | પાંચ પકવાન |
| | ૨૨-૧-૨૦૧૭ | વીણા/યુ.એસ.એ. | મહેન્દ્રભાઈ જીવાભાઈ પટેલ હ.આધારસ્વામી | મોહનથાળ |
| ૨૪ | ૨૪-૧-૨૦૧૭ | વડોદરા | કિશોરભાઈ હ.સંત સ્વામી - અથાણાવાળા | અડદિયાપાક |
| ૨૫ | ૨૫-૧-૨૦૧૭ | ટીંમ્બરવા/યુ.એસ.એ. | રમેશભાઈ હ.પા.પરેશભગત | અડદિયાપાક |
| ૨૬ | ૨૬-૧-૨૦૧૭ | વડતાલ | અ.નિ.સોમાભાઈ રણછોડભાઈ પટેલ હ.ટ્રસ્ટીશ્રી પા.ઘનશ્યામભગત | ગુલાબજાંબુ/મોહનથાળ |
| ૨૭ | ૨૭-૧-૨૦૧૭ | વડોદરા | પંકજભાઈ નવીનભાઈ પટેલ હ.પા.દિનુભગત - સડથલાવાળા | મોતૈયાલાડુ |
| ૨૮ | ૨૮-૧-૨૦૧૭ | ઈંટારવા | દિનેશભાઈ બી.પટેલ હ.કાંતિભાઈ | અડદિયાપાક |
| ૨૯ | ૨૯-૧-૨૦૧૭ | સોજીત્રા | અરૂણભાઈ મણીભાઈ પટેલ | અડદિયાપાક |
| ૩૦ | ૩૦-૧-૨૦૧૭ | વડતાલ | અ.નિ.સ.ગુ.સ્વા.નિત્યાનંદસ્વામીની જન્મતીથી નિમીતે હ.શા.સ્વા.સત્યનારાયણદાસજી તથા શિષ્ય મંડળ | અડદિયાપાક |
| ૩૧ | ૩૧-૧-૨૦૧૭ | સુખપુર | અ.નિ.દેવજી વેલજી ગોરસીયા હ.મુખ્ય કોઠારીશ્રી | ગોળના ચુરમાના લાડુ |
| | | | | |

## વડતાલ સંસ્થાન દ્વારા ચાલતુ ફરતુ દવાખાનું

| તારીખ | ગામ (જાન્યુઆરી) | સંખ્યા |
|---|---|---|
| ૦૨/૦૧/૧૭ | વડતાલ મંદિર,મોતીપુરા,મહુપુરા, ખોડિયાર નગર, સ્વામિ.નગર,રાજનગર | ૨૪ |
| ૦૩/૦૧/૧૭ | લાડકૂઈ,પાંચલીપુરા,સૈજપુરા,ધોરીકૂવા | ૬૯ |
| ૦૫/૦૧/૧૭ | વડતાલ,ચકલાસી,વિજયનગર,ભગવાનપુરા | ૫૦ |
| ૦૬/૦૧/૧૭ | બામરોલીસીમ, પ્રકાશનગર, આનંદપુરા | ૫૦ |
| ૦૭/૦૧/૧૭ | ચકલાસી, જાદવપુરા,ભગવાનપુરા | ૨૮ |
| ૦૯/૦૧/૧૭ | વડતાલ મંદિર,મોતીપુરા,મહુપુરા, ખોડિયાર નગર, સ્વામિ.નગર,રાજનગર | ૩૭ |
| ૧૦/૦૧/૧૭ | લાડકૂઈ,પાંચલીપુરા,સૈજપુરા,ધોરીકૂવા | ૫૪ |
| ૧૧/૦૧/૧૭ | વડતાલ,શંકરપુરા,શ્રીજીપુરા,કૃષ્ણનગર | ૫૨ |
| ૧૩/૦૧/૧૭ | બામરોલીસીમ, પ્રકાશનગર, આનંદપુરા | ૫૨ |
| ૧૬/૦૧/૧૭ | વડતાલ મંદિર,મોતીપુરા,મહુપુરા, ખોડિયાર નગર, સ્વામિ.નગર,રાજનગર | ૩૮ |
| ૧૭/૦૧/૧૭ | લાડકૂઈ,પાંચલીપુરા,સૈજપુરા,ધોરીકૂવા | ૬૦ |
| ૧૮/૦૧/૧૭ | વડતાલ,શંકરપુરા,શ્રીજીપુરા,કૃષ્ણનગર | ૧૩ |
| ૧૯/૦૧/૧૭ | ચકલાસી, વિજયનગર,ભગવાનપુરા | ૨૧ |
| ૨૦/૦૧/૧૭ | બામરોલીસીમ, પ્રકાશનગર, આનંદપુરા | ૪૯ |
| ૨૧/૦૧/૧૭ | ચકલાસી, જાદવપુરા,ભગવાનપુરા | ૪૨ |
| ૨૩/૦૧/૧૭ | વડતાલ મંદિર,મોતીપુરા,મહુપુરા, ખોડિયાર નગર, સ્વામિ.નગર,રાજનગર | ૨૧ |
| ૨૪/૦૧/૧૭ | લાડકૂઈ,પાંચલીપુરા,સૈજપુરા,ધોરીકૂવા | ૫૩ |
| ૨૫/૦૧/૧૭ | વડતાલ,શંકરપુરા,શ્રીજીપુરા,કૃષ્ણનગર | ૪૮ |
| ૨૭/૦૧/૧૭ | બામરોલીસીમ, પ્રકાશનગર, આનંદપુરા | ૫૦ |
| ૨૮/૦૧/૧૭ | ચકલાસી, જાદવપુરા,ભગવાનપુરા | ૩૧ |
| ૩૦/૦૧/૧૭ | વડતાલ મંદિર,મોતીપુરા,મહુપુરા, ખોડિયાર નગર, સ્વામિ.નગર,રાજનગર | ૨૫ |
| ૩૧/૦૧/૧૭ | લાડકૂઈ,પાંચલીપુરા,સૈજપુરા,ધોરીકૂવા | ૮૮ |
| | કુલ | ૯૫૫ |

## શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ
## શ્રી ઠાકોરજીને થતાં થાળની યાદી

| ક્રમ | વિગત તમામ (૧૪) મૂર્તિના થાળ | એક દિવસનો પાકો થાળ | કાયમી અનામત થાળ |
|---|---|---|---|
| ૧ | મગસ ચકતાંનો થાળ | ૨૧૦૦/- | ૨૫૦૦૦/- |
| ૨ | બુંદિલાડુનો થાળ | ૨૧૦૦/- | ૨૫૦૦૦/- |
| ૩ | મોતૈયા લાડુનો થાળ | ૨૧૦૦/- | ૨૫૦૦૦/- |
| ૪ | ચુરમાના લાડુનો થાળ | ૨૧૦૦/- | ૨૫૦૦૦/- |
| ૫ | મોહનથાળનો થાળ | ૨૧૦૦/- | ૨૫૦૦૦/- |
| ૬ | અમૃતપાકનો થાળ | ૨૧૦૦/- | ૨૫૦૦૦/- |
| ૭ | સાટાનો થાળ | ૨૧૦૦/- | ૨૫૦૦૦/- |
| ૮ | કોપરાપાકનો થાળ | ૨૧૦૦/- | ૨૫૦૦૦/- |
| ૯ | અડદીયાનો થાળ | ૨૮૦૦/- | ૩૦૦૦૦/- |
| ૧૦ | મૈસુબનો થાળ | ૨૮૦૦/- | ૩૦૦૦૦/- |
| ૧૧ | કાજુ-બદામ મૈસુબનો થાળ | ૩૫૦૦/- | ૩૫૦૦૦/- |

## અક્ષરવાસ




**પ.પૂ.સદ્.કો.શ્રી હરિકેશવદાસજી સ્વામી ગુરુ પ.પૂ.સદ્.શા.શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામી (કોઠારીશ્રી, સુરત)**

વડતાલધામના સુપ્રસિધ્ધ સંત વર્ય પ.પૂ.સદ્.કો.શ્રી હરિકેશવદાસજી સ્વામી સંવત - ૨૦૭૩ના પોષસુદ ૧૧ એકાદશીને સોમવાર તા.૯/૧/૨૦૧૭ના પવિત્ર દિવસે શ્રીહરિ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. પૂ.સ્વામી છેલ્લા ઘણા સમયથી શારિરીક નાદુરસ્ત હતા. વડતાલધામના એક ગણમાન્ય સંતવર્યના અક્ષરવાસથી વડતાલ દેશ ને ન પુરાય તેવી ખોટ પડી છે. પૂ.સ્વામીનું જીવન ખુબજ નિરાળુ-સ્નેહાળુ હતું. પૂ.સ્વામીશ્રીએ નાની વયે ભાગવતી દિક્ષા ગ્રહણ કરી સત્સંગની આજીવન સેવા કરી હતી. પૂ.સ્વામીશ્રી સુરત રામપુરા મંદિરના આઠ વાર કોઠરીપદે નિયુક્ત થઈ સુરત સત્સંગ સમાજને રાજી કર્યો હતો. પૂ.સ્વામીશ્રીએ વડતાલ મંદિરની બે વાર કોઠારી તરીકે સેવા આપી હતી. મહારાષ્ટ્રમાં ચોરવડ તેમજ સુરતમાં ઓલપાડનું મંદિર બાંધી પૂ.સ્વામીશ્રીએ ખુબજ મોટી સેવા કરી હતી.

ગંધારા,વેમારડી, સામલોદ,કોલવાડ, ચિતોડા વગેરે શ્રીહરિ મંદિરના જીર્ણોદ્ધારની સેવા પૂ.સ્વામીશ્રીએ કરી હતી. મહારાષ્ટ્ર તેમજ ચરોતર, કાનમ વગેરે ગામડાઓમાં વિચરણ કરી પૂ.સ્વામીશ્રીએ કથાવાર્તાના માધ્યમથી સત્સંગ પોષણની બહુમોટી સેવા કરીને એક પ્રેરણાનો માર્ગ બતાવ્યો. પૂ.સ્વામીશ્રી ૬૨ વર્ષ આ ધરાપર રહી ભગવાન શ્રીહરિને વિધવિધ સેવાઓથી પ્રસન્ન કર્યા હતા. એમની ચિંધેલા સત્સંગ સેવાના માર્ગે એમના શિષ્યો શા.ભગવતપ્રસાદદાસજી સ્વામી વગેરે સંતો પાર્ષદો-ભક્તો જીવન વિતાવી રહ્યા છે. વડતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજ સર્વેને સત્સંગ તેમજ ધીરજનું બળ અર્પે એજ પ્રાર્થના.

---

## અક્ષરવાસ



**પ.ભ.શ્રી દાદુભાઈ દાનુભાઈ રાઠોડ (બુધેજ)**

બુધેજ નિવાસી શ્રીહરિના સન્નિષ્ઠ ભક્તરાજ પ.ભ.શ્રી દાદુભાઈ દાનુભાઈ રાઠોડ તા.૧૨/૧/૨૦૧૭ને પોષસુદ પુનમને ગુરૂવારના રોજ શ્રીહરિ સ્મરણ સાથે અક્ષરનિવાસી થયા છે. અ.નિ.દાદુભાઈના અક્ષરવાસથી બુધેજ સત્સંગ સમાજ તેમજ વડતાલ પ્રદેશ સત્સંગ સમાજ તથા તેમના સમસ્ત પરિવારને બહુમોટી ખોટ પડી છે. ''સર્વત્ર હરિઈચ્છા બલીયસી'' એ ન્યાયે ભગવાન શ્રીહરિ એમના આત્માને નિજમૂર્તિનું સુખ આપે એવી વડતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજના ચરણોમાં પ્રાર્થના. અ.નિ.દાદુભાઈ એક સન્નિષ્ઠ સત્સંગી હતા. સમસ્ત સંત સમાજ એવં સત્સંગ સમાજનો એમના પર ખુબ રાજીપો હતો, એવું એમનું નિરાળુ જીવન હતું. સંયુક્ત કુટુંબ પરિવારમાં સત્સંગ,સમાજ, વ્યાપાર ધંધો, વ્યવહાર વગેરેનું એક પ્રેરણાદાઈ સંતુલન એમણે જાળવ્યુ હતું. તેમજ એવા જીવનનો રાહ પરિવારને શીખવ્યો હતો. વડતાલ દેશના નાના મોટા સમસ્ત મંદિરો તેમજ સંત મંડળોની એમણે આજીવન સેવા કરી હતી. તેઓશ્રી છેલ્લા ઘણા વર્ષોથી વડતાલ મંદિરે જન્માષ્ટમીના દિવસે ધજા ચડાવવાની સેવા કરતા, મંદિરમાં બિરાજમાન દેવો તેમજ સંતોને રસોઈ આપતા. ઘણા વર્ષોથી દર મહિનાના છેલ્લા શનિવારે સાળંગપુર હનુમાનજી મહારાજના દર્શને જતા. પ્રતિવર્ષ દ્વારિકા આદિક તીર્થ સ્થાનોમાં દર્શને જતા. ભગવાન શ્રીહરિ સમસ્ત પરિવારને સત્સંગ તેમજ ધીરજનું બળ આપે એજ પ્રાર્થના.

### વડતાલ પિઠાધીપતિ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીનું



# સત્સંગ વિચરણ

| | |
|---|---|
| ૦૮/૦૧/૨૦૧૭ | વડતાલધામ મુકામે પ.પૂ.શ્રી વિષ્ણુપ્રસાદદાસજી સ્વામી દ્વારા આયોજીત ત્રિદિનાત્મક મહાવિષ્ણુયાગ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં. |
| ૦૯/૧૦/૧/૨૦૧૭ | સુરત રૂસ્તમબાગ મુકામે પ.પૂ.શ્રી શા.વિશ્વવલ્લભદાસજી સ્વામી દ્વારા આયોજીત કથાપારાયણમાં ઉપસ્થિત રહ્યાં. |
| ૧૧/૦૧/૨૦૧૭ | પીપલગ ચોકડી શ્રી જીગ્નેશભાઈ પટેલના ઘરે લગ્ન પ્રસંગે પધરામણી - આર્શીવચનનો લાભ આપ્યો. |
| ૧૨/૦૧/૨૦૧૭ | રાજકોટ મુકામે એસ.જી.વી.પી.પરિવાર દ્વારા આયોજીત શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી જન્મ શતાબ્દી મહોત્સવ પ્રસંગે દર્શન આર્શીવચનનો લાભ આપ્યો. |
| ૧૬/૦૧/૨૦૧૭ | ઉતરસંડા મુકામે શ્રી ભાવેશભાઈ પટેલના સુપુત્ર જયના લગ્ન પ્રસંગે પધરામણી સભામાં દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. |
| ૧૭/૦૧/૨૦૧૭ | મુંબઈ ઘાટકોપર મુકામે પારેખ પરિવાર દ્વારા શ્રી ભુપેન્દ્રભાઈ પંડયાના વક્તાપદે આયોજીત કથાપારાયણ દર્શન આર્શીવચનનો લાભ આપ્યો. |
| ૨૧થી૨૩/૧/૨૦૧૭ | સિકંદરાબાદ (હૈદ્રાબાદ)મુકામે સત્સંગસભા - પધરામણીઓનો લાભ આપ્યો. |
| ૨૬/૦૧/૨૦૧૭ | ચોરવાડી (જેતપુર) મુકામે પ.પૂ.શા.શ્રી નારાયણચરણદાસજી સ્વામીના વક્તાપદે આયોજીત દિવ્ય શાકોત્સવ પ્રસંગે દર્શન આર્શીવચનનો લાભ આપ્યો. તથા રાજકોટ મંદિર મુકામે પ.પૂ.મહારાજશ્રીના ગાદી પદારૂઢના ૧૫ મા વર્ષ નિમિતે ભાવવંદના મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં. |
| ૨૮/૦૧/૨૦૧૭ | સાળંગપુર મંદિર મુકામે પ.પૂ.કો.શ્રી વિષ્ણુપ્રકાશદાસજી સ્વામી દ્વારા આયોજીત સર્વજ્ઞાતિ સમૂહ લગ્ન પ્રસંગે દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. |
| ૨૯/૦૧/૨૦૧૭ | પુજાપાદર (અમરેલી) મુકામે પ.પૂ.શ્રી વાસુદેવ સ્વામી - નાહિયેર દ્વારા આયોજીત મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે ઉપસ્થિત રહ્યાં. |
| ૩૧/૦૧/૨૦૧૭ | સિસોદરા (નવસારી) મુકામે પ.પૂ.સ.ગુ.શ્રી નીલકંઠચરણદાસજી સ્વામીની પ્રેરણાથી આયોજીત રજત જયંતિ મહોત્સવ પ્રસંગે દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. |
| ૦૧/૦૨/૨૦૧૭ | ધોલેરા મુકામે પ.પૂ.શ્રી હરિચરણદાસજી સ્વામી દ્વારા આયોજીત પાટોત્સવ પ્રસંગે અભિષેકનો લાભ આપી ગઢડા (ઘેલાકાંઠા) મુકામે પ.પૂ.શા.શ્રી ભક્તિપ્રિયદાસજી સ્વામી દ્વારા આયોજીત નૂતન શિક્ષાપત્રી મંદિર શિલાન્યાસ મહોત્સવ પ્રસંગે લાભ આપી, તારાપુર મુકામે કો.શ્રી ગોવિંદભાઈ દ્વારા આયોજીત નૂતન મંદિર ખાતમૂર્હત પ્રસંગે ઉપસ્થિત રહ્યાં. |
| ૦૨/૦૨/૨૦૧૭ | નડીયાદ મુકામે સાખલા પરિવાર દ્વારા આયોજીત નૂતન નિવાસ શ્રીજી વિહારના ઉદ્‌ઘાટન પ્રસંગે દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. |
| ૦૩/૦૨/૨૦૧૭ | લોયાધામ મુકામે પ.પૂ.સ.ગુ.શા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી દ્વારા આયોજીત દિવ્ય શાકોત્સવ, પ્રથમ સ્તંભ સ્થાપન વિધિ પ્રસંગે દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. |
| ૦૪/૦૨/૨૦૧૭ | કણજરી (હાલોલ) મુકામે પ.પૂ.કો.શ્રી વિશ્વવલ્લભદાસજી સ્વામી દ્વારા આયોજીત રજત સિંહાસન ઉદ્‌ઘાટન પ્રસંગે દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. |
| ૦૫/૦૨/૨૦૧૭ | આણંદ મુકામે પ.પૂ.શા.શ્રી સત્સંગભૂષણદાસજી સ્વામી દ્વારા આયોજીત સ્વામિનારાયણ સ્મૃતિ મંદિરના પાટોત્સવ પ્રસંગે દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. |
| ૦૬/૦૨/૨૦૧૭ | પતરીયાપુરા(ખંભાત)મુકામે પ.પૂ.સ.ગુ.શ્રી ગોવિંદપ્રસાદદાસજી સ્વામી દ્વારા આયોજીત મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. |
| ૦૭થી૦૯/૦૨/૧૭ | સાવરકુંડલા મુકામે પ.પૂ.કો.શ્રી બાલસ્વરૂપદાસજી સ્વામી દ્વારા આયોજીત શ્રી સ્વામિનારાયણ મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. |

## વડતાલ પિઠાધીપતિ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ ઉજવાતા

# સંપ્રદાયના આગામી કાર્યક્રમો

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨૨ થી ૨૪ ફેબ્રુ.૨૦૧૭ | બૈજાપુર (મધ્યપ્રદેશ) | પ.પૂ.સ.ગુ.શ્રી ઘનશ્યામપ્રસાદદાસજી સ્વામી - કો.શ્રી મુંબઈની પ્રેરણાથી<br>પ.પૂ.સ.ગુ.શ્રી નૌતમપ્રકાશદાસજી સ્વામીના વક્તાપદે | પ્રથમ પાટોત્સવ<br>ત્રિદિનાત્મક કથા |
| ૨ | ૨૪ ફેબ્રુ.૨૦૧૭ | નરસંડા(નડીયાદ) | પ.પૂ.સ.ગુ.શ્રી નૌતમપ્રકાશદાસજી સ્વામીની પ્રેરણાથી | ૧૫ મો પાટોત્સવ |
| ૩ | ૨૪ ફેબ્રુ.થી ૧ માર્ચ ૨૦૧૭ | લોજ | પ.પૂ.શા.શ્રી હરિપ્રકાશદાસજી સ્વામી દ્વારા આયોજીત<br>પ.પૂ.શા.શ્રી કૃષ્ણપ્રકાશદાસજી સ્વામી-જામનગરના વક્તાપદે | સેવાશતાબ્દી મહોત્સવ |
| ૪ | ૨૫ ફેબ્રુ. થી ૧ માર્ચ ૨૦૧૭ | સુરેન્દ્રનગર | પ.પૂ.શ્રી મહાત્માસ્વામી દ્વારા આયોજીત<br>પ.પૂ.શ્રી સત્સંગસાગરદાસજી સ્વામીના વક્તાપદે | દ્વિતિય પાટોત્સવ - કથાપારાયણ |
| ૫ | ૨૬ ફેબ્રુ. થી ૨ માર્ચ ૨૦૧૭ | ઉધના સુરત | પ.પૂ.સ.ગુ.શ્રી નારાયણપ્રસાદદાસજી સ્વામી દ્વારા આયોજીત<br>પ.પૂ.શા.શ્રી સત્યપ્રકાશદાસજી સ્વામીના વક્તાપદે | પાટોત્સવ - કથાપારાયણ |
| ૬ | ૨૭ ફેબ્રુ. થી ૧ માર્ચ ૨૦૧૭ | હીરાબા નગર (ભરૂચ) | પ.પૂ.સ.ગુ.શ્રી કૃષ્ણપ્રિયદાસજી સ્વામી (નિલમસ્વામી)દ્વારા આયોજીત<br>પ.પૂ.શા.શ્રી સરજુદાસજી સ્વામીના વક્તાપદે | પૂનઃપ્રતિષ્ઠા/ત્રિદિનાત્મક કથા |
| ૭ | ૨૭ ફેબ્રુ. થી ૩ માર્ચ ૨૦૧૭ | પીજ | પ.પૂ.શા.શ્રી વિશ્વવલ્લભદાસજી સ્વામી (પીજ)ની પ્રેરણાથી<br>પ.પૂ.શા.શ્રી હરિપ્રકાશદાસજી સ્વામી (અથાણાવાળા)ના વક્તાપદે<br>પ.પૂ.શ્રી પ્રિયદર્શનદાસજી સ્વામી (પીજ) ના વક્તાપદે | કથાપારાયણ-પાટોત્સવ |
| ૮ | ૨૭ ફેબ્રુ. થી ૩ માર્ચ ૨૦૧૭ | શેઢવડાળા (જામજોધપુર) | પ.પૂ.શ્રી વિવેકસાગર સ્વામી - કલાકુંજના વક્તાપદે | મંગલમૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ |
| ૯ | ૨૮ ફેબ્રુ. ૨૦૧૭ | સુરત રામપુરા | પ.પૂ.કો.શ્રી હરિજીવનદાસજી સ્વામી દ્વારા આયોજીત | શ્રીહરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ |
| ૧૦ | ૨૮ ફેબ્રુ.૨૦૧૭ | ખંભાત | પ.પૂ.શા.શ્રી ન્યાલકરણદાસજી સ્વામી દ્વારા આયોજીત | ૧૮૯ મો પાટોત્સવ |
| ૧૧ | ૨૮ ફેબ્રુ. થી ૨ માર્ચ ૨૦૧૭ | અમરેલી(પાણીદરવાજા) | પ.પૂ.સ.ગુ.શ્રી ભક્તિસંભવદાસજી સ્વામી ની પ્રેરણાથી<br>પ.પૂ.શા.શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામી ના વક્તાપદે | શિક્ષાપત્રી ભાસ્યકથા |
| ૧૨ | ૧ થી ૩ માર્ચ ૨૦૧૭ | તારાપુર | સત્સંગ સમાજવતી શ્રી ગોવિંદભાઈ દ્વારા આયોજીત<br>પ.પૂ.શા.શ્રી ન્યાલકરણદાસજી સ્વામીના વક્તાપદે | ૧૧ મો પાટોત્સવ / ત્રિદિનાત્મક કથા |
| ૧૩ | ૪ થી ૬ માર્ચ ૨૦૧૭ | વાવડી (રાજપીપળા) | પ.પૂ.સ.ગુ.શ્રી કૃષ્ણપ્રિયદાસજી સ્વામી (નિલમસ્વામી)દ્વારા આયોજીત<br>પ.પૂ.શા.શ્રી સરજુદાસજી સ્વામીના વક્તાપદે | ત્રિદિનાત્મક કથા |
| ૧૪ | ૫ થી ૭ માર્ચ ૨૦૧૭ | આંબળી (ધોલેરા) | પ.પૂ.શ્રી પુરૂષોત્તમદાસજી સ્વામી દ્વારા આયોજીત<br>પ.પૂ.શા.શ્રી હરિપ્રકાશદાસજી સ્વામીના વક્તાપદે | પાટોત્સવ / કથાપારાયણ |
| ૧૫ | ૫ થી ૧૨ માર્ચ ૨૦૧૭ | મોટાવરાછા - સુરત | પ.પૂ.સ.ગુ.શા.શ્રી વિશ્વવલ્લભદાસજી સ્વામી (રૂસ્તમબાગ)ના વક્તાપદે | પંચાબ્દિ મહોત્સવ - કથાપારાયણ |
| ૧૬ | ૭ થી ૧૧ માર્ચ ૨૦૧૭ | દ્વારકા (ભક્તિધામ) | પ.પૂ.શ્રી ચંદ્રપ્રસાદદાસજી સ્વામી દ્વારા આયોજીત<br>પ.પૂ.શ્રી સત્યપ્રકાશદાસજી સ્વામીના વક્તાપદે | કથાપારાયણ |
| ૧૭ | ૭ થી ૧૩ માર્ચ ૨૦૧૭ | મોટી કુકાવાવ | બાબરીયા પરિવાર દ્વારા આયોજીત<br>પ.પૂ. શ્રી મંગલસ્વરૂપ સ્વામી, પ.પૂ.શ્રી ચૈતન્યસ્વરૂપ સ્વામી વક્તાપદે | કથાપારાયણ |
| ૧૮ | ૮ થી ૧૨ માર્ચ ૨૦૧૭ | કલાલી | પ.પૂ.કો.શ્રી પ્રભુચરણદાસજી સ્વામી (પવનસ્વામી) દ્વારા આયોજીત<br>પ.પૂ.શા.શ્રી હરિપ્રકાશદાસજી સ્વામી - સાળંગપુરના વક્તાપદે | પાટોત્સવ - કથાપારાયણ |
| ૧૯ | ૧૪ થી ૨૨ માર્ચ ૨૦૧૭ | કરીયાણા(ગઢડા) | પ.પૂ.શા.શ્રી હરિપ્રસાદદાસજી સ્વામી (ગઢડા)ના વક્તાપદે | કથાપારાયણ |
| ૨૦ | ૧૭ થી ૨૩ માર્ચ ૨૦૧૭ | ગામેઠા(પાદરા) | પ.પૂ.સ.ગુ.શ્રી નૌતમપ્રકાશદાસજી સ્વામીની પ્રેરણાથી<br>પ.પૂ.શા.શ્રી સરજુદાસજી સ્વામીનાં વક્તાપદે | કથાપારાયણ |
| ૨૧ | ૨૯ માર્ચ થી ૪ એપ્રિલ ૨૦૧૭ | મુંજપર (મુળી) | પરમાર પરિવાર દ્વારા આયોજીત<br>પ.પૂ.શા.શ્રી કૃષ્ણપ્રકાશદાસજી સ્વામી - જામનગરના વક્તાપદે | કથાપારાયણ |
| ૨૨ | ૩૧ થી ૬ એપ્રિલ.૨૦૧૭ | મોટી કુંકાવાવ | પ.પૂ.સ.ગુ.શા.શ્રી વિશ્વવલ્લભદાસજી સ્વામી (રૂસ્તમબાગ)ના વક્તાપદે | કથાપારાયણ |
| ૨૩ | ૩ થી ૧૧ એપ્રિલ ૨૦૧૭ | ગોત્રી વડોદરા<br>(હનુમાનજી મંદિર) | પ.પૂ.કો.શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી<br>પ.પૂ.શા.શ્રી શાંતિપ્રિયદાસજી સ્વામી(ડભાણ)ના વક્તાપદે | સદ્‌ગુરૂ વાત્સલ્ય મહોત્સવ<br>સુવર્ણ સિંહાસન મહોત્સવ |
| ૨૪ | ૫ થી ૧૧ એપ્રિલ ૨૦૧૭ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | ચૈત્રી સમૈયો |
| ૨૫ | ૧૭ થી ૨૩ એપ્રિલ ૨૦૧૭ | સચીન(સુરત) | પ.પૂ.સ.ગુ.શા.શ્રી વિશ્વવલ્લભદાસજી સ્વામી (રૂસ્તમબાગ)ના વક્તાપદે | કથાપારાયણ |
| ૨૬ | ૪ થી ૬ મે ૨૦૧૭ | મુંબઈ (ભુલેશ્વર) | પ.પૂ.સ.ગુ.કો.શ્રી ઘનશ્યામપ્રસાદદાસજી સ્વામી દ્વારા આયોજીત<br>પ.પૂ.શા.શ્રી સત્યપ્રકાશદાસજી સ્વામીના વક્તાપદે | ૧૪૯ મો પાટોત્સવ / કથાપારાયણ |
| ૨૭ | ૬ મે ૨૦૧૭ | મુંબઈ ભુલેશ્વર | પ.પૂ.સ.ગુ.શ્રી ઘનશ્યામપ્રસાદદાસજી સ્વામી - કો.શ્રી મુંબઈની પ્રેરણાથી | ૧૪૯ મો પાટોત્સવ |
| ૨૮ | ૮ મે ૨૦૧૭ | ધોલેરા | પ.પૂ.કો.શ્રી હરિચરણદાસજી સ્વામી દ્વારા આયોજીત | અક્ષર ઓરડી ઉદ્‌ઘાટન મહોત્સવ/૧૯૧ મો પાટો. |
| ૨૯ | ૮ મે ૨૦૧૭ | વાડી વડોદરા | પ.પૂ.કો.શ્રી જગતપાવનદાસજી સ્વામી દ્વારા આયોજીત | પાટોત્સવ |
| ૩૦ | ૩ થી ૧૦ મે ૨૦૧૭ | નાસીક (મહારાષ્ટ્ર) | પ.પૂ.સ.ગુ.શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામીની પ્રેરણાથી | સદ્‌ગુરૂ વંદના મહોત્સવ |
| ૩૧ | ૧૦ થી ૧૬ મે ૨૦૧૭ | માલેગાવ (મહારાષ્ટ્ર) | પ.પૂ. ભગવત્‌પ્રસાદદાસજી સ્વામી, દેવેનભગત દ્વારા આયોજીત<br>પ.પૂ. શ્રી વિશ્વવલ્લભદાસજી સ્વામી (પીજ)ના વક્તાપદે | ૯૬ મો પાટોત્સવ<br>કથાપારાયણ |
| ૩૨ | ૧૮ મે ૨૦૧૭ | ચાણોદ | પ.પૂ.કો.શ્રી ઋષિકેશદાસજી સ્વામી દ્વારા આયોજીત | ૮૩ મો પાટોત્સવ |





**સાળંગપુરધામ** મુકામે **ન્યુ ગેસ લાઈન કનેકશનનું ઉદ્દ્ઘાટન** કરવા પધારેલા નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ સાથે શા.શ્રી હરિપ્રકાશ સ્વામી, કો.શ્રી વિવેકસાગર સ્વામી **તા.૨૦/૧/૨૦૧૭**

**વડતાલ** મંદિરમાં દેવો માટે સુવર્ણ કળશ અર્પણ કરતા પ.પૂ.શ્રી ધર્મજીવનદાસજી સ્વામી - વડતાલ **તા.૩૧/૧/૨૦૧૭**

**છપૈયા-યુ.પી.** મુકામે મા ફાઉન્ડેશન ગફુરભાઈ બીલખીયા દ્વારા વડતાલ મંદિર તરફથી ચેરમેનશ્રી દેવસ્વામીના હસ્તે છપૈયા નિવાસી બાળકોને રૂા.૧૦,૦૦૦/- દશ દશ હજારની **શિક્ષણ સહાય** અર્પણ કરી. જેમાં ૪૦ બાળકોનાં વાલીઓ સંતો સાથે નજરે પડે છે. **તા.૩/૨/૨૦૧૭**





**પુજા પાદર (અમરેલી)** મુકામે પ.પૂ.શ્રી વાસુદેવ સ્વામી - નાહિયેર દ્વારા આયોજીત **મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ** પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.ભક્તિસ્વરૂપદાસજી સ્વામી - નાહિયેર, પૂ.ભક્તિપ્રિયદાસજી સ્વામી - ઘેલાકાંઠા, પૂ.સ્વયંપ્રકાશદાસજી સ્વામી - ટાટમ, પૂ.ધર્મવિહારી સ્વામી - ઢસા **તા.૨૬ થી ૩૦/૧/૨૦૧૭**







**સાળંગપુરધામ** મુકામે પ.પૂ.સ.ગુ.શ્રી વિષ્ણુપ્રકાશદાસજી સ્વામીની પ્રેરણાથી આયોજીત **પ્રથમ સમુહ લગ્નોત્સવ** પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, ચેરમેનશ્રી પૂ.દેવસ્વામી, શ્રી જીતુભાઈ વાઘાણી - ભાજપ પ્રદેશ પ્રમુખ,પૂ.બાપુસ્વામી, આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.હરિપ્રકાશ સ્વામી, પૂ.શુકદેવ સ્વામી - નાર, પૂ.હરિકેશવ સ્વામી - નાર, **તા.૨૯/૧/૨૦૧૭**






**કણજરી (હાલોલ)** મુકામે પ.પૂ.શ્રી વિશ્વવલ્લભદાસજી સ્વામીની પ્રેરણાથી આયોજીત **રજત સિંહાસન ઉદ્દ્ઘાટન મહોત્સવ** પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, વક્તાશ્રી પૂ.પ્રિયદર્શન સ્વામી તથા સત્સંગ સમાજ **તા.૨૯ જાન્યુ. થી ૪/૨/૨૦૧૭**







**વડતાલધામ** મુકામે વસંત પંચમી - **શિક્ષાપત્રી જયંતિ** પ્રસંગે શિક્ષાપત્રી પૂજન-પાઠ-હોમાત્મક યજ્ઞમાં ઉપસ્થિત આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.ગોવિંદ સ્વામી, પૂ.ધર્મજીવન સ્વામી, પૂ.શુકદેવ સ્વામી, પૂ.મુની સ્વામી, પૂ.પૂર્ણ સ્વામી, પૂ.શ્યામ સ્વામી, પૂ.આધાર સ્વામી, વગેરે સંતો તથા યજમાન પરિવારના ભક્તો **તા.૧/૨/૨૦૧૭**





**ધોલેરાધામ** મુકામે પ.પૂ.કો.શ્રી હરિચરણદાસજી સ્વામી દ્વારા આયોજીત **શ્રીહરિકૃષ્ણ મહારાજનો ૧૮૫ મા પાટોત્સવ** પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પૂ.બાપુ સ્વામી **તા.૧/૨/૨૦૧૭**





**ઘેલાકાંઠે ગઢપુર** મુકામે પ.પૂ.શા.શ્રી ભક્તિપ્રિયદાસજીસ્વામી દ્વારા આયોજીત **નૂતન શિક્ષાપત્રી મંદિર શિલાન્યાસ મહોત્સવ** પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પ.પૂ.શા.શ્રી જ્ઞાનપ્રકાશ સ્વામી - ગાંધીનગર, મુખ્યકોઠારીશ્રી-વડતાલ,પૂ.નૌતમ સ્વામી, પૂ.દેવનંદન સ્વામી જૂનાગઢ, પૂ.વિષ્ણુ સ્વામી-બોટાદવાળા, પૂ.ભક્તિસ્વરૂપ સ્વામી - નાહિયેર, **તા.૧/૨/૨૦૧૭**





તારાપુર મુકામે નૂતન મંદિર ખાતમૂર્હૂત પૂજન પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.નૌતમ સ્વામી, પૂ.સત્સંગભૂષણ સ્વામી, પૂ.ન્યાલકરણ સ્વામી, પૂ.ધર્મનંદન સ્વામી - સંઘાણા તથા સત્સંગ સમાજ તા.૧/૨/૨૦૧૭








લોયાધામ મુકામે પ.પૂ.સ.ગુ.શા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામીની પ્રેરણાથી દિવ્ય શાકોત્સવ એવં નૂતન મંદિર પ્રથમ સ્થંભ સ્થાપન વિધિ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા સંપ્રદાયના વડીલ સદ્ગુરૂ સંતો તા.૩/૨/૨૦૧૭




વડતાલધામ મુકામે સ.ગુ.શ્રી ગોપાળાનંદસ્વામીના આસને ૨૩૬ મા જન્મદિન પ્રસંગે કીર્તનભક્તિ - પ્રાગટ્યદિનની ઉજવણી કરતાં પૂ.નૌતમ સ્વામી, પૂ.મુની સ્વામી, પૂ.ઘનશ્યામ સ્વામી-સાળંગપુરવાળા, પૂ.ધર્મજીવન સ્વામી, પૂ.સરજુ સ્વામી, પૂ.શ્રીવલ્લભ સ્વામી વગેરે સંતો, પાર્ષદો એવં ભક્તો તા.૪/૨/૨૦૧૭


વડોદરા વાડી મંદિર મુકામે પ.પૂ.કો.શ્રી જગતપાવનદાસજી સ્વામી દ્વારા આયોજીત સ.ગુ.શ્રી ગોપાળાનંદ સ્વામીનો ૨૩૬ મો પાગટ્યોત્સવ તથા દિવ્ય શાકોત્સવ પ્રસંગે ઉપસ્થિત આ.કો.શ્રી સંત સ્વામી, વક્તાશ્રી પૂ.જયેન્દ્ર સ્વામી તથા પૂ.સંતો એવં સત્સંગ સમાજ તા.૪/૨/૨૦૧૭

RNI No. GUJ/GUJ/2010/38053. The Postal Regn. No. "G-KHDA-86/2017-18" Valid up to 31-12-2018. Posted From Vadtal Post Office. On 20th Date of every Month














**વડતાલધામ મુકામે દિવ્ય શાકોત્સવ દર્શન તથા નૂતન ભોજનાલયમાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી એવં સંતોની પધરામણી તા.૧૨/૧/૨૦૧૭**

## ॥ નિર્ણય ॥




શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ સંસ્થાન દ્વારા સંવત-૨૦૭૩-૭૪ના નવા નિર્ણય પ્રકાશિત થઈ રહ્યા છે. માટે તમામ હરિભક્તોએ વડતાલ મંદિરની ઓફિસમાં સંપર્ક કરવો.

## શ્રી હરિકૃષ્ણ ફુલસ્કેપ ચોપડા તથા નોટબુક




શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ સંસ્થાન દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે રાહતદરે ફુલસ્કેપ ચોપડા તથા નોટબુક પ્રકાશિત થઈ રહ્યા છે. માટે જે મંદિરો, શાળાઓ કે ગ્રુપમાં મંગાવવા ઈચ્છતા હોય તેમણે વડતાલ મંદિરની ઓફિસમાં સંપર્ક કરવો.

સંપર્ક :- ૦૨૬૮-૨૫૮૯૭૨૮/૭૭૬, મો. ૯૯૨૫૨૦૫૬૧૧ (પૂ.શ્યામવલ્લભ સ્વામી)